અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

22 FEBRUARY-2026 SUNDAY | Vol. : 17 | Issue : 231 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  NASAએ સ્વીકાર્યું- સુનીતાનું સ્પેસમાં ફસાવું જોખમી હતું : તેને કલ્પના ચાવલા સાથે થયેલા અકસ્માત જેવો માનવામાં આવ્યો; ઘટનાને ગંભીર કેટેગરીમાં મૂકવામાં આવી

4  દેશનું સૌથી મોટું સુરક્ષા દળ સરકાર સામે કોર્ટે ચઢ્યું

6  ટીમ ઈન્ડિયાના વધુ એક ક્રિકેટરના ડિવોર્સ : એનિવર્સરી પહેલાં રાહુલ ચહર-ઈશાની અલગ થયાં

7  1 એપ્રિલથી રોકડમાં ટોલ ચૂકવી શકાશે નહીં:ફાસ્ટેગ કે UPIથી જ થશે પેમેન્ટ, રોકડ વ્યવહાર સંપૂર્ણપણે બંધ કરવાની તૈયારી

### મોદીએ કહ્યું- 5 વર્ષમાં 20 અબજ ડોલરના વેપારનું લક્ષ્ય

# બ્રાઝિલના રાષ્ટ્રપતિએ પહેલગામ આતંકી હુમલાની નિંદા કરી : ભારત-બ્રાઝિલ વચ્ચે ક્રિટિકલ મિનરલ્સ સમજૂતી

**આ કરાર બંને દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીનો એક મુખ્ય ભાગ છે, જે ગ્લોબલ સપ્લાય ચેઇનમાં ચીનની નિર્ભરતા ઘટાડવા, ગ્રીન એનર્જી ટ્રાન્ઝિશનને ટેકો આપવા અને વિકાસશીલ દેશોના અવાજને મજબૂત કરવા પર કેન્દ્રિત છે**

**નવી દિલ્હી, તા.21**

બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા ડી સિલ્વા 18થી 22 ફેબ્રુઆરી સુધી ભારતની મુલાકાતે છે. આજે તેમણે પીએમ મોદી સાથે દ્વિપક્ષીય બેઠક કરી. બેઠક દરમિયાન લુલાએ 22 એપ્રિલ, 2025ના રોજ થયેલા પહેલગામ હુમલાની નિંદા કરી હતી. તેમણે કહ્યું, 'આતંકવાદ કોઈ ધર્મ કે રાષ્ટ્રીયતા સાથે જોડાયેલો નથી.' બીજી તરફ, ભારત અને બ્રાઝિલે ક્રિટિકલ મિનરલ્સ અને રેર અર્થ એલિમેંટ્સ પર કરાર પર હસ્તાક્ષર કર્યા છે. પીએમ મોદીએ કહ્યું હતું કે આ કરાર મજબૂત સપ્લાય ચેઈન બનાવવા તરફ એક મોટું પગલું છે. તેમણે કહ્યું હતું કે ભારત અને બ્રાઝિલ આગામી પાંચ વર્ષમાં દ્વિપક્ષીય વેપારને $20 બિલિયનથી વધુ સુધી લઈ જવા માટે પ્રતિબદ્ધ છે. ભારત-બ્રાઝિલ સંબંધોમાં આજે એક નવો અધ્યાય ઉમેરાયો છે. પીએમ મોદી અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ સિલ્વાએ દ્વિપક્ષીય વાટાઘાટો દરમિયાન એ મુદ્દાઓ પર હાથ મિલાવ્યા છે, જેનાથી બંને દેશોની અર્થવ્યવસ્થાને નવી ઉડાન મળશે. હૈદરાબાદ હાઉસ ખાતે પીએમ નરેન્દ્ર મોદી અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા દા સિલ્વાની હાજરીમાં ભારત-બ્રાઝિલ વચ્ચે ક્રિટિકલ મિનરલ્સ અને રેર અર્થ પર સમજૂતી થઈ.. પીએમ મોદી અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ સિલ્વાએ હૈદરાબાદ હાઉસ ખાતે સંયુક્ત નિવેદન આપ્યું હતું. પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે આ કરાર મજબૂત સપ્લાય ચેઈન બનાવવા તરફ એક મોટું પગલું છે. તેમણે કહ્યું હતું કે ભારત અને બ્રાઝિલ વચ્ચે ડિફેન્સક્ષેત્રમાં પણ સહયોગ સતત



વધી રહ્યો છે. આ બંને દેશો વચ્ચે પરસ્પર વિશ્વાસ અને વ્યૂહાત્મક સમજણનું સારું ઉદાહરણ છે. તેમણે ઉમેર્યું હતું કે આ પરસ્પર લાભદાયી ભાગીદારી વધુ મજબૂત બનશે. મોદીએ એમ પણ કહ્યું હતું કે આરોગ્ય અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રોમાં સહયોગની વિશાળ સંભાવનાઓ છે. ભારત બ્રાઝિલને સસ્તી અને સારી ગુણવત્તાવાળી દવાઓનો પુરવઠો વધારવા માટે કામ કરશે. PM મોદીએ કહ્યું, 'રાષ્ટ્રપતિ લુલા અને તેમના પ્રતિનિધિમંડળનું ભારતમાં સ્વાગત કરતાં મને આનંદ થાય છે. ભારત-બ્રાઝિલ સંબંધો લાંબા સમયથી રાષ્ટ્રપતિ લુલાના વિઝન અને પ્રેરણાદાયી નેતૃત્વથી લાભદાયી રહ્યા છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં મને તેમને ઘણી વખત મળવાની તક મળી છે અને દરેક મુલાકાતમાં મેં તેમની ગાઢ મિત્રતા અને ભારતમાં વિશ્વાસ અનુભવ્યો છે. 'રાષ્ટ્રપતિ લુલાની મુલાકાતે ઐતિહાસિક AI ઈમ્પેક્ટ સમિટની શોભા વધારી છે અને આપણી વ્યૂહાત્મક ભાગીદારીને ઊર્જા આપી છે. હું રાષ્ટ્રપતિનો તેમના મિત્રતા અને આપણા બંને દેશો વચ્ચેના સંબંધો પ્રત્યેની પ્રતિબદ્ધતા બદલ આભાર માનું છું.' બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા દા સિલ્વાનું રાષ્ટ્રપતિ ભવનમાં સ્વાગત કરવામાં આવ્યું છે. આ દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને PM નરેન્દ્ર મોદી પણ હાજર રહ્યા. બંને નેતા વચ્ચે દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે બેઠક મળી, જેમાં ઘણી વેપાર સમજૂતીઓ પર મહોર લાગી. આમાં ટ્રેડ ડીલ સહિત અનેક કરારોને અંતિમ સ્વરૂપ આપવાની સંભાવના છે. લુલા PM મોદીના આમંત્રણ પર ભારત આવ્યા છે. તેઓ 18-22 ફેબ્રુઆરી સુધી ભારતના રાજકીય પ્રવાસે છે. મોદી સાથે મુલાકાત બાદ 22 ફેબ્રુઆરીએ તેઓ સિઓલ (દક્ષિણ કોરિયા) જવા રવાના થશે. ભારત-બ્રાઝિલ સંબંધો પર લુલાએ કહ્યું હતું કે બંને દેશો વચ્ચેનો વેપાર માત્ર 15 અબજ ડોલર છે, જેને 30-40 અબજ સુધી વધારવો જોઈએ. તેઓ 260 બ્રાઝિલિયન ઉદ્યોગપતિઓ સાથે આવ્યા છે, જેથી અંતરિક્ષ, સંરક્ષણ, ફાર્મા જેવાં ક્ષેત્રોમાં ભાગીદારી થઈ શકે.

## અવિમુક્તેશ્વરાનંદ પર બાળકોના યૌન શોષણનો કેસ દાખલ થશે

**પ્રયાગરાજ કોર્ટે આદેશ આપ્યો; રામભદ્રાચાર્યના શિષ્યે કોર્ટમાં 2 પીડિત બાળકો રજૂ કર્યા**



**નવી દિલ્હી, તા.21**

શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી વિરુદ્ધ નાના બાળકોના યૌન શોષણની FIR નોંધવાના આદેશ શનિવારે પ્રયાગરાજની પોક્સો કોર્ટે આપ્યા. જગદ્ગુરુ રામભદ્રાચાર્યના શિષ્ય આશુતોષ બ્રહ્મચારી મહારાજે કોર્ટમાં 2 બાળકોને રજૂ કરીને આ આરોપો લગાવ્યા હતા. કેમેરા સામે કોર્ટમાં બાળકોના નિવેદનો નોંધાયા હતા. સ્પેશિયલ જજ પોક્સો એક્ટ વિનોદ કુમાર ચૌરસિયાની કોર્ટે પ્રયાગરાજ પોલીસ કમિશનરના તપાસ રિપોર્ટ બાદ કેસ નોંધવાના આદેશ જારી કર્યા. ફરિયાદી આશુતોષ બ્રહ્મચારીએ કહ્યું, 'અમે ઘરે ઘરે ભટકતા હતા. અમે પોલીસ પાસે જઈ રહ્યા હતા. અમારી વાત સાંભળવામાં આવી રહી ન હતી. તેથી જ અમે ન્યાયના મંદિરમાં આવ્યા. આજે, અમને લાગે છે કે ન્યાય હજુ પણ જીવંત છે. કોર્ટે આજે અમને ન્યાય આપ્યો છે. હું સ્પષ્ટપણે કહેવા માંગુ છું કે શિષ્યોનું જાતીય શોષણ થયું હતું અને સમલૈંગિક કૃત્યો કરવામાં આવ્યા હતા. કોર્ટે આ વાતની પુષ્ટિ કરી છે.' ડેપ્યુટી સીએમ અને અખિલેશ યાદવને પડકાર આશુતોષ બ્રહ્મચારીએ કહ્યું, 'હું અખિલેશ યાદવ અને ડેપ્યુટી સીએમને મારી સાથે પગપાળા ભ્રમણ માટે પડકાર આપું છું. હું વારાણસીના વિદ્યામઠ જઈ રહ્યો છું. જ્યાં તેઓ લીલા કરે છે. હું તેમને પંચમતલ બતાવવા માંગુ છું. જ્યાં તેમનો શીશ મહેલ છે. તેમની સખીઓ ત્યાં રહે છે. હું તેમના નામ પણ જાણું છું. આજથી હું ભ્રમણ શરૂ કરીશ. ન્યાય માટે અમે લોકો વચ્ચે ઘરે ઘરે જઈશું. સનાતન ધર્મની જીત સુનિશ્ચિત કરવા માટે, આવા ભ્રષ્ટ લોકોએ આવા હોદ્દા પર ન રહેવું જોઈએ.

# બનારસની હાથવણાટની સાડીઓ સેકન્ડોમાં જ થશે તૈયાર

**સુરતમાં SITEX Expoમાં વિશ્વનું સૌથી લાંબું રેપિયર મશીન લોન્ચ, એક માણસ એક દિવસમાં 120 સાડી બનાવશે**

**નવી દિલ્હી, તા.21**

સુરતના સરસાણા સ્થિત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન સેન્ટર ખાતે આયોજિત 'સીટેક્ષ-2026'માં ટેક્સટાઈલ જગતની કાયાપલટ કરી નાખે એવું અદભૂત મશીનનું લોન્ચ સિગ્નેચર કંપની દ્વારા કરવામાં આવ્યું છે. આપણે પરંપરાગત બનારસી સાડીના વણાટકામ સાથે સરખામણી કરીએ તો ભૂતકાળમાં બનારસમાં એક અત્યંત કુશળ વણકરને હાથેથી એક સાડી તૈયાર કરવામાં એકથી બે મહિનાનો સમય લાગતો હતો, પરંતુ સુરતમાં લોન્ચ થયેલું આ નવું હાઈસ્પીડ મશીન આ જટિલ કામને સેકન્ડોમાં ફેરવી દે છે. આ મશીન દ્વારા એક દિવસમાં 50થી 60 સાડીઓ તૈયાર કરી શકાય છે. ઐતિહાસિક રીતે જોઈએ તો બનારસમાં પરંપરાગત હાથવણાટ દ્વારા



એક સાડી તૈયાર કરવામાં કુશળ વણકરને 1થી 2 મહિના જેટલો લાંબો સમય લાગતો હતો, જોકે સુરતમાં લોન્ચ થયેલું આ નવું હાઈસ્પીડ મશીન આ જટિલ કામને અત્યંત સરળ બનાવે છે. આ મશીન દ્વારા હવે એક જ દિવસમાં 50થી 60 સાડીઓનું ઉત્પાદન શક્ય બન્યું છે. જો કોઈ ઓપરેટર આ મશીનનો પૂરેપૂરો ઉપયોગ કરે તો તે દિવસ દરમિયાન અંદાજે 120 સાડીનું આઉટપુટ મેળવી શકે છે. આ પરિવર્તન મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં અત્યારસુધીનું સૌથી મોટું કદમ માનવામાં આવે છે. આ પ્રદર્શનનું મુખ્ય આકર્ષણ 490 સેન્ટિમીટર (અંદાજે 4.80 મીટર)ની અસાધારણ પહોળાઈ ધરાવતું વિશ્વનું પ્રથમ 'ફોર-પેનલ' હાઈસ્પીડ રેપિયર જેકાર્ડ મશીન છે. એની આટલી વિશાળ લંબાઈ એને વિશ્વનું સૌથી લાંબું અને કાર્યક્ષમ રેપિયર મશીન બનાવે છે. આ મશીન ખાસ કરીને જટિલ જેકાર્ડ ડિઝાઈનિંગ માટે બનાવવામાં આવ્યું છે, જે ટેક્સટાઈલ માર્કેટમાં નવા આયામો સર કરશે. ટેક્સટાઈલ મશીનરીના ઈતિહાસ પર નજર કરીએ તો વર્ષ 2009-10માં સુરતમાં 2 પનાવાળું મશીન આવ્યું હતું. ત્યાર બાદ વર્ષ 2015માં 3 પનાવાળું મશીન બજારમાં આવ્યું, જે હાલમાં વૈશ્વિક સ્તરે પ્રચલિત છે. પરંતુ 2026ના આ SITEX Expoમાં પ્રથમ વખત 4 પનાવાળું મશીન લોન્ચ થયું છે. આનો અર્થ એ છે કે મશીન ચાલતી વખતે એકસાથે 4 અલગ-અલગ સાડીઓ વણી શકે છે. આ મશીન મુખ્યત્વે 'જેકાર્ડ સાડી' બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. જેકાર્ડ કાપડ તેની અટપટી અને સુંદર વણાટ માટે જાણીતું છે. સામાન્ય રીતે જેકાર્ડ વર્ક કરવામાં ઘણો સમય અને મહેનત લાગે છે, પરંતુ આ હાઈસ્પીડ મશીન જટિલ ડિઝાઈનોને પણ ખૂબ જ સફાઈ અને ઝડપથી કાપડ પર ઉતારે છે. આ મશીનથી બનેલી સાડીઓની ફિનિશિંગ આંતરરાષ્ટ્રીય સ્તરની જોવા મળી રહી છે. આ ક્રાંતિકારી મશીનનું નિર્માણ ચીનમાં કરવામાં આવ્યું છે અને ત્યાંથી ખાસ સુરતના ઉદ્યોગકારો માટે આયાત કરવામાં આવ્યું છે. ભારતીય ટેક્સટાઈલ માર્કેટમાં અદ્યતન ટેકનોલોજીનો સ્વીકાર હંમેશાં ઝડપી રહ્યો છે. અંદાજે 50 લાખ રૂપિયાની કિંમત ધરાવતું આ મશીન (રેપિયર અને જેકાર્ડ યુનિટ સાથે) તેની ઉત્પાદન ક્ષમતા સામે લાંબા ગાળે અત્યંત ફાયદાકારક રોકાણ સાબિત થશે.

## અજિત પવારના ભત્રીજાનો આરોપ- પ્લેન ક્રેશ મોટું ષડયંત્ર : અકસ્માત સમયે ઘણા વિસ્ફોટ થયા હતા, વિમાનમાં પેટ્રોલના ડબ્બા રાખવામાં આવ્યા હતા

**નવી દિલ્હી, તા.21**

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર જૂથ)ના ધારાસભ્ય રોહિત પવારે શનિવારે અજિત પવાર પ્લેન ક્રેશ પર ફરી સવાલો ઉઠાવ્યા છે. તેમણે દિલ્હીમાં એક પ્રેસ-કોન્ફરન્સમાં સ્ક્રીન પર ડેટા અને ફોટા બતાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે બ્લેક બોક્સને લઈને શંકા વ્યક્ત કરવામાં આવી રહી હતી. તેમના મતે દુર્ઘટના સમયે માત્ર એક જ ધડાકો થયો નહોતો, પરંતુ ઘણા ધડાકા થયા હતા. વિમાનમાં સામાન રાખવાની જગ્યાએ વધારાના પેટ્રોલના ડબ્બા રાખવામાં આવ્યા હતા, જેના કારણે આગ ભભૂકી હતી. તમામ પાસાંની ઊંડાણપૂર્વક તપાસ થવી જોઈએ. તેમણે કહ્યું હતું કે જો ષડયંત્રની વાત કરીએ તો એ બે પ્રકારનું હોઈ શકે છે, રાજકીય અથવા વ્યાવસાયિક. હજુ એ શોધવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે આ મામલામાં કયા



પ્રકારનું ષડયંત્ર સામેલ છે. મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અજિત પવારનું 28 જાન્યુઆરીએ બારામતીમાં પ્લેન ક્રેશમાં મૃત્યુ થયું હતું. આ પ્લેન VSR કંપનીનું હતું. રોહિતે સવાલ કર્યો કે કંપનીના માલિક વી.કે. સિંહનો પુત્ર રોહિત સિંહ ક્રેશ પછી અમેરિકા કેમ ભાગી ગયો. તેને પૂછપરછ માટે કેમ રોકવામાં ન આવ્યો?' આગમાં બ્લેક બોક્સને નુકસાન થયું હતું, પરંતુ જરૂરી બે કલાકની સરખામણીમાં ફક્ત 30 મિનિટનું જ રેકોર્ડ હતું. વિમાનનું મેન્ટેનન્સ નબળું હતું અને એન્જિન જૂનાં હતાં. આ ઉપરાંત જ્યારે વિઝિબિલિટી ઓછી હતી ત્યારે તેણે કેમ ઉડાન ભરી? એ મુંબઈ પાછું કેમ ન ફર્યું?

રોહિતે આરોપ લગાવ્યો છે કે અજિત પવાર પ્લેન ક્રેશના મામલાને કેટલાક લોકો દબાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખ્યો છે. હું તમને કેન્દ્રીય નાગરિક ઉડ્ડયનમંત્રી રામ મોહન નાયડુના મામલામાં તાત્કાલિક કાર્યવાહી કરવા વિનંતી કરું છું. કંપની VSR અને તેમની પાર્ટી વચ્ચેના સંબંધોને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. આ સંબંધોની તપાસ કોઈ સ્વતંત્ર અને નિષ્પક્ષ એજન્સી દ્વારા કરાવવી જોઈએ.



# અમદાવાદમાં નંબર પ્લેટ વિનાના ડમ્પરે યુવકને કચડી નાખ્યો : રોડ પર લોહીનો રેલો ચાલ્યો

## રોષે ભરાયેલા લોકોએ કહ્યું, રજૂઆત બાદ પણ ભારે વાહન પસાર થાય છે

**અમદાવાદ, તા.21**



અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં ડમ્પરની ટક્કરે એક નિર્દોષ યુવકનો જીવ ગયો છે. 21 ફેબ્રુઆરીને શનિવારે વહેલી સવારે યમદૂત બનીને આવેલા ડમ્પરે 22 વર્ષના મોપેડ રહીને જઈ રહેલા યુવકને ટક્કર મારતાં યુવકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી, જેથી યુવકનું સ્થળ પર જ મોત થયું હતું. અકસ્માત થતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. બનાવ અંગે જાણ થતાં એમ ડિવિઝન ટ્રાફિક-પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે. ફતેવાડી વિસ્તારમાં રહેતો મુસ્તકીમ નામનો 22 વર્ષનો યુવક સવારના સમયે મોપેડ લઈને જુહાપુરાના રોયલ અકબર ટાવર પાસેથી જઈ રહ્યો હતો ત્યારે પાછળથી પૂર ઝડપે નંબરપ્લેટ વિનાનું ડમ્પર આવી રહ્યું હતું. આ ડમ્પરે મુસ્તકીમને ટક્કર મારી હતી. ટક્કર વાગતાં મુસ્તકીમ જમીન પર પટકાયો હતો, જેના કારણે તેને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ભારે વાહનો જુહાપુરા જેવા ગીચ વિસ્તારમાંથી પસાર થતાં સ્થાનિકોમાં રોષ

ગંભીર ઈજાઓને કારણે મુસ્તકીમનું સ્થળ પર જ મોત થયું હતું. અકસ્માત થતાં આસપાસના સ્થાનિકો ભેગા થઈ ગયા હતા. તપાસ કરતાં ડમ્પરના આગળ અને પાછળના ભાગે કોઈ નંબરપ્લેટ લાગેલી નહોતી. દિવસ દરમિયાન ભારે વાહનો જુહાપુરા જેવા ગીચ વિસ્તારમાંથી પસાર થતાં સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોનું કહેવું છે કે અગાઉ પણ રજૂઆત કરી હતી છતાં પણ દિવસ દરમિયાન ભારે વાહનોને પસાર થવા દેવામાં આવે છે, એના કારણે જ આ અકસ્માત થયો છે.

ડમ્પરચાલક વિરુદ્ધ ગુનો દાખલ

બનાવની જાણ થતાં એમ ડિવિઝન ટ્રાફિક-પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસે યુવકનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી ડમ્પરચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા ડમ્પરને શહેરમાં નો એન્ટ્રીમાં આવવાની પરમિશન હતી કે નહીં? એ બાબતની તપાસ કરવામાં આવશે.

પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી ચાલક સામે ગુનો નોંધ્યો.

શહેરમાં પાંચ વર્ષમાં ટ્રક કે ડમ્પરથી 81 અકસ્માતમાં 44નાં મોત

અમદાવાદમાં પાંચ વર્ષમાં ટ્રક કે ડમ્પરના 81 અકસ્માત નોંધાયા છે. એમાં 44 લોકોએ જીવ ગુમાવ્યા છે. રોડ એક્સિડન્ટ ઈન ઈન્ડિયા રિપોર્ટ મુજબ, 2019થી 2023 દરમિયાન અમદાવાદમાં ટ્રક કે ડમ્પર દ્વારા થયેલા અકસ્માતમાં 23 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી હતી. આ ઉપરાંત 43 લોકો પણ ઈજાગ્રસ્ત થયા હતા. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી દિવસે નો-એન્ટ્રી હોવા છતાં ડમ્પરો બેફામ ફરતાં હોય છે. અમદાવાદમાં પાંચ વર્ષમાં ટ્રક કે ડમ્પરના 81 અકસ્માત નોંધાયા છે. એમાં 44 લોકોએ જીવ ગુમાવ્યા છે. રોડ એક્સિડન્ટ ઈન ઈન્ડિયા રિપોર્ટ મુજબ, 2019થી 2023 દરમિયાન અમદાવાદમાં ટ્રક કે ડમ્પર દ્વારા થયેલા અકસ્માતમાં 23 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી હતી. આ ઉપરાંત 43 લોકો પણ ઈજાગ્રસ્ત થયા હતા. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી દિવસે નો-એન્ટ્રી હોવા છતાં ડમ્પરો બેફામ ફરતાં હોય છે. અમદાવાદમાં પાંચ વર્ષમાં ટ્રક કે ડમ્પરના 81 અકસ્માત નોંધાયા છે. એમાં 44 લોકોએ જીવ ગુમાવ્યા છે. રોડ એક્સિડન્ટ ઈન ઈન્ડિયા રિપોર્ટ મુજબ, 2019થી 2023 દરમિયાન અમદાવાદમાં ટ્રક કે ડમ્પર દ્વારા થયેલા અકસ્માતમાં 23 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી હતી. આ ઉપરાંત 43 લોકો પણ ઈજાગ્રસ્ત થયા હતા. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી દિવસે નો-એન્ટ્રી હોવા છતાં ડમ્પરો બેફામ ફરતાં હોય છે.

18મી ડિસેમ્બરે મોડીરાત્રે એક ડમ્પરચાલક બેફામ બન્યો હતો. આ બેફામ ડમ્પરચાલકે વ્યાસવાડીથી પકવાન સુધી રસ્તો બાનમાં લીધો હતો. શહેરના પકવાન ચાર રસ્તા પાસે ડમ્પરચાલકે બેથી ત્રણ વાહનને ટક્કર મારી હતી, જેમાં બે લોકોને ઈજા થઈ હતી. સ્થાનિક લોકોનાં ટોળાં ભેગાં થઈ ગયાં હતાં અને ડ્રાઈવરને ઉતારીને ઢોરમાર મારવામાં આવ્યો હતો.

# લગ્નમાં ડીજે મોટેથી વગાડવા બાબતે પથ્થરમારો, અમદાવાદના પાર્ટી પ્લોટમાં બે જૂથ વચ્ચે ઝપાઝપી

## વાહનોમાં તોડફોડ; પોલીસ સ્ટેશનમાં VHPનાં ધરણાં

**અમદાવાદ, તા.21**



અમદાવાદના સરસપુરના વંદે માતરમ્ પાર્ટી પ્લોટમાં ગઈકાલે (20 ફેબ્રુઆરી) રાત્રે લગ્નપ્રસંગમાં ગીતો વાગતાં આસપાસના લોકો પહોંચ્યા હતા અને ગીતો બંધ કરવાનું કહીને ઝપાઝપી કરી હતી. આ દરમિયાન બંને પક્ષે સામસામે મારામારી થઈ હતી. મામલો ઉગ્ર બનતાં પથ્થરમારો થયો હતો. પોલીસે બંને પક્ષે સામે ફરિયાદ નોંધી 7 આરોપીની અટકાયત પણ કરી હતી. તો બીજી તરફ આજે પોલીસ સ્ટેશનમાં પરિવારના સભ્યો અને VHPના કાર્યકરો ધરણાં પર બેઠા છે. મહિલાઓએ હાથમાં પોલીસ હાય હાયના બેનર સાથે વિરોધ કર્યો હતો. સરસપુરમાં આવેલા વંદે માતરમ્ પાર્ટી પ્લોટમાં ગઈકાલે રાત્રે 11:30 વાગ્યાની આસપાસ યુવતીના લગ્ન હતા, જેમાં ઊંચા અવાજે ડીજે વાગી રહ્યું હતું. ત્યારે આસપાસના સ્થાનિકો પૈકી કેટલાક લોકો પાર્ટી પ્લોટ બહાર આવ્યા હતા અને ધીમે ગીતો વગાડવા કહ્યું હતું. જે બાબતે બંને જૂથના લોકો વચ્ચે ઝપાઝપી થઈ હતી. ઉશ્કેરાયેલા ટોળાએ મારામારી કરી પાર્ટી પ્લોટની બહાર પડેલાં વાહનોમાં તોડફોડ કરી હતી. મામલો વધુ ઉગ્ર બનતાં કેટલાક લોકોએ પથ્થરમારો પણ કર્યો હતો. સ્થાનિકોના જણાવ્યા અનુસાર કેટલાક લોકો તલવાર લઈને પણ ત્યાં પહોંચ્યા હતા. દરમિયાન જાણ થતાં શહેરકોટડા પોલીસે ઘટનાસ્થળે પહોંચી મામલો થાળે પાડ્યો હતો. પોલીસે બંને પક્ષની સામસામે ફરિયાદ નોંધી 7 આરોપીની અટકાયત પણ કરી હતી. 29 ડિસેમ્બર, 2025ની મોડીરાત્રે સાણંદ તાલુકાના કલાણા ગામમાં જૂની અદાવતને પગલે બે જૂથના ટોળા વચ્ચે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. સોમવાર રાત્રિના પથ્થરમારાની ઘટના બાદ મામલો શાંત પડ્યો હતો, પરંતુ મંગળવારે સવારે ફરી બંને જૂથો આમનેસામને આવી જતાં પથ્થરમારો શરૂ થતાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી. પથ્થરમારામાં અનેક ગાડીઓના કાચ તૂટી ગયા હતા અને રસ્તાઓ પર ઈંટોના ટુકડાઓનો ખડકલો જોવા મળ્યો હતો. ઘટનાની ગંભીરતા જોતાં SP અને DySP સહિતનો મોટો પોલીસકાફલો ગામમાં ઉતારી દેવામાં આવ્યો હતો.

# બોર્ડ બેઠકમાં ઘટસ્ફોટ : બીઆરટીએસની 350માંથી રોજ 60 બસ ખોટકાય છે, 5 વર્ષમાં 80 હજાર બસનું બ્રેકડાઉન

**અમદાવાદ, તા.21**



બીઆરટીએસની 79262 બસનું છેલ્લાં પાંચ વર્ષમાં બ્રેકડાઉન થયું છે. આટલી મોટી સંખ્યામાં બસોનું બ્રેકડાઉન થઈ રહ્યું હોવાનો મુદ્દો મ્યુનિ. બજેટ બોર્ડની બેઠકમાં ઉઠતાં તમામ લોકો ચોંકી ગયા હતા કે, આ આંકોડો સાચો છે?

એક તબક્કે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેને પણ એવું કહ્યું કે, આંકડામાં કોઈ ભૂલ હોઈ શકે. જોકે કમિશનરે આ મામલે બીઆરટીએસ વિભાગ સંભાળતા ડીવાયએમસી અમૃતેશ ઔરંગાબાદકરને પૂછતાં તેમણે કહ્યું કે,આ આંકડો સાચો છે.

મ્યુનિ. સંચાલિત બીઆરટીએસ સ્વાયત્ત કંપની બનાવાઈ છે ત્યારે 2021થી 2025 સુધી 9 હજારથી લઈને 20 હજાર સુધી બસો ખોટકાઈ છે તેમ વિરોધપક્ષના નેતા શાહેજાદખાન પઠાણે જણાવ્યું હતું. મ્યુનિ.એ આઈકોનિક કામો માટે ઝોન પ્રમાણે 1112.65 કરોડ પૈકી પશ્ચિમના 18 વોર્ડ માટે રૂ. 602,11 કરોડ જ્યારે પૂર્વના 30 વોર્ડ વચ્ચે રૂ. 510.54 કરોડનો ખર્ચ દર્શાવ્યો છે. શહેરનું કુલ ક્ષેત્રફળ 480.88 ચો.કિમી. છે. જેમાં પૂર્વનો 247.45 ચો.કિમી છે જ્યારે શહેરની 65 ટકા કરતાં વધારે વસતી આ વિસ્તારોમાં રહે છે. બીઆરટીએસ પાસે 350 બસો છે. જે 18 રૂટ પર અત્યારે 50 હજાર કિમી કરતાં વધારે દોડે છે. બીઆરટીએસ દ્વારા વિવિધ એજન્સીઓને બસ દોડાવવા માટે પ્રતિ કિમી રૂ. 52થી લઈને રૂ. 61 ચૂકવાય છે. જ્યારે બ્રેકડાઉન થાય ત્યારે તંત્ર દ્વારા સંબંધિત એજન્સીને દંડ પણ કરવામાં આવે છે. બ્રેકડાઉનમાં માત્ર બસ બગડે તેટલું જ નહિ પણ મોડી ઊપડે, નિયત સમયમાં ચાર્જિંગ ન થાય, સમયસર નિયત સ્થળે ન પહોંચે તેનો પણ સમાવેશ થાય છે.

# ધો-10નાં ગણિત-વિજ્ઞાનનાં પેપર માટે ગુરુમંત્ર : આટલું કરી લો... 75% માર્ક્સ ક્યાંય નહીં જાય

**અમદાવાદ, તા.21**



ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષા 26 ફેબ્રુઆરીથી શરૂ થઈ રહી છે. ધોરણ 10માં સૌથી અઘરા લાગતા વિષયો ગણિત અને વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓએ કેવી રીતે તૈયારી કરવી એ અંગે દિવ્ય ભાસ્કરે વિષય નિષ્ણાત સાથે વાત કરી હતી. નિષ્ણાત શિક્ષકોએ અંતિમ સમયમાં કેવી રીતે તૈયારી કરવી એની ટિપ્સ આપતાં કહ્યું હતું કે આટલું કરી લો 75% માર્ક્સ ક્યાંય નહીં જાય. વિજ્ઞાન વિષયના નિષ્ણાત શિક્ષક અજય ગમારાએ જણાવ્યું હતું કે વિજ્ઞાન એક સાયન્ટિફિક સબ્જેક્ટ છે, જેમાં ઓછી મહેનતથી વધુ સ્કોર લાવવો ખૂબ જ સરળ છે. આ માટે વિદ્યાર્થીઓ માટે બ્લૂ-પ્રિન્ટના એનાલિસિસ અગત્યની બાબત છે. જ્યારે સેક્શન અનુસાર સેક્શન A: 24 માર્ક્સ, સેક્શન B: 18 માર્ક્સ, સેક્શન C: 18 માર્ક્સ, સેક્શન D: 20 માર્ક્સ માટે પુછાય છે. તેમણે વધુમાં કહ્યું હતું કે આ સેક્શન અનુસાર ખાસ વધુ માર્ક્સ વિદ્યાર્થીઓ મેળવી શકે એ માટે ખાસ કરીને વિજ્ઞાનની અંદર ચેપ્ટર નંબર 2, 3, 5, 7, 10, 12 અને 13 પર વિદ્યાર્થીઓ ધ્યાન આપે તો 75 ટકા સુધી માર્ક્સ મેળવી શકે છે. હાલના સમયમાં ગુજરાત બોર્ડ દ્વારા જનરલ ઓપ્શન કેટેગરી આપવામાં આવી છે, જેનો સંપૂર્ણ લાભ ઉઠાવીને વિદ્યાર્થી ઓછા ચેપ્ટરમાં પણ વધુ સારોએવો સ્કોર લાવી શકે છે.

તેમણે આગળ જણાવ્યું હતું કે ઓછી મહેનત કરી હોય અથવા મધ્યમ કક્ષાના વિદ્યાર્થીઓ માત્ર ચેપ્ટર નંબર 2, 3, 5, 10 અને 13 એમ પાંચ ચેપ્ટરની તૈયારી કરીને 50 ટકાથી વધુ માર્ક્સ મેળવી શકે છે. આ વર્ષે યોજાનારી બોર્ડની પરીક્ષામાં પેપર મધ્યમથી લઈ અઘરું આવી શકે છે. ધોરણ 10માં વિજ્ઞાન સાથે સૌથી અઘરો લાગતો વિષય ગણિત છે. ગણિતમાં બેઝિક અને સ્ટાન્ડર્ડ ગણિત આવે છે. વિષય નિષ્ણાત સંદીપ પાઠકે જણાવ્યું હતું કે જે વિદ્યાર્થીઓએ એન્જિનિયરિંગ કરવું હોય તેમના માટે સ્ટાન્ડર્ડ ગણિત હોય છે, જેનું લેવલ થોડું અઘરું હોય છે. જે વિદ્યાર્થીઓએ કોમર્સ કે બાયોલોજી જેવા વિષયનો અભ્યાસ કરવો છે તેઓ માટે બેઝિક ગણિત હોય છે. ત્યારે નિષ્ણાતે બેઝિક ગણિત લેનારા વિદ્યાર્થીઓ માટે ખાસ ટિપ્સ આપી હતી. તેમણે કહ્યું હતું કે પહેલા વિદ્યાર્થીઓએ આંકડાશાસ્ત્ર ખાસ તૈયાર કરવાનું છે, જેમાં ચાર ક્રિયા અને ત્રણ સૂત્રો આવે છે. એમાં ભાગાકાર, ગુણાકાર, સરવાળો અને બાદબાકી તથા મધ્યક, મધ્યસ્થ અને બહુલકની ખાસ તૈયારી કરો એટલે 16 માર્કનું પુછાય છે.

# બજેટ બેઠકમાં સ્લોટર હાઉસનો મુદ્દો ગરમાયો : ભાજપ-વિપક્ષ આમને સામને; સીલ કરાયેલા PG મુદ્દે કોર્પોરેશનની ઓફિસે યુથ કોંગ્રેસનો હલ્લાબોલ

**અમદાવાદ, તા.21**



રાજ્યની સૌથી મોટી મહાનગરપાલિકા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વર્ષ 2026-27ના ઐતિહાસિક રૂ. 18,518 કરોડના વાર્ષિક બજેટને મેયર પ્રતિભા જૈન દ્વારા બહુમતીથી પસાર કરવામાં આવ્યું હતું. વિપક્ષ દ્વારા જે સુધારા મૂકવામાં આવ્યા હતા, તેને ફગાવી દઈ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દ્વારા મુકાયેલું બજેટ મંજૂર કરવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની દ્વારા બજેટમાં મૂકવામાં આવેલા વિવાદાસ્પદ સ્લોટર હાઉસનો મુદ્દો બજેટ બેઠકમાં ઉછળ્યો હતો અને ભાજપ-વિપક્ષ આ મામલે આમને સામને આવી ગયા હતા.

તો અમદાવાદ શહેર યુવક કોંગ્રેસ પ્રમુખ ઈમરાન સંધી અને ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ મહામંત્રી અર્થ અમીન સહિત યુવક કોંગ્રેસના કાર્યકર્તાઓ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સીલ મારવામાં આવેલા પીજી મુદ્દે મોડી રાત્રે દાણાપીઠ ખાતે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચાલી રહેલી બજેટની સભામાં ઉગ્ર રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા. જોકે સિક્યુરિટી દ્વારા તેઓને અટકાવવામાં આવ્યા હતા. દાણાપીઠ ખાતે મહાત્મા ગાંધી હોલની બહાર યુવક કોંગ્રેસ દ્વારા સૂત્રોચાર કરવામાં આવ્યા હતા. સિક્યુરિટી દ્વારા તેમને પ્રવેશ આપવામાં આવ્યો નહીં. બાદમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે મળવાની ખાતરી આપી હતી અને આ બાબતે યોગ્ય નિરાકરણ લાવવા માટે પીજી સંચાલકો સાથે વાતચીત કરશે એવું કહ્યું હતું. મક્તમપુરા વોર્ડના AIMIMના મહિલા કોર્પોરેટર જૈનબ બીબીએ જમાલપુર અને મીરઝાપુરમાં સ્લોટર હાઉસ બનાવવાની માંગણી કરી હતી. જેનો ભાજપના કોર્પોરેટરો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. ભાજપના કોર્પોરેટરોએ 'સ્લોટર હાઉસ નહીં બને, નહીં બને' એવા નારા લગાવ્યા હતા. ભાજપ અને કોંગ્રેસના કોર્પોરેટરો આમને-સામને આવી ગયા હતા. મેયર પ્રતિભા જૈન દ્વારા સ્લોટર હાઉસ બનાવવાનું કામ મંજૂર નહીં થાય એવી ડાયસ પરથી સ્પષ્ટતા કરી દીધી હતી. મક્તમપુરા વોર્ડના AIMIMના મહિલા કોર્પોરેટર જૈનબ બીબી શેખ દ્વારા બજેટ સભામાં રજૂઆત કરવામાં આવી હતી કે વિશ્વમાં મટન નિકાસમાં ભારતનો 1થી 5માં નંબર આવે છે. જમાલપુર વિસ્તારમાં આવેલું સ્લોટર હાઉસ 103 વર્ષ જૂનું છે અને ત્યાં બિનઆરોગ્યપ્રદ (અનહાઈજેનિક) કન્ડિશન હોય છે, ત્યારે નવું સ્લોટર હાઉસ બનાવવા માટેની દરખાસ્ત મૂકવામાં આવી હતી.

# 'ભાજપના શાસનમાં જ દેવાંગભાઈના લગ્ન થતાં નથી' : 'હેપ્પી વેલેન્ટાઇન ડે આઈ લવ યુ', નેતા વિપક્ષની કોમેન્ટથી હાસ્યનું મોજું ફરી વળ્યું

**અમદાવાદ, તા.21**



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની બજેટ લક્ષી બેઠકનો આજે 20 ફેબ્રુઆરીના બીજો દિવસ છે. બેઠકના બીજા દિવસે મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દ્વારા મુકાયેલા રૂપિયા 18,518 કરોડના સામાન્ય બજેટ ઉપર ચર્ચા શરૂ થઈ છે. વર્ષ 2026-27ના અમદાવાદ શહેરના બજેટ પર ચર્ચાની શરૂઆત સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ કરી હતી. બજેટ બેઠકની ચર્ચાની શરૂઆત જ હસી-ખુશી સાથે શરૂ થઈ હતી. શહેરીજનો માટે કરેલા વિકાસ કાર્યો અને આવનારા વર્ષમાં થનારા વિકાસ કાર્યો જણાવતા હતાં, જેમાં દેવાંગ દાણીએ કહ્યું હતું કે, શહેરીજનોને નર્મદાનું પાણી પૂરું પાડવામાં આવે છે. એક સમયે કોંગ્રેસનું શાસન હતું.જેમાં લોક કહેવત હતી કે 'છોકરીને બંદૂકે દેજો પરંતુ ધંધુકે દેજો નહીં' એવી દીકરીઓના લગ્નની વાત કરી હતી. જેથી વિપક્ષના નેતા શહેઝાદ ખાન પઠાણ ઊભા થઈ અને તમે કોંગ્રેસની વાતો કરો છો. પરંતુ ભાજપના શાસનમાં તો તમારી જ એટલે કે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગભાઈ દાણીના જ લગ્ન થતા નથી, ગયા વર્ષના બજેટ બેઠકમાં પણ મેં તમને કહ્યું હતું કે જો હજી પણ લગ્ન નથી કર્યા તો 'હેપ્પી વેલેન્ટાઈન ડે આઈ લવ યુ'.. એવું કહ્યું હતું. જેથી આખા હાઉસમાં ભાજપ અને કોંગ્રેસના નેતાઓ ખડખડાટ હસી પડ્યા હતા. મેયર પ્રતિભા જૈન ડેપ્યુટી મેયર જતીન પટેલ અને મ્યુનિસિપલ કમિશનર સહિતના અધિકારીઓ અને કોર્પોરેટરોમાં ભારે હાસ્ય ફેલાયું હતું. બેઠકના બીજા દિવસે મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દ્વારા મુકાયેલા રૂપિયા 18,518 કરોડના સામાન્ય બજેટ ઉપર ચર્ચા શરૂ થઈ હતી.

# AMC સ્કૂલના મધ્યાહ્ન ભોજનમાંથી સુખડી-રોટલીના નમૂના લેવાયા:બોપલ લક્ષ્મી ગાંઠિયા રથ સહિત વિવિધ હોટલ-રેસ્ટોરન્ટ-દુકાનમાંથી 42 ખાદ્ય ચીજવસ્તુના નમૂના લેવાયા

**અમદાવાદ, તા.21**



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાંથી ખાદ્ય પદાર્થની ચીજવસ્તુના નમૂના લેવામાં આવ્યા હતા. કુલ 42 જેટલા નમુના લઈ લેબોરેટરીમાં તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે. શહેરના જમાલપુર વિસ્તારમાં આવેલી મ્યુનિસિપલ કોર્પોરેશનની બે સ્કૂલોમાંથી મધ્યાહન ભોજનમાં આપવામાં આવતી સુખડી અને રોટલીના નમૂના પણ લેવામાં આવ્યા છે. લાંભામાં સ્ત્રી શક્તિ સંસ્થાના સેન્ટ્રલ કિચનમાંથી રોટલી, શાક, ચણા વગેરેના નમૂના લેવાયા છે.

AMC કોર્પોરેશનના ફૂડ વિભાગની ટીમ દ્વારા આજે(20 ફેબ્રુઆરી) શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી હોટલ-રેસ્ટોરન્ટ તેમજ મધ્યાહન ભોજન સહિત દુકાનમાંથી ખાદ્ય પદાર્થની ચીજ વસ્તુના નમૂના લેવામાં આવ્યા હતા. બોપલ લક્ષ્મી ગાંઠિયા રથમાંથી ખમણ, ફાફડા, ગાંઠિયા, પાલડી કૃષ્ણ વિજય હોટલમાંથી જલેબી અને મેથીના ભજીયા, સરખેજની હોટલ સાગરમાંથી ગ્રેવી અને મરચું પાવડર, આંબાવાડીમાં શેઠમલ જેઠાજીમાંથી સેવ અને પાસ્તા, રાયખડ વિસ્તારમાં રજાલા હોસ્પિટલ પાસે આવેલી ભારત પકોડીમાંથી પાણીપુરીનો માવો અને પાણી વગેરે એમ કુલ 42 સેમ્પલ લઈને લેબોરેટરીમાં મોકલાયા હતા.

વેજલપુર જય ભવાની ભોજનાલય, રાયખડ ભારત પકોડી હાઉસ, સેટેલાઈટ વિસ્તારમાં આવેલી માં કી રસોઈ, બોપલ રોડ પર આવેલા ધ બેસ્ટ ઓફ એગ્સ વગેરે પાસેથી વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો છે. હજાર રૂપિયાનો વહીવટી ચાર્જ કરવામાં આવ્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં મીઠાઈ, બેકરી પ્રોડક્ટસ અને ખાદ્ય પદાર્થ ચીજ વસ્તુઓની દુકાન તેમજ હોટલ રેસ્ટોરન્ટ વગેરે જગ્યાએ ચેકિંગ હાથ ધરવામાં આવશે.

# જમીન પચાવી ખોટી રીતે વીજ કનેક્શન મેળવ્યું : બીજાની જમીન પર AMCના બનાવટી ટેક્સ બિલના આધારે વીજ કનેક્શન મેળવ્યું

**અમદાવાદ, તા.21**




ઓગણજ વિસ્તારમાં આવેલી એક વ્યક્તિની જમીન એક શખસે પચાવી પાડી છે. આ જમીન પચાવી આરોપીએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બનાવટી ટેક્સ બિલના આધારે ઉત્તર ગુજરાત વીજ કંપનીમાંથી ખોટી રીતે વીજળીનું કનેક્શન પણ મેળવ્યું છે. આ અંગે જમીન માલિકે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

રમેશ દેસાઈએ રમેશભાઈ ભરવાડની માલિકીની જગ્યા પચાવી પાડી

વટવામાં રહેતા રમેશભાઈ ભરવાડે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેઓ ટ્રેક્ટર કોન્ટ્રાક્ટ પર ચલાવે છે. જુલાઈ, 2025ના રોજ તેમણે ઓગણજમાં એક જમીન લીધી હતી, જેનો દસ્તાવેજ પણ કરાવ્યો હતો. જોકે, આ જમીન રમેશ દેસાઈ નામના ચાણક્યપુરીના વ્યક્તિએ પચાવી પાડી હતી. જે અંગે હાલ કાર્યવાહી ચાલી રહી છે. રમેશ દેસાઈએ રમેશભાઈ ભરવાડની માલિકીની જગ્યામાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડમાંથી વીજ કનેક્શન મેળવ્યું છે.

રમેશભાઈ ભરવાડે કંપનીમાં જઈને તપાસ કરતા દસ્તાવેજી પુરાવા રૂપે રમેશ દેસાઈએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું એક બનાવટી ટેક્સ બિલ મૂક્યું હતું જેના આધારે વીજ કનેક્શન મેળવ્યું છે.ખોટા ટેક્સ બિલના પુરાવા સાથે રમેશભાઈ ભરવાડે રમેશ દેસાઈ વિરુદ્ધ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે. રમેશભાઈ ભરવાડે કંપનીમાં જઈને તપાસ કરતા દસ્તાવેજી પુરાવા રૂપે રમેશ દેસાઈએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું એક બનાવટી ટેક્સ બિલ મૂક્યું હતું જેના આધારે વીજ કનેક્શન મેળવ્યું છે.ખોટા ટેક્સ બિલના પુરાવા સાથે રમેશભાઈ ભરવાડે રમેશ દેસાઈ વિરુદ્ધ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# NASAએ સ્વીકાર્યું- સુનીતાનું સ્પેસમાં ફસાવું જોખમી હતું : તેને કલ્પના ચાવલા સાથે થયેલા અકસ્માત જેવો માનવામાં આવ્યો; ઘટનાને ગંભીર કેટેગરીમાં મૂકવામાં આવી

**વોશિંગ્ટન, તા.21**

અમેરિકી સ્પેસ એજન્સી નાસાએ સ્વીકાર્યું કે સુનીતા વિલિયમ્સનું અવકાશમાં ફસાઈ જવું ખતરનાક હતું. નાસાએ આ મિશનને દુર્ઘટનાની ટાઈપ એ કેટેગરીમાં મૂક્યું છે. આ જ કેટેગરીને દુર્ઘટનાની સૌથી ગંભીર કેટેગરી માનવામાં આવે છે.

ચેલેન્જર અને કોલંબિયા શટલ દુર્ઘટનાઓ માટે પણ આ જ કેટેગરીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. કોલંબિયા શટલ દુર્ઘટનામાં જ ભારતીય અવકાશયાત્રી કલ્પના ચાવલાનું નિધન થયું હતું.



19 ફેબ્રુઆરી 2026ના રોજ જાહેર કરાયેલા 311 પાનાના રિપોર્ટમાં નાસાના પ્રશાસક જેરેડ ઈસાકમેને લખ્યું- સુનીતા વિલિયમ્સના મિશનમાં ગંભીર ખામીઓ હતી. તેમણે ખામીઓને અવગણવા બદલ એજન્સી અને બોઈંગની સખત ટીકા કરી.

હકીકતમાં, સુનીતા વિલિયમ્સ વર્ષ 2024માં 8 દિવસના મિશન પર આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશન (ISS) પહોંચ્યા હતા, પરંતુ તકનીકી કારણોસર તેમની વાપસીમાં 9 મહિનાથી વધુ સમય લાગી ગયો હતો.

સુનીતા વિલિયમ્સ, બુચ વિલ્મોર સાથે 6 જૂન 2024ના રોજ સ્પેસ સ્ટેશન પહોંચ્યા હતા. તેમની 8 દિવસની યાત્રા 9 મહિનામાં બદલાઈ ગઈ.

સુનીતા વિલિયમ્સ, બુચ વિલ્મોર સાથે 6 જૂન 2024ના રોજ સ્પેસ સ્ટેશન પહોંચ્યા હતા. તેમની 8 દિવસની યાત્રા 9 મહિનામાં બદલાઈ ગઈ.

જાન્યુઆરીમાં સુનીતા વિલિયમ્સે 27 વર્ષ પછી નિવૃત્તિ લીધી

NASAના અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સે 27 વર્ષ પછી નિવૃત્તિ લીધી છે. તેમની નિવૃત્તિ 27 ડિસેમ્બર 2025થી લાગુ પડી. જોકે NASAએ તેની જાહેરાત 20 જાન્યુઆરીએ કરી હતી.

સુનીતા 27 વર્ષ પહેલા 1998માં નાસા સાથે જોડાયા હતા. તેમણે NASAના 3 મિશનમાં ભાગ લીધો. આ દરમિયાન તેમણે અવકાશમાં 608 દિવસ વિતાવ્યા. પહેલીવાર તેઓ 9 ડિસેમ્બર 2006 ના રોજ અવકાશમાં ગયા હતા.

સુનિતાએ અવકાશમાં 9 સ્પેસવોક કર્યા. આ દરમિયાન તેમણે 62 કલાક 6 મિનિટ સુધી અવકાશમાં ચહેલકદમી(ધીરે ધીરે ચાલવું કે આંટા મારવા) કરી. આ કોઈપણ મહિલા અવકાશયાત્રીમાં સૌથી વધુ છે.

સુનિતા બોલ્યા- સ્પેસમાંથી પૃથ્વી જોતા એવું લાગે છે કે આપણે બધા એક છીએ

સુનિતા ગયા મહિને ભારત પ્રવાસે આવ્યા હતા. તેમણે દિલ્હીના અમેરિકન સેન્ટરમાં 'આંખો તારાઓ પર, પગ જમીન પર' સેમિનારમાં ભાગ પણ લીધો હતો.

તેમણે એમ પણ કહ્યું કે આ કામ બધાના ફાયદા, સહયોગ અને પારદર્શિતા સાથે, લોકતાંત્રિક રીતે થવું જોઈએ, જેથી કોઈ એક દેશનું વર્ચસ્વ ન હોય અને સમગ્ર માનવતાને તેનો લાભ મળે.

ભારત આવવું ઘર વાપસી જેવું: ભારત આવવું તેમને ઘર વાપસી જેવું લાગે છે, કારણ કે તેમના પિતા ગુજરાતના મહેસાણા જિલ્લાના ઝુલાસણ ગામના હતા. તે જ સમયે, ચંદ્ર પર જવાના NDTVના સવાલ પર મજાકિયા અંદાજમાં કહ્યું, 'હું ચંદ્ર પર જવા માંગુ છું, પરંતુ મારા પતિ મને પરવાનગી નહીં આપે. ઘર વાપસી અને જવાબદારી સોંપવાનો સમય આવી ગયો છે. અવકાશ સંશોધનમાં આગામી પેઢીએ પોતાનું સ્થાન બનાવવું પડશે.

અવકાશમાં વિતાવેલા દિવસો પર: શું સ્પેસ ટ્રાવેલથી તેમના જીવનના દૃષ્ટિકોણમાં બદલાવ આવ્યો છે, તો તેમણે કહ્યું- હા, ચોક્કસ.

# પાકિસ્તાની રક્ષા મંત્રી બોલ્યા- મુનીર મારા બોસ નથી:સેના હવે સરકાર ચલાવતી નથી; ભૂતકાળમાં દખલ હતી, હવે સિસ્ટમ અલગ છે

**ઢાકા, તા.21**

પાકિસ્તાનના રક્ષા મંત્રી ખ્વાજા આસિફે કહ્યું કે ફિલ્ડ માર્શલ આસિમ મુનીર તેમના બોસ નથી. તેમણે સ્પષ્ટ કર્યું કે તેમના બોસ વડાપ્રધાન શાહબાઝ શરીફ છે.



18 ફેબ્રુઆરીના રોજ ફ્રાન્સ 24 ઈંગ્લિશને આપેલા ઈન્ટરવ્યુમાં તેમને પૂછવામાં આવ્યું હતું કે શું આસિમ મુનીર જ પાકિસ્તાનની સરકાર ચલાવી રહ્યા છે. તેમણે સ્વીકાર્યું કે ભૂતકાળમાં સેનાએ શાસન સંભાળ્યું હતું. આસિફે કહ્યું,

પાકિસ્તાનની એક સિસ્ટમ છે. આપણા ઈતિહાસમાં એવા સમયગાળા રહ્યા છે, જ્યારે સેનાનું સરકાર પર નિયંત્રણ રહ્યું. એક સમય એવો પણ હતો જ્યારે સેનાએ દખલ કરીને સત્તાની લગામ પોતાના હાથમાં લઈ લીધી હતી.

તેમણે કહ્યું કે આ સમયે પાકિસ્તાન અફઘાનિસ્તાનથી ખતરા, આતંકવાદ, ભારત સાથે તણાવ અને નબળી અર્થવ્યવસ્થા જેવા પડકારોનો સામનો કરી રહ્યું છે. આવી પરિસ્થિતિઓમાં પાકિસ્તાની સેના સરકારને સમર્થન આપી રહી છે.

ખ્વાજા આસિફ મ્યુનિખ સિક્યોરિટી કાઉન્સિલમાં ભાગ લેવા માટે જર્મની ગયા હતા. આ દરમિયાન તેમણે ફ્રાન્સ 24 ને ઈન્ટરવ્યુ આપ્યો.

ખ્વાજા આસિફ મ્યુનિખ સિક્યોરિટી કાઉન્સિલમાં ભાગ લેવા માટે જર્મની ગયા હતા. આ દરમિયાન તેમણે ફ્રાન્સ 24 ને ઈન્ટરવ્યુ આપ્યો.

પહેલા કહ્યું હતું- સરકાર અને સેના મળીને દેશ ચલાવે છે

ખ્વાજા આસિફે આ પહેલા ગયા વર્ષે આપેલા એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે પાકિસ્તાનમાં સરકાર અને સેના મળીને દેશ ચલાવે છે. આસિફે કહ્યું હતું કે પાકિસ્તાનને હાઈબ્રિડ મોડેલથી ચલાવવામાં આવી રહ્યું છે.

આસિફ પહેલા પણ ઘણી વખત હાઈબ્રિડ મોડેલના વખાણ કરી ચૂક્યા છે. અરબ ન્યૂઝને આપેલા એક જૂના ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું હતું કે પાકિસ્તાનનું પોલિટિકલ સિસ્ટમ આદર્શ લોકતંત્ર નથી, પરંતુ જરૂરી છે.

તેમણે કહ્યું હતું કે આ મોડેલ પાકિસ્તાનની આર્થિક અને શાસનની સમસ્યાઓને હલ કરવામાં 'કમાલ' કરી રહ્યું છે.

ભારત-અફઘાનિસ્તાન પર પ્રોક્સી વોર ચલાવવાનો આરોપ લગાવ્યો

ખ્વાજા આસિફે કહ્યું છે કે ભારત અને અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર મળીને પાકિસ્તાન વિરુદ્ધ પ્રોક્સી વોર ચલાવી રહ્યા છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન પરના હુમલાઓને લઈને નવી દિલ્હી અને કાબુલની વિચારસરણી એક જેવી છે.

આસિફે કહ્યું કે જો જરૂર પડશે તો પાકિસ્તાન અફઘાનિસ્તાનમાં ફરીથી કાર્યવાહી કરી શકે છે. તેમણે કહ્યું કે જો અફઘાનિસ્તાન તરફથી શાંતિની કોઈ નક્કર ગેરંટી નહીં મળે.

# ટ્રમ્પે દુનિયાભરના દેશો પર 10% વધારાનો ટેરિફ લગાવ્યો : કહ્યું- જજ દેશ માટે કલંક છે; 3 કલાક પહેલા જ સુપ્રીમ કોર્ટે ટેરિફ રદ કર્યા હતા

**શાંઘાઈ, તા.21**

અમેરિકી સુપ્રીમ કોર્ટ દ્વારા ટેરિફ રદ કરવાના નિર્ણયના 3 કલાકની અંદર જ ડોનાલ્ડ ટ્રમ્પે નવા ટેરિફની જાહેરાત કરી દીધી છે. ટ્રમ્પે સેક્શન 122 નો હવાલો આપીને તમામ દેશો પર ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. આ નિયમ હેઠળ મહત્તમ 15% સુધી ગ્લોબલ ટેરિફ લગાવી શકાય છે, પરંતુ માત્ર 150 દિવસ માટે. તેનો ઉપયોગ મોટા વેપાર ખાધ (trade deficit) ને પહોંચી વળવા માટે કરી શકાય છે. કોર્ટના ચુકાદા પર ટ્રમ્પે આકરા પ્રહાર કરતા કહ્યું કે, 'આ ખૂબ જ નિરાશાજનક છે. મને કોર્ટના કેટલાક જજો પર શરમ આવી રહી છે. તેઓ દેશ માટે કલંક છે, તેમનામાં આપણા દેશ માટે સાચું કામ કરવાની હિંમત નથી.' આ અગાઉ શુક્રવારે સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ગ્લોબલ ટેરિફને રદ કર્યા હતા અને અન્ય દેશો પર લાદવામાં આવેલા આ



ટેરિફને ગેરકાયદેસર ગણાવ્યા હતા.સુપ્રીમ કોર્ટે 6-3 ના બહુમતીથી ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું કે બંધારણ મુજબ ટેક્સ અને ટેરિફ લગાવવાનો અધિકાર રાષ્ટ્રપતિ પાસે નથી, પરંતુ માત્ર કોંગ્રેસ (અમેરિકી સંસદ) પાસે છે. ટ્રમ્પે ગયા વર્ષે એપ્રિલમાં ગ્લોબલ ટેરિફની જાહેરાત કરી હતી. '2024ની ચૂંટણીમાં હું લાખો મતોથી જીત્યો હતો. એવું લાગે છે કે કેટલાક જજોને એ વાતનો જ ડર લાગે છે કે લોકો મને આટલો બધો સપોર્ટ કેમ કરે છે. એટલા માટે જ તેઓ (જજ) યોગ્ય રીતે કામ કરવા માંગતા નથી.' 'જે વિદેશીઓ આપણને વર્ષોથી લૂંટી રહ્યા છે, તેઓ ખૂબ ખુશ છે. તેઓ રસ્તાઓ પર નાચી રહ્યા છે, પરંતુ આવું બહુ લાંબો સમય ચાલવાનું નથી.' કોર્ટના આદેશથી ટ્રમ્પના બધા ટેરિફ નાબૂદ થતા નથી. સ્ટીલ અને એલ્યુમિનિયમ પરના ટેરિફ અલગ કાયદા હેઠળ લાદવામાં આવ્યા હતા, તેથી તે અમલમાં રહેશે. જોકે, ટેરિફની બે મુખ્ય કેટેગરી સ્થગિત કરવામાં આવી છે. પ્રથમ કેટેગરી પારસ્પરિક ટેરિફ છે .

# હાશ ! ભારતનો 18% ટેરિફ પણ ખતમ:હવે માત્ર 10% ટેરિફ જ ભરવો પડશે; US સુપ્રીમ કોર્ટે જૂના બધા ટેરિફ રદ કરી નાખ્યા, ટ્રમ્પે દરેક દેશ પર સરખો ટેરિફ નાખ્યો

**યુએસ, તા.21**

યુએસ સુપ્રીમ કોર્ટના ટેરિફ રદ કરવાના નિર્ણયના ત્રણ કલાકમાં જ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વભરમાં 10% ટેરિફ લાદ્યો, એટલે સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ જૂનો ટેરિફ રદ થયો ગણાશે. નવો 10% ટેરિફ 24 ફેબ્રુઆરીની મધ્યરાત્રિએ લાગુ થશે. અમેરિકાની સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ગ્લોબલ ટેરિફને ગેરકાયદે જાહેર કર્યા અને એને રદ કર્યા. સુપ્રીમ કોર્ટે તેના 6-3 બહુમતીના ચુકાદામાં જણાવ્યું હતું કે બંધારણ હેઠળ ટેરિફ લાદવાનો અધિકાર ફક્ત કોંગ્રેસ પાસે છે, રાષ્ટ્રપતિ પાસે નહીં.

ટ્રમ્પે આની ટીકા કરતાં કહ્યું, 'આ ખૂબ જ નિરાશાજનક છે. મને આ કોર્ટના કેટલાક ન્યાયાધીશો પર શરમ આવે છે. તેઓ આપણા દેશ માટે કલંક છે; તેમનામાં આપણા




દેશ માટે જે યોગ્ય છે એ કરવાની હિંમતનો અભાવ છે.' ભારત સાથેની ટ્રેડ ડીલ અંગે ટ્રમ્પે કહ્યું, 'આ ડીલમાં કોઈ ફેરફાર થશે નહીં. પીએમ મોદી મારા સારા મિત્ર છે.'

જોકે બીબીસીના અહેવાલ મુજબ, વ્હાઈટ હાઉસના એક અધિકારીએ જણાવ્યું હતું કે બ્રિટન, ભારત અને યુરોપિયન યુનિયન સહિત અમેરિકા સાથે વેપાર કરાર ધરાવતા દેશોને હવે 10% જ ટેરિફ ભરવો પડશે. આનો અર્થ એ થયો કે ભારત પર ટેરિફ હવે 18%ને બદલે 10% કરવામાં આવશે.

ટ્રમ્પે મોદીનાં વખાણ કર્યા, ટ્રેડ ડીલમાં કોઈ ફેરફાર નહીં

ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક સ્માર્ટ, સમજદાર અને શાનદાર નેતા ગણાવ્યા, પરંતુ કહ્યું હતું કે ટેરિફ બદલાશે નહીં. ભારત-અમેરિકા વેપાર કરાર પર પડનારી અસર વિશે પૂછવામાં આવતાં તેમણે કહ્યું, 'કંઈપણ બદલાશે નહીં.' ટ્રમ્પ બોલ્યા-'તેઓ (ભારત) અમને ટેરિફ આપશે અને અમે ટેરિફ નહીં આપીએ. ભારત સાથેની ડીલ એ જ છે કે તેઓ ટેરિફ આપશે. પહેલાં જેવું રહેશે નહીં.'

આગળ તેમણે કહ્યું, વડાપ્રધાન મોદી એક શાનદાર અને સમજદાર નેતા છે, પરંતુ તેઓ અમેરિકા સાથેના સોદામાં ખૂબ જ સ્માર્ટ હતા. ભારત અમને નુકસાન પહોંચાડી રહ્યું હતું. હવે અમે એક નિષ્પક્ષ ડીલ કરી છે. હવે અમે તેમને ટેરિફ નથી આપતા અને તેઓ અમને આપી રહ્યા છે. અમે એને થોડું ફ્લિપ કર્યું (પલટાવ્યું) છે. તાજેતરમાં થયેલો કરાર 'ફેર ડીલ' છે અને અમેરિકાના હિતમાં છે.

ટ્રેડ ડીલ ફેબ્રુઆરીના અંત સુધીમાં ફાઈનલ થશે

વાણિજ્યમંત્રી પીયૂષ ગોયલે શુક્રવારે જણાવ્યું હતું કે અમેરિકા સાથે 'વચગાળાનો વેપાર કરાર' ફેબ્રુઆરીના અંત સુધીમાં ફાઈનલ થઈ જશે. માર્ચમાં એના પર હસ્તાક્ષર થશે, જ્યારે એપ્રિલથી આ કરાર સંપૂર્ણપણે લાગુ થઈ જશે.

આ સાથે જ ભારત આવનારા કેટલાક મહિનાઓમાં દુનિયાના મોટા દેશો સાથે વ્યાપારિક કરારો પર અંતિમ મહોર મારશે. એપ્રિલમાં બ્રિટન અને ઓમાન સાથે પણ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ શરૂ થવાની અપેક્ષા છે.

# ટ્રમ્પ બોલ્યા-ભારત સાથેની ટ્રેડ ડીલમાં કોઈ ફેરફાર નહીં:પહેલેથી નક્કી થયેલા કરાર પર વાત આગળ વધશે; પીએમ મોદી મારા સારા મિત્ર છે, તેઓ ખૂબ જ સ્માર્ટ છે

## 3 કલાકની અંદર ડોનાલ્ડ ટ્રમ્પે દુનિયાભર પર 10% ગ્લોબલ ટેરિફ લગાવવાની જાહેરાત કરી દીધી

**વોશિંગ્ટન, તા.21**

અમેરિકાની સુપ્રીમ કોર્ટના ટેરિફ રદ કરવાના નિર્ણય અને ટ્રમ્પ દ્વારા ફરીથી નવા ટેરિફની જાહેરાત પછી ભારત-યુએસ ટ્રેડ ડીલ પહેલાની જેમ જ રહેશે. ટ્રમ્પે શુક્રવારે કહ્યું કે, ભારત સાથે થનારા કરાર પર કોઈ અસર નહીં થાય. તે પહેલાની જેમ જ આગળ વધશે.

હકીકતમાં શુક્રવારે અમેરિકી સુપ્રીમ કોર્ટના ટેરિફ રદ કરવાના નિર્ણયના 3 કલાકની અંદર ડોનાલ્ડ ટ્રમ્પે દુનિયાભર પર 10% ગ્લોબલ ટેરિફ લગાવવાની જાહેરાત કરી દીધી. તેમણે પોતાના નિવેદનમાં કહ્યું કે તેઓ એક આદેશ પર હસ્તાક્ષર કરવા જઈ રહ્યા છે, જેના હેઠળ 10% નો ગ્લોબલ ટેરિફ લગાવવામાં આવશે.

તેમણે કહ્યું કે આ ટેરિફ પહેલાથી લગાવવામાં આવી રહેલા બેઝલાઈન ટેરિફની ઉપર હશે. એટલે કે જે ટેરિફ અત્યારે લેવામાં આવી રહ્યો છે, તેના



સિવાય આ નવો 10% વધારાનો ટેરિફ હશે. જોકે ભારત સાથેની ડીલમાં આ વધારાનો ટેરિફ શામેલ થશે, કે પછી પહેલાથી નક્કી કરાયેલા 18% માં જ એડજસ્ટ કરવામાં આવશે. આ અંગે ટ્રમ્પે કોઈ નિવેદન આપ્યું નથી.

ટ્રેડ ડીલ ફેબ્રુઆરીના અંત સુધીમાં ફાઈનલ થશે

વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે શુક્રવારે જણાવ્યુ કે અમેરિકા સાથે 'વચગાળાનો વેપાર કરાર' ફેબ્રુઆરીના અંત સુધીમાં ફાઈનલ થઈ જશે. માર્ચમાં તેના પર હસ્તાક્ષર થશે, જ્યારે એપ્રિલથી આ કરાર સંપૂર્ણપણે લાગુ થઈ જશે.

આ સાથે જ ભારત આવનારા કેટલાક મહિનાઓમાં દુનિયાના મોટા દેશો સાથે વ્યાપારિક કરારો પર અંતિમ મહોર મારશે. એપ્રિલમાં બ્રિટન અને ઓમાન સાથે પણ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ શરૂ થવાની અપેક્ષા છે.

23 ફેબ્રુઆરીથી ભારત અને અમેરિકાના અધિકારીઓ અમેરિકામાં ત્રણ દિવસની મહત્વપૂર્ણ બેઠક કરશે. આ બેઠકનો હેતુ 7 ફેબ્રુઆરીએ જારી કરાયેલા 'જોઈન્ટ સ્ટેટમેન્ટ'ના આધારે કાનૂની ડ્રાફ્ટ તૈયાર કરવાનો છે.

# લિક્વિડ ગેસ લઈ જતી ટ્રક પલટી, ચિલીની રાજધાનીમાં વિસ્ફોટથી ભારે તબાહી, રસ્તા પર આગની જ્વાળાઓ

**ચિલી, તા.21**

ચિલીની રાજધાની સેન્ટિયાગોમાં લિક્વિડ ગેસ લઈ જતી એક ટ્રક પલટી મારી જતાં તેમાં વિસ્ફોટ થયો. જેમાં ઓછામાં ઓછા ચાર લોકોના મોત થયા છે. સ્થાનિક પોલીસ અનુસાર ટ્રકના ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો હતો. જેના કારણે આ અકસ્માત થયો. આ દુર્ઘટનામાં ચાર લોકોના મોત સિવાય અન્ય 17 લોકો ઘાયલ પણ થયા છે. મૃતકમાં ટ્રક ડ્રાઈવરનો પણ સમાવેશ થાય છે. પ્રોસીક્યુટર ઓફિસ અકસ્માત તરફ દોરી જનારા કારણોની તપાસ કરી રહી છે. આ ટ્રક સ્થાનિક ગેસ કંપની 'ગેસ્કો' (Gasco) સાથે સંકળાયેલી હતી. સોશિયલ મીડિયા પરના



વીડિયોમાં વિસ્ફોટના સ્થળે આગની જ્વાળાઓ ઉછળતી દેખાઈ રહી હતી. આ અકસ્માત ઉત્તરી સેન્ટિયાગોના રેન્કા કોમ્યુનમાં, એક મુખ્ય હાઈવે અને ઔદ્યોગિક વિસ્તારની નજીક થયો હતો.

50 જેટલા વાહનોને નુકસાન થયું ફાયર ફાઈટરોના જણાવ્યા અનુસાર, આ વિસ્ફોટ લગભગ 150થી 200 મીટરની ત્રિજ્યામાં અનુભવાયો હતો અને તેમાં ઓછામાં ઓછા 50 વાહનોને નુકસાન થયું હતું. રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિકે જણાવ્યું હતું કે વિસ્ફોટનો કેટલોક કાટમાળ ત્રણ વ્યાપારી એકમોમાં ઉડ્યો હતો, પરંતુ અત્યાર સુધી કોઈ વધુ વ્યાપક નુકસાનના અહેવાલ નથી. સેન્ટિયાગો મેટ્રોપોલિટન રિજનના ગવર્નર ક્લાઉડિયો ઓરેગોના જણાવ્યા અનુસાર, પાંચ લોકોની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

# દિલ્હીમાં ધાર્મિક-ઐતિહાસિક સ્થળો લશ્કર-એ-તૈયબાના નિશાના પર

**નવી દિલ્હી, તા.21**

પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા (LeT) ભારતના કેટલાક મુખ્ય ધાર્મિક સ્થળો પર હુમલો કરી શકે છે. ગુપ્ત માહિતી મળ્યા બાદ શનિવારે દિલ્હીના મુખ્ય ધાર્મિક અને ઐતિહાસિક સ્થળો પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, માહિતી મળી છે કે આતંકવાદી સંગઠન IED (ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ) દ્વારા લાલ કિલ્લા અને ચાંદની ચોક આસપાસના વિસ્તારમાં હુમલો કરાવી શકે છે. ખાસ કરીને ચાંદની ચોક વિસ્તારના એક મંદિર પર ખતરાની આશંકા છે. જોકે, આ માહિતીની હજુ તપાસ કરવામાં



આવી રહી છે, પરંતુ સાવચેતી રાખવામાં આવી રહી છે.

લાલ કિલ્લાની આસપાસ સુરક્ષામાં વધારો, જુઓ ત્રણ તસવીરો: શનિવારે લાલ કિલ્લા પર સુરક્ષા વધારી દેવામાં આવી. બેરિકેડ્સ પાસે તૈનાત સુરક્ષા દળોના જવાનો. શનિવારે લાલ કિલ્લા પાસે પહેરો આપતી દિલ્હી પોલીસની મહિલા સિપાહી.

CCTV સર્વેલન્સ વધારવામાં આવ્યું

કેન્દ્રીય એજન્સીઓ અને દિલ્હી પોલીસ સાથે મળીને કામ કરી રહી છે. CCTV સર્વેલન્સ વધારી દેવામાં આવ્યું છે, વાહનોની તપાસ કરવામાં આવી રહી છે અને સંવેદનશીલ સ્થળોએ વધારાનો પોલીસ બળ તૈનાત કરવામાં આવ્યો છે. બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ અને ક્વિક રિએક્શન ટીમ પણ તૈયાર રાખવામાં આવી છે. સુરક્ષા એજન્સીઓએ લોકોને સતર્ક રહેવા અને કોઈપણ શંકાસ્પદ વસ્તુ કે પ્રવૃત્તિની તરત જ પોલીસ અથવા ઈમરજન્સી સેવાઓને જાણ કરવા અપીલ કરી છે. અધિકારીઓએ જણાવ્યું કે ગભરાવાની જરૂર નથી.

# US ટેરિફ ડીલ, રાહુલે કહ્યું-મોદીએ વિશ્વાસઘાત કર્યો:ખડગેના આરોપ- સરકાર ટ્રમ્પની ટ્રેપ ડીલમાં ફસાઈ

**વોશિંગ્ટન, તા.21**

અમેરિકા સાથે ટેરિફ ડીલ પર વિપક્ષ ફરી મોદી સરકાર પર આક્રમક છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શનિવારે પીએમ મોદી પર સમજૂતી કરવાનો આરોપ લગાવ્યો. કહ્યું કે તેમનો વિશ્વાસઘાત હવે ઉઘાડો થઈ ચૂક્યો છે. તેમણે દાવો કર્યો કે પીએમ આ વ્યાપાર સમજૂતીમાં ફરીથી આત્મસમર્પણ (સરેન્ડર) કરી દેશે.

બીજી તરફ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે ટેરિફ પર અમેરિકાની સુપ્રીમ કોર્ટના નિર્ણયની રાહ જોયા વિના મોદી સરકારે આટલી ઉતાવળમાં એક ટ્રેપ ડીલમાં સામેલ કેમ થયા, જેણે ભારત પાસેથી ભારે છૂટછાટો



છીનવી લીધી.

જણાવી દઈએ કે અમેરિકાએ 2 ફેબ્રુઆરીએ ભારત પર રેસિપ્રોકલ ટેરિફ ઘટાડીને 18% કર્યો હતો. વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે 20 ફેબ્રુઆરીએ જણાવ્યું કે અમેરિકા સાથે 'અંતરિમ વ્યાપાર સમજૂતી' ફેબ્રુઆરીના અંત સુધીમાં ફાઈનલ થઈ જશે.

ટ્રમ્પના ટેરિફને અમેરિકાની સુપ્રીમ કોર્ટે રદ કર્યો

શુક્રવારે સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ગ્લોબલ ટેરિફને ગેરકાયદેસર ગણાવીને રદ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે 6-3 બહુમતીથી ચુકાદો આપતા કહ્યું કે બંધારણ હેઠળ ટેક્સ અને ટેરિફ લાદવાનો અધિકાર રાષ્ટ્રપતિને નહીં, માત્ર સંસદને છે.

ખડગેએ કહ્યું- મોદીજીએ સત્ય જણાવવું જોઈએ

1. મલ્લિકાર્જુન ખડગે: મોદીજીએ દેશવાસીઓ સામે ઊભા રહીને સત્ય કહેવું જોઈએ. કોણે અથવા કયા કારણોએ તમને ભારતના રાષ્ટ્રીય હિત અને વ્યૂહાત્મક સ્વાયત્તતા સાથે સમાધાન કરવા દબાણ કર્યું? શું તે એપસ્ટીન ફાઈલો હતી? શું ભારત સરકાર તેની ભારે નિષ્ક્રિયતામાંથી જાગશે અને 140 કરોડ ભારતીયોના આત્મસન્માન તથા આપણા ખેડૂતો, મજૂરો, નાના વ્યવસાયો અને વેપારીઓના હિતોનું રક્ષણ કરતો એક નિષ્પક્ષ વેપાર કરાર રજૂ કરશે?

## તંત્રી લેખ

# વિશ્વના AI તખ્તા પર ભારતને આગલી હરોળમાં મૂકતું બેંગલુરૂનું સર્વમ્ AI

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના તખ્તા પર વર્તમાનમાં ભારતની સર્વમ AI કંપની ટોકિંગ પોઈન્ટ બની છે. AIની રેસમાં ભારતે સાબિત કરી આપ્યું છે કે અમે વિકસિત દેશોની હરોળમાં ઊભા રહેવા સક્ષમ છે. ચેટજીપીટી, જેમિની જેવા AI ચેટબોટ્સ ગુજરાતી સહિત ઘણી ભારતીય ભાષાઓને રિસ્પોન્ડ કરે છે, પણ તેની ઘણી મર્યાદાઓ છે. ભારતની સર્વમ્ AI ભારતની તમામ પ્રમુખ ભારતીય ભાષાઓને પ્રાધાન્ય આપશે. 'AI ફોર એવરીવન' એ કંપનીનું સૂત્ર છે. ગુજરાતી, હિન્દી અને દક્ષિણ ભારતની ચાર મુખ્ય ભાષાઓ સહિત ભારતની તમામ ૨૨ શિડયુલ ભાષાઓનો તેમાં સમાવેશ કરાયો છે. સર્વમ્ AI અમેરિકાના ઓપન એઆઇ અને ચીનના ડીપસીકને સીધો પડકાર ફેંકવા માગે છે. વોટ્સએપ પર સર્વમ્ AIનું ટ્રાયલ થયું હતું ત્યારે અનેક પ્રતિભાવો મળ્યા હતા, જેમાં એક વાત કોમન હતી. તે એ કે સર્વમ્ AI એ માત્ર નવું ચેટબોટ નથી, પણ તે ભારતને ગૌરવ અપાવતું નવું સંશોધન છે. સર્વમ્ AIને કારણે અન્ય વિદેશી ચેટબોટ્સ પર આધાર રાખવો નહીં પડે તેવી અપેક્ષા છે. એક વપરાશકારે લખ્યું છે કે સર્વમ AIનો ઉપયોગ કરીને મેં એક અઠવાડિયામાં ચાર એપ બનાવી છે જેમાં કેન્સર સપોર્ટ, વોઈસ ટ્રાન્સલેશન, મેડિકલ સ્ક્રાઈબ જેવાનો સમાવેશ થાય છે.

સર્વમ્ એ સંસ્કૃત શબ્દ છે.સર્વમ્ એટલે સર્વ, અથવા આ કંપનીના સંદર્ભમાં કહીએ તો, તો સર્વને માટે, સર્વ વસ્તુ, સર્વ સ્થળ. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની રેસમાં ભારત ખાસ્સું પાછળ રહી ગયું હતું, પણ હવે સર્વમ AI સાથે ભારતે એક હનુમાન કૂદકો માર્યો છે તેમ કહી શકાય. ઈન્ટરનેટ ટેકનોલોજીમાં ભારત આમ તો ઘણી બસ ચૂકી ગયું છે. જેમ કે, બ્રાઉઝર સંબંધિત રીસર્ચ. ભારતે પોતાનું બ્રાઉઝર બનાવ્યું નહીં એટલે ભારતીયોએ ગુગલ ક્રોમ, ફાયર ફોક્સ, સફારી વગેરે જેવાં વિદેશી બ્રાઉઝર પર ભરોસો રાખવો પડયો છે. AIના મામલામાં આવું ન થાય તે માટે ભારત અત્યારથી જ પ્રયત્નશીલ બની રહ્યું છે. દાવો એવો થયો છે કે ગુગલના જેમિની અને ઓપન એઆઈના ચેટજીપીટી કરતાં પણ સર્વમ્ AI ટેકનોલોજીની દ્રષ્ટિએ બહેતર અને ઉપયોગ કરવામાં સરળ બની રહેશે. સર્વમ્ AI સ્ટાર્ટઅપની સ્થાપના બેંગલુરુમાં પ્રત્યુષ કુમાર અને વિવેક રાઘવન નામના ઉત્સાહી યુવાનોએ ડિસેમ્બર ૨૦૨૩માં કરી હતી. ૪૨ મિલિયન ડોલરનું ફન્ડ એકઠું કરવામાં આવ્યું હતું. આ રકમનો મોટો હિસ્સો રિસર્સ એન્ડ ડેવલપમેન્ટ પાછળ ખર્ચાયો છે. ભારત સર્વમ્ AI જેવા સાહસની જ રાહ જોઈને બેઠું હતું. ઈન્ડિયનએઆઈ મિશન હેઠળ ભારતનું પોતાનું મૂળભૂત મોડલ વિકસાવવા માટે ૬૭ કંપનીઓ કતારમાં ઊભી હતી. તેમાંથી ૨૬ એપ્રિલ ૨૦૨૫ના રોજ ભારતના આઈટી મિનિસ્ટર અશ્વિન વૈષ્ણવે સર્વમ્ AI પર પસંદગીનો કળશ ઢોળ્યો.

સર્વમ્ AIના સંચાલકો કહે છે કે ગુગલના જેમીની અને ઓપન AIના ચેટ જીપીટી કરતાં વધુ અસરકારક પરિણામો સર્વમ્ AI આપી રહ્યું છે. સર્વમ્ AIની ચર્ચા વિશ્વના તખ્તા પર એટલા માટે થઈ રહી છે કે અન્ય AI મોડલ કરતાં તેની ટેકનોલોજીમાં દેખીતો ફર્ક છે. ભારતનું સર્વમ્ AI ભારતીયોની તાસીર, ઉપયોગિતા અને સુવિધાને ધ્યાનમાં રાખીને જ બનાવવામાં આવ્યું છે. વિવિધ ભારતીય ભાષાની આર્કાઈવ્ઝ, મેન્યુસ્ક્રીપ્ટ અને ડોક્યુમેન્ટસને હેન્ડલ કરવા પર વિશેષ ફોકસ કરવામાં આવ્યું છે. સર્વમ્ AIની ટીમ બરાબર જાણે છે કે ભારતના વપરાશકારોને શું જોઈએ છે. AI વધુને વધુ ભારતીયો સુધી પહોંચાડવાનું અને વપરાશકારોની પડતી સમસ્યાઓના સોલ્યુશન પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. AIનો ઉપયોગ આસાન બની રહે, ભરોસોપાત્ર બની રહે અને તે મૂળ ભારતની ટેકનોલોજી હોય એવી સૌની અપેક્ષા સર્વમ્ AI પુરી કરી શકશેએમ લાગી રહ્યું છે. એક અહેવાલ એવા પણ છે કે ભારતનો પ્રથમ AI પાર્ક તમિળનાડુ ખાતે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ઊભો કરાઈ રહ્યો છે. તે માટે તમિળનાડુની સરકારે સર્વમ્ AI સાથે એમઓયુ પણ સાઈન કર્યા છે.

**અમેરિકામાં ખેડૂત એક પ્રોફેશનલની જેમ કામ કરે છે અને નફો રળે છે જ્યારે ભારતમા ખેતી જીવનશૈલીનો એક ભાગ છે. આ ઉપરાંત ખેતીની પદ્ધતિ, મશીનો, બિયારણો, સરકારી સમર્થન વગેરેમાં પણ બંને દેશોમાં ખૂબ જ મોટો તફાવત છે : અમેરિકી ખેડૂતો વિશાળ ખેતરોમાં જે ઉપજ લે છે તેનું વેચાણ પણ વૈશ્વિક ધોરણે અને વૈશ્વિક બજાર ભાવે થાય છે. ભારતમાં પણ મોટા પ્રમાણમાં ખેતપેદાશો ઉત્પન્ન થાય છે અને વૈશ્વિક બજારો સુધી પહોંચે છે પણ તેમાંથી જે નફો આવે છે તે વેપારીઓ અને વચેટીયાઓને મળી જાય છે. આ નફો ખેડૂત સુધી તો પહોંચતો જ નથી: અમેરિકામાં ખેડૂતોને સરકાર પોતાના પાર્ટનર સમજીને સાચવે છે**

# ભારત અને અમેરિકાના ખેડૂતો વચ્ચે આભ-જમીનનું અંતર

## અમેરિકન ખેડૂતો પાસે સરેરાશ 180 હેક્ટર જમીન જ્યારે ભારતીય ખેડૂત પાસે 1.08 હેક્ટર જમીન હોય છે



અમેરિકા દ્વારા નાટકીય રીતે ભારત ઉપરનો ટેરિફ ઘટાડી દેવાયો છે તથા તેને જે દંડ કરવામાં આવ્યો હતો અને તેના ભાગરૂપે જે ટેરિફ વસુલવામાં આવ્યો હતો તે પણ પરત કરવાની જાહેરાત કરવામાં આવી છે. આમ તો બધી જ જાહેરાતો ગુઢ રાજકીય લાભ ખાટવા માટે કરાઈ હોવાનું આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાઈ રહ્યું છે પણ ભારત સરકાર તેના વિશે મગનું નામ મરી પાડવા તૈયાર નથી. એકાએક અમેરિકા ભારત ઉપર ઓળઘોળ થઈ ગયું તેનું એક કારણ એવું માનવામાં આવે છે કે, અમેરિકાની ખેતપેદાશોને ભારતમાં પ્રવેશવાનો રસ્તો સાફ કરી દેવાયો છે. ભારત સરકાર દ્વારા મોઘમ રીતે કે પછી બંધ બારણે આ મુદ્દે મંજૂરી આપી દેવાઈ છે અને ભારતના ગરીબ ખેડૂતોને હવે રસ્તે રઝળતા અને પાયમાલ કરવાની યોજના બનાવી હોવાના અહેવાલો છે.

ઉલ્લેખનીય છે કે, ભારતીય ખેડૂતો અને અમેરિકાના ખેડૂતોમાં ખૂબ જ મોટા તફાવતો છે. દેખીતી રીતે કહીએ તો અમેરિકા અને ભારતના ખેડૂતો વચ્ચે આભ જમીનનું અંતર છે.

અમેરિકન ખેડૂતો પાસે હજારો વીઘાના મોટા મોટા ખેતરો હોય છે, અત્યાધુનિક મશીનો, ખાતરો, સુવિધાઓ હોય છે અને લાખો રૂપિયાની તેમની આવક હોય છે. બીજી તરફ ભારતમાં સરેરાશ ખેડૂત પાસે પરાણે બે-ચાર વીઘા જમીન હોય છે અને તેમાંય ટ્રેક્ટર ભાડે લાવવાની ચિંતા, સિંચાઈની વ્યવસ્થા થશે નહીં તેની ચિંતા, વરસાદની ચિંતા, બજારમાં યોગ્ય ભાવે ઉપજ વેચાશે કે નહીં તેની ચિંતા વગેરે હોય છે. ભારતમાં ગણતરીના ખેડૂતો શ્રીમંત કહી શકાય તેવા છે જ્યારે એક વર્ગ એવો છે જેની પાસે ઘર ચલાવવાની પણ પૂરતી વ્યવસ્થા નથી. એકાદ સીઝન નિષ્ફળ જાય તો જીવ સટોસટની બાજી આવી જાય છે.

અમેરિકામાં ખેડૂતોની જે જિંદગી છે તે કોઈ કલ્પના નથી. અહીંયા સરકાર મોટા ફાયદા લેવા માટે અને ખેડૂતોને લાભ થાય તે માટે લાખો રૂપિયાની સબસીડી આપે છે.

બીજી તરફ આપણે ત્યાં નજીવી રકમ સબસીડી અને ખેડૂત સહાયના નામે મળે છે અને તેના પણ ઉત્સવ કરવામાં આવે છે. ખેડૂતોને જેટલી રકમ ખાતામાં નથી મળતી તેના કરતા વધારે રકમ તો ખેડૂત સહાયની જાહેરાતો પાછળ ખર્ચી કાઢવામાં આવે છે. આ ઉપરાંત ખેતીની પદ્ધતિ, મશીનો, બિયારણો, સરકારી સમર્થન વગેરેમાં પણ બંને દેશોમાં ખૂબ જ મોટો તફાવત છે.

અમેરિકામાં ખેડૂત એક પ્રોફેશનલની જેમ કામ કરે છે અને નફો રળે છે જ્યારે ભારતમા ખેતી જીવનશૈલીનો એક ભાગ છે, રોજગારીનું પારિવારિક કે પારંપરિક સાધન છે. તેના કારણે જ બંને દેશોના ખેડૂતોમાં વિશાળ અંતર રહે છે.

ઉલ્લેખનીય છે કે, સૌથી મોટો તફાવત અમેરિકા અને ભારતના ખેડૂતોની જમીનના આકારનો હોય છે. અમેરિકામાં એક ખેડૂત પાસે સરેરાશ ૧૮૦ હેક્ટર એટલે કે ૪૫૦ એકર જેટલી જમીન હોય છે. તેનાથી પણ આગળ વતા કરીએ તો ઘણી એગ્રી ઈન્ડસ્ટ્રીની કંપનીઓ છે જેમની પાસે હજારો એકર જમીન હોય છે. તેની સરખામણીએ ભારતમાં એક ખેડૂત પાસે સરેરાશ ૧.૦૮ હેક્ટર એટલે કે. ૨.૭ એકર જમીન હોય છે.

ભારતના ૮૫ ટકા ખેડૂતો નાના અને સીમાંત વર્ગમાં આવે છે. તેમની પાસે મોટી જમીન નથી, પૂરતા સંસાધનો નથી અને સરકારી સહાય કે સેવાઓ પણ મળતી નથી.

બીજી બાબત એવી છે કે, અમેરિકામાં ખેડૂતો પ્રિસિજન ફાર્મિંગનો ઉપયોગ કરે છે જે વૈજ્ઞાનિક પદ્ધતિ આધારિત ખેતી છે. આ સિવાય અહીંયા જીપીએસ અને એઆઈની મદદથી ચાલતા ટ્રેક્ટરોનો અને અન્ય સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે જે ખેતર ખેડવાથી માંડીને વાવણી કરવા સુધીનું કામ કરી લે છે. ખેડૂતો ડ્રોન દ્વારા અને સેટેલાઈટ ઈમેજ દ્વારા પોતાના ખેતરોનું ધ્યાન રાખે છે.

ખેતરમાં પાણી અને ખાતર આપવા માટે પણ અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. તેના દ્વારા ખેતરના કયા ભાગમાં ખાતર નાખવાની જરૂર છે કે પાણીની જરૂર છે તેની માહિતી મેળવીને વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. આ ઉપરાંત જમીનમાં રહેલો ભેજ, પોષક તત્ત્વોની માહિતી મેળવવા માટે પણ ડિજિટલ સેન્સર અને અન્ય ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. ખેડૂતોને તેમના સ્માર્ટફોન અને ટેબલેટ ઉપર આ તમામ માહિતી મળી જાય છે. બીજી તરફ ભારતમાં સરેરાશ ખેડૂતો માટે આ ટેક્નોલોજી કે સંસાધનો માત્ર એક કલ્પના સમાન છે. તેમાંય સિમાંત અને નાના ગામડાના ખેડૂતો માટે બળદની જગ્યાએ ટ્રેક્ટર મળી જાય તો તે પણ સ્વપ્ન સાકાર થયા સમાન હોય છે. અહીંયા મોટાભાગના ખેડૂતો માટે ટ્રેક્ટર, થ્રેસર મળી જાય તે પણ આધુનિક ટેક્નોલોજી સમાન છે. આ સિવાયની સુવિધાઓ વિશે તે વિચારી શકે તેમ પણ નથી.

અમેરિકી ખેડૂતો વિશાળ ખેતરોમાં જે ઉપજ લે છે તેનું વેચાણ પણ વૈશ્વિક ધોરણે અને અમેરિકામાં વ્યાપક સ્તરે થાય છે.

આ ખેડૂતોને વૈશ્વિક બજારના ભાવ મળે છે. ભારતમાં પણ મોટા પ્રમાણમાં ખેતપેદાશો ઉત્પન્ન થાય છે અને વૈશ્વિક બજારો સુધી પહોંચે છે પણ તેમાંથી જે નફો આવે છે તે વેપારીઓ અને વચેટીયાઓને મળી જાય છે.

આ નફો ખેડૂત સુધી તો પહોંચતો જ નથી. ભારતમાં એવી અણઘડ નીતિઓ અને વ્યવસ્થા અમલમાં છે કે, ખેડૂતોને એમએસપી તો કદાચ મળી જાય છે પણ લાભ ખેડૂતો સુધી પહોંચતા જ નથી. અમેરિકન ખેડૂતો મોટાભાગે એફએમસીજી સેક્ટરની વિવિધ કુંપનીઓ સાથે જોડાણ કરી લે છે. તેઓ લાખો ટન માલ સીધે સીધો ખરીદી લે છે.

અહીંયા પાક લેતા પહેલાં જ તેના ભાવ, તેની ડીલ અને બાકીની વ્યવસ્થા નક્કી કરી લેવામાં આવે છે. ખેડૂતોને જરાય ચિંતા કરવાની હોતી નથી.

અમેરિકાન ખેડૂતો મોટાભાગે પોતાના ખેતરમાં એક જ પાક ઉગાડવાના આયોજન સાથે ખેતી કરતા હોય છે.

અહીંયા મોટા મોટા ખેતરોમાં એક જ પાક લેવામાં આવતો હોવાથી તેનો વેપાર કરવામાં સરળતા રહે છે. અહીંયા મોટાભાગે મકાઈને વધારે પ્રાધાન્ય આપવામાં આવે છે. અહીંયા કોર્ન બેલ્ટ તરીકે મોટો વિસ્તાર છે જ્યાં મકાઈ ઉગાડવામાં આવે છે. ત્યારબાદ સોયાબીનની વ્યાપક ખેતી થાય છે. તેનો ઉપયોગ તેલ માટે અને પશુ આહાર માટે કરવામાં આવે છે.

પશ્ચિમી અમેરિકામાં ઘઉંની મોટા પ્રમાણમાં ખેતી કરવામાં આવે છે. સાઉથ અમેરિકાના ખેડૂતો દ્વારા કપાસનું વ્યાપક વાવેતર કરવામાં આવે છે.

ભારતમાં મોટાભાગે ઘઉં, ચોખા અને શેરડીની ખેતી કરવામાં આવે છે. ત્યારબાદ નાની-મોટી પેદાશો લેવામાં આવે છે. આ સિવાય બટાટા, ડુંગળી અને ટામેટા જેવા શાકભાજીની મોટી ખેતી થાય છે. બાકી કઠોળ, દાળ અને અન્ય ફળો તથા શાકભાજીની છુટીછવાઈ ખેતી થાય છે. તેના કારણે ખેડૂતોને ભારતમાં મોટું વળતર મળતું નથી.

ઉલ્લેખનીય છે કે, ભારત અને અમેરિકા વચ્ચે ખેતીની પદ્ધતિમાં પણ મોટો તફાવત છે. અમેરિકામાં ખેડૂતો કોર્પોરેટ પદ્ધતિથી ખેતી કરે છે. વિશાળ ખેતરોમાંથી પાક લણવા માટે પણ કંબાઈન હાર્વેસ્ટરનો ઉપયોગ કરવામાં આવે છે. આ મશીન દ્વારા એક જ દિવસમાં હજારો એકર જમીનમાંથી પાક લણી લેવામાં આવે છે. આ ઉપરાંત બાયો ટેક્નોલોજી દ્વારા બીજ તૈયાર કરીને તેનો ઉપયોગ કરવામાં આવે છે. તેના કારણે જંતુનાશકોનો નહીવત ઉપયોગ કરવો પડે છે. કીડા અને બિમારીઓથી પાક કુદરતી રીતે જ બચી જાય છે. આ સિવાય ખેતીની અન્ય પદ્ધતિની વાત કરીએ તો અમેરિકામાં ૯૦ ટકા ખેતરો ફેમિલી ફાર્મ હોય છે. તેમાં ખેડૂત અને તેનો પરિવાર જ કામ છે. તેમની પાસે અત્યાધુનિક મશીનો અને સાધનો હોય છે કે, પરિવારના લોકો જ ૪૦૦-૫૦૦ એકર જમીનમાં ખેતી કરી લે છે. ભારતમાં આ કામ કરાવવું હોય તો ૧૦૦થી ૧૫૦ ખેતમજૂરોની જરૂર પડે છે. આ ઉપરાંત અહીંયા ઘણા ખેડૂતો પાસે તેનાથી પણ મોટા ખેતરો છે જેઓ કેટલાક લોકોને કામ ઉપર રાખે છે.

આ સિવાય ખેડૂતો પાસે એગ્રોનોમિસ્ટ, મિકેનિક, એકાઉન્ટન્ટ અને એગ્રોસાયન્ટિસ્ટ તથા અન્ય ટેકનિકલ સ્ટાફ નોકરીએ રાખીને ઓછા માણસોમાં મોટા ખેતરોની સંભાળ રાખતા હોય છે. ભારતમાં મોટાભાગને ખેડૂતો પાસે પરિવાર ખેતરમાં કામ કરતો નથી. જે ખેડૂત પરિવારો ખેતરોમાં કામ કરે છે તે ખેતમજૂરો હોય છે. તેના કારણે ક્યારેય ખેડૂતો વ્યાપક નફો કરી શકતા નથી.

અમેરિકાના ખેડૂતોની જે આવક અને શ્રીમંતાઈ છે તેની પાછળ સરકારની મદદ પણ રહેલી છે. અમેરિકામાં ખેડૂતોને સેરરાશ ૩૦,૦૦૦ ડોલર એટલે કે અંદાજે ૨૬ લાખ રૂપિયાની સીધી સરકારી સહાય કરવામાં આવે છે. વર્ષે ખેડૂતોને ૨૬ લાખ તો માત્ર મદદ મળે છે. આ સિવાય અન્ય લાભ અલગ રીતે મળે છે. તેની સામે ભારતીય ખેડૂતોની વાત કરીએ તો ભારતીય ખેડૂતોને પીએમ કિસાન યોજના દ્વારા માત્ર ૬૦૦૦ રૂપિયા વર્ષે આપવામાં આવે છે. અમેરિકામાં પાક નિષ્ફળ જાય કે રોગચાળો ફાટે કે કુદરતી આપત્તીમાં નુકસાન જાય તો સરકાર દ્વારા વળતર રૂપે મોટી રકમ આપવામાં આવે છે જેથી ખેડૂતને નુકસાન ન જાય. તેની સામે ભારતમાં નુકસાન જવાની સ્થિતિમાં તો મહિનાઓ સુધી તેની તપાસ કરવા સુધીની તસદી લેવામાં આવતી નથી. આ ઉપરાંત પાક સહાયના નામે માત્ર મજાક જેવી જાહેરાતો કરવામાં આવે છે. ઘણા રાજ્યોમાં તો ખેડૂતોને વર્ષો સુધી વળતરની જાહેર કરેલી રકમ પણ મળતી નથી. અમેરિકામાં ખેડૂતોને સરકાર પોતાના પાર્ટનર સમજીને સાચવે છે. તેમને વળતર આપે છે. જ્યારે ભારતમાં સહાય અને વળતરનો આશય માત્ર દેવામાંથી બહાર લાવવાનો કે ખેડૂત પરિવાર ભુખમરામાં ન સપડાય તેનો છે. દેશની ઈકોનોમીમાં ખેડૂત ખૂબ જ મહત્ત્વનો છે તેવું ક્યારેય માનવામાં આવ્યું જ નથી.

# દેશનું સૌથી મોટું સુરક્ષા દળ સરકાર સામે કોર્ટે ચઢ્યું



દેશની આંતરીક સુરક્ષા સંભાળનાર સૌથી મોટુ દળ સીઆરપીએફ, બીએસએફ, સીઆઈએસએફ, આઈટીબીપી અને એસએસબી એટલે કે સીએપીએફ (સેન્ટ્રલ આર્મડ પોલીસ ફોર્સ) કેન્દ્ર સરકાર સામે સુપ્રિમ કોર્ટમાં લડાઈ લડી રહ્યું છે. આ તમામ દળો ગૃહમંત્રાલય હેઠળ કામ કરે છે. આ જ મંત્રાલય સાથે એમને કાયદાકીય વાંધો પડયો છે. સીઆરપીની સ્થાપના ૧૯૩૯માં અંગ્રેજોએ કરી હતી. આઝાદી પછી એનું નામ સીએપીએફ કરવામાં આવ્યું. ત્યાર પછી બીએસએફ, આઈટીબીપી, એસએસબી અને સીઆઈએસએફની સ્થાપના થઈ. આ બધાને મળીને સીએપીએફ કહેવામાં આવે છે. શરૂઆતમાં ઉચ્ચ પદે લશ્કર અથવા તો આઈપીએસ અધિકારીઓને ડેપ્યુટેશન પરથી લાવવામાં આવતા હતા. પછીથી આ વ્યવસ્થા કાયમી થઈ ગઈ. આજે પરિસ્થિતિ એવી છે કે ડીઆઈજી અને આઈજી જેવા હોદ્દા પર મોટી સંખ્યામાં આઈપીએસ અધિકારીઓ હોય છે. સીએપીએફના અધિકારીઓનો આક્ષેપ છે કે એમના અધિકારીઓને ઉચ્ચ પદે જવાનો મોકો નથી મળતો.

લોકસભામાં વિરોધપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ લોકસભામાં આપેલું ભાષણ ખૂબ જાણીતુ થયું છે. ભાષણને કારણે સરકાર ચિંતામાં પડી ગઈ છે અને મંત્રીઓએ વળતા પ્રહાર ચાલુ કર્યા છે. જોકે રાજકીય નીરિક્ષકોના કહેવા પ્રમાણે રાહુલ ગાંધી સામે વિશેષાધિકાર ભંગની દરખાસ્ત લાવવાની હિંમત સરકાર કરી શકે એમ નથી. સરકારને ડર છે કે જો આમ કરવા જશે તો આખા દેશમાં રાહુલ ગાંધી હીરો બની જશે. વિવાદ હજી શાંત થયો નથી. કેટલાક રાજકીય નીરિક્ષકો એવી સંભાવના વ્યક્ત કરે છે કે રાહુલ ગાંધીએ લોકસભામાં આપેલા પ્રવચનમાંથી કદાચ કેટલાક અંશ રેકર્ડ પરથી દુર કરવામાં આવે. કોંગ્રેસના સાંસદ કેસી વેણુગોપાલએ ભાજપ પર બેવડી નીતી અપનાવવાનો આક્ષેપ કર્યો હતો. એમણે કહ્યું હતું કે, 'અગાઉ રાહુલ ગાંધીને સાંસદ તરીકે દુર કરવામાં આવ્યા હતા, પરંતુ લોકોએ એમને મોટા અંતરથી ચૂંટીને ફરીથી સંસદમાં મોકલ્યા છે.'

ભારત અને અમેરિકા વચ્ચે જે વ્યાપાર સમજૂતી થઈ એના વખાણ ગાય-વગાડીને કરવામાં આવ્યા. વિરોધ પક્ષોએ આ સમજૂતીને ભારતના ખેડૂતો વિરુદ્ધની ગણાવી હતી. સરકાર પક્ષે એવી હૈયાધારણ આપવામાં આવી હતી કે આ સમજૂતીને કારણે ખેડૂતોનું અહીત થવાનું નથી. જોકે હવે જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ખેડૂતો તેમજ ઉદ્યોગપતિઓ આવનાર વર્ષોમાં મોટુ નુકસાન થવાની સંભાવના વ્યક્ત કરે છે. જમ્મુ - કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં મોટા પાયે સફરજનની ખેતી થાય છે. આયાત ડયુટીમાં છૂટ આપ્યા પછી આવનાર મહિનામાં અમેરિકાના સફરજન ભારતના બજારમાં ખડકવામાં આવશે. આ કારણે જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશ અને કેટલાક અંશે ઉત્તરાખંડના સફરજનની કીંમતમાં પણ મોટા પાયે ઘટાડો થશે. ભારત - અમેરિકા વચ્ચે થયેલી સમજૂતીમાં સફરજનની આયાત ડયુટી ૫૦ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરી નાખવામાં આવી છે.

વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સંસદમાં કેન્દ્રીય મંત્રી હરદીપ પૂરી પર આક્ષેપ કર્યા હતા. એપસ્ટીનની ફાઈલમાં હરદીપનું નામ હોવા સંદર્ભે રાહુલ ગાંધીએ ખૂલાસો માંગ્યો હતો. વિરોધ પક્ષની ટીકાનો મારો થતાં જ રઘવાયેલા હરદીપ પુરીએ બચાવમાં કહ્યું છે કે 'એપસ્ટીન સાથે એમની મુલાકાત કેટલાક ખાસ પ્રસંગોએ થઈ હતી. તેઓ એક પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે અમેરિકા ગયા હતા ત્યારે એપસ્ટીનને મળ્યા હતા. એમની સાથે ફક્ત એક વખત ઈમેલ દ્વારા સંવાદ થયો હતો. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, હરદીપ પુરીની ઓળખાણ એપસ્ટીન સાથે કોણે કરાવી એની એમને ખબર છે. હરદીપ પુરી પણ જાણે છે કે કોણે એમની ઓળખાણ એપસ્ટીન સાથે કરાવી હતી. હરદીપ પુરીએ બચાવમાં કહેવું પડયું હતું કે, 'એપસ્ટીન સાથે જોડાયેલી ૩૦ લાખ જેટલી ફાઈલો રીલીઝ કરવામાં આવી છે. હું ન્યૂયોર્કમાં ૮ વર્ષ રહ્યો છું. ત્યાં હું સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના એમ્બેસેડર તરીકે રહેતો હતો.'

લોકસભાના સ્પીકર ઓમ બીરલા વિરુદ્ધ વિરોધપક્ષે અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કરવા નોટીસ આપી છે. ઓમ બીરલાએ વિરોધ પક્ષના ૮ સાંસદોને સસ્પેન્ડ કર્યા હતા ત્યાર પછી વિરોધપક્ષ અને સ્પીકર વચ્ચે વિવાદ ઉભો થયો છે. શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના સાંસદ અરવિંદ સાંવતએ આક્ષેપ કર્યો છે કે, 'લોકસભામાં જે રીતે કાર્યવાહી થઈ રહી છે એ બંધારણને અનુરૂપ નથી. લોકશાહીમાં સંસદનું સ્થાન સૌથી અગત્યનું છે. ઓમ બીરલા વિવાદમાં આવ્યા હોય એવું પહેલી વખત બન્યું નથી. ૨૦૨૪ના જૂન મહિનામાં બીજી વખત લોકસભાના સ્પીકર તરીકે ચૂંટાયા પછી ઓમ બીરલા પર આરોપ મૂકવામાં આવ્યો હતો કે તેઓ વિરોધપક્ષના સાંસદોને બોલવા નથી દેતા. તેઓ સરકાર તરફી હોવાનો આક્ષેપ પણ એ વખતે થયો હતો. સ્પીકર તરીકે ચૂંટાયા પછી જ્યારે નરેન્દ્ર મોદીએ એમની સાથે હાથ મેળવ્યા હતા ત્યારે બીરલાએ એમની સાથે નમીને હાથ મેળવ્યા હતા. બીજી તરફ રાહુલ ગાંધીએ હાથ મેળવ્યા હતા ત્યારે બીરલા નમ્યા વગર ટટ્ટાર ઉભા રહ્યા હતા. એ વખતે પણ રાહુલ ગાંધીએ સ્પીકરની ટીકા કરી હતી. નીટ પરીક્ષા બાબતે થતી ચર્ચામાં જ્યારે રાહુલ ગાંધી બોલી રહ્યા હતા ત્યારે સ્પીકર ઓમ બીરલાએ એમનું માઈક બંધ કરી દીધું હતું.

સુપ્રિમ કોર્ટે ઓટીટી પ્લેટફોર્મ નેટફલીક્સ અને ફિલ્મ દિગ્દર્શક નીરજ પાંડે પાસે 'ઘૂસખોર પંડીત' ટાઈટલ બાબતે ખૂલાસો માંગ્યો હતો. ન્યાયાધીશોએ કહ્યું હતું કે, કોર્ટ એ જાણવા માંગે છે કે, ફિલ્મનું નામ બદલવાનો પ્રસ્તાવ કેમ રજૂ કરવામાં આવ્યો છે. કોર્ટે ચોખ્ખા શબ્દોમાં કહ્યું હતું કે, આ પ્રકારનું નામ એટલા માટે નક્કી કરવામાં આવે છે કે ફિલ્મને પ્રસિદ્ધી મળે. જસ્ટીસ બી વી નાગરત્નાની બેન્ચે 'ઘૂસખોર પંડીત'ના નિર્માતાને ઠપકો આપતા કહ્યું હતું કે, કોઈપણ વર્ગને અપમાનીત કરી શકાય નહીં. સમાજમાં પહેલા જ આટલી મોટી તડ છે. એને તેમા હવે તમે વધારો નહીં કરો. તમે ટાઈટલ બદલવાની વાત કરો છો તો અમને કહો કે તમે નવું નામ કયું રાખવાના છો? એ પણ કહો કે તમારી ફિલ્મમાં સમાજના કોઈક વર્ગ માટે વાંધાજનક વાત છે કે નહીં?

# આજનાં વિદ્યાર્થી થકી જ ભારતનું ભવિષ્ય ઉજ્જવળ છે! આ સત્ય પરીક્ષા કરતાં પણ મોટું છે.



સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી ધોરણ 10 ની, અને 12 ની પરીક્ષાઓ 26/2 થી શરૂ થશે. તો સૌ પ્રથમ તો પરીક્ષાની રીક્ષા આવશે તો શું થશે? એવું ખોટું વિચાર્યા વગર બધાં વિદ્યાર્થીઓ સકારાત્મક થઈને જાય! કારણ કે આ વિદ્યાર્થીઓ જ ઉજ્જવળ ભારતનાં ઘડવૈયા છે. સૌને પરીક્ષા માટે શુભેચ્છાઓ અને અંતરનાં આશીર્વાદ. ભારત પોતાનાં યુવાધનથી પોતાનું ભવિષ્ય સુંદર રીતે ઘડી રહ્યું છે, અને હજી પણ જો દરેક વિદ્યાર્થીઓ નીતિ પૂર્વક જીવવાનું પસંદ કરે તો, આનાથી પણ સુંદર ભારતની રચના થઈ શકે, અને મને વિશ્વાસ છે કે થશે! આપણને દરેકને ભારતનાં ઉજ્જવળ ભવિષ્યની ઝંખના છે, અને હોય પણ ખરી! આખરે આપણો જ દેશ છે. સતત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાથી પાસ થતાં આ વિદ્યાર્થીઓ ઓને એટલું અવશ્ય કહેવાનું છે કે, જીવનની પરીક્ષામાં આમાંનું એક પણ બોર્ડ કામ આવતું નથી! એટલે નિતી પૂર્વક પરીક્ષા આપવી, કારણકે જ્યારે સાચી પરીક્ષાઓ આવે ત્યારે આ શિક્ષણ કે એમાં આવેલાં ટકા કામ આવતાં નથી. એને વિશે વિચારીને શિક્ષણ પદ્ધતિ ભલે ન સુધરે, પણ ઘરનાં સંતાનોને આ વાત સમજાવવી પડશે કે, આ પરીક્ષા જીવનનું એક એવું ચેપ્ટર છે, જેમાં મળેલ સફળતા નિષ્ફળતા બહુ થોડા સમય માટે જ રહે છે, એટલે એનાં પરિણામ પર ડીસઅપોઈન્ટ થવાની જરૂર નથી, તો કદાચ આગળ જતાં એનું જીવન વધુ સરળ રહે. વિદ્યા અર્થે જે સ્કૂલ કોલેજ જાય તે વિદ્યાર્થી! સમયને કારણે અક્ષરજ્ઞાન ને વિદ્યા કહેવું પડે છે! બાકી વિદ્યાનો અર્થ બહુ વિશાળ છે. સ્કૂલ કોલેજમાં લેવાતી આ શૈક્ષણિક પરીક્ષાઓ આગળ કામ આવે કે ન આવે! પણ દેવી પડે, પાસ થવું પડે, ડીગ્રીઓ નાં છોગા વધારવાં પડે! પણ જ્યારે ખબર હોય કે આ પરીક્ષામાં સફળ થવા માત્રથી કંઈ જીવન આસાન થવાનું નથી, ત્યારે એમાં અનીતિથી બચી શકાય એટલું બચવું! જીવનમાં સુખ કદાચ સાધનથી મળે, પણ શાંતિ તો સત્ય અને સંતોષથી જ આવશે! એ વાત ખાસ સંતાનોને શીખવવી, નહીં તો કમાવા માટેની આ દોડ ક્યારેય પૂરી નહીં થાય! અને જીવનનાં એક મુકામે એમ થાય કે આપણે તો આવું કંઈ કર્યું જ નહીં! ટૂંકમાં શિક્ષણ કરતાં સંસ્કાર પર આજનાં માતા પિતાએ વધુ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. છેલ્લા 20 / 30 વર્ષનો આ રેશિયો જોઈએ તો દિવસેને દિવસે માતાપિતા વિદ્યાર્થી કરતાં પણ વધુ મહત્વકાંક્ષી બની ગયાં છે, અને દરેક માતા પિતામાં સુપર ચાઈલ્ડ મેન્ટાલીટી ડેવલપ થતી જાય છે, જે એક બાળ માનસ માટે ભયંકર ખતરો છે. ધોરણ 10 ની વાત કરીએ તો ત્યારે મોટે ભાગે દરેક વિદ્યાર્થી 13 થી 15 વર્ષનાં ગાળામાં હોય, અને આ ટીનએજમાં તેનાં શારીરિક બંધારણમાં પણ ફેરફાર થાય. એ લોકો એડલ્ટ બનવા તરફ કુદરતી રીતે આગળ વધતાં હોય, એટલે અમુક પ્રકારનાં આંતરિક હોર્મોન્સ પણ ડેવલપ થતાં હોય છે, અને એને કારણે છોકરા છોકરીઓમાં વિજાતીય આકર્ષણ તળે હોય. એમાં ટીવી મીડિયા, સોશિયલ મીડિયા, દરેક પાસે પોતાનાં સેલફોન, અને અન્ય રીતે આ ટીન એજ યુવક યુવતીઓને ઉશ્કેરે એવા દ્રશ્યો એના માનસમાં જીલાતા હોય, ત્યારે ભણવાનું આ પ્રેસર અને ઉપરથી માતા પિતાની મહત્વકાંક્ષા! માતાપિતાની ઈચ્છા દિવસે ને દિવસે વધતી જતી મોંઘવારીને કારણે પોતાનાં સંતાનને આગળનાં ભવિષ્યમાં સારું ભણતર મેળવ્યું હોય તો, એવી કોઈ ચિંતા ન રહે, એ માટે રખાયેલી હોય! આર્થિક રીતે પણ પોતાની હેસિયતથી વધુ બોજ લીધો હોય, અને પોતાનાં સંતાનનાં કેલીબરથી વધારે એની પર આશા રાખી હોય, તો આ બંને વસ્તુ આગળ જતાં અત્યંત દુઃખદાઈ પરિણામ આપે. ઉપરથી અંદરો અંદર અપેક્ષા પૂરી ન થયાની વાતને કારણે સંબંધોમાં કડવાસ વધે. કોઈ કોઈ વાર વિદ્યાર્થી ભયંકર ડિપ્રેશન અનુભવે છે, અને વ્યસનનો સહારો લેતો થઈ જાય! ઘરેથી ભાગી જાય, કે પછી આત્મહત્યા કરે! ભારતીય શાસ્ત્રો મુજબ દરેકે દરેક વ્યક્તિનો જન્મ એનાં ઋણાનુબંધ પર નક્કી થતો હોય છે. એટલે કે માતાપિતાનો અને સંતાનનો અંદરો અંદર ઋણાનુબંધનો પૂર્વ જન્મનો સંબંધ આ જન્મ માટે જવાબદાર હોય છે. આ જન્મમાં તો એ તેના માતાપિતા છે, અને એ તો સૌથી મોટું ઋણ છે જ, પરંતુ એ સિવાય આગલા જન્મનું ઋણ રહ્યું હોય માટે આ જન્મ મળ્યો, એવી વાત આપણા મનીષીઓ દ્વારા કરવામાં આવી છે. ઉપરથી આ વાત માત્ર માતાપિતા એટલે કે પરિવાર પૂરતી નથી હોતી, આડોસ પાડોશ સાથે પણ આ વાત લાગુ પડે છે, અને આ જન્મભૂમિ સાથે પણ આપણું ઋણાનુબંધ હોય છે. એ જ રીતે દેશ સાથે પણ આપણું ઋણાનુબંધ હોવાથી આપણો જન્મ ભારતમાં થયો છે, અને એ ઋણ આપણે કઈ રીતે ચૂકવી શકીશું, એ દરેક વિદ્યાર્થીઓએ વિચારવાની જરૂર છે. સાંપ્રત સમયની વાત કરીએ તો આજનાં દરેક ક્ષેત્રમાં ગળાકાપ હરીફાઈ ચાલી રહી છે. પહેલાં આવું નહોતું, એટલે કે સતત સ્પર્ધાઓમાં કઈ રીતે જીવી શકાય! ઈશ્વરે દરેકે દરેક માનવીમાં કોઈને કોઈ લાક્ષણિકતા મુકી છે, એને જાણી લેવાની, અને એ મુજબ એને પ્રોત્સાહિત કરવાનો હોય છે. દરેકે દરેક વિદ્યાર્થી ડોક્ટર, એન્જિનિયર, ચાર્ટર એકાઉન્ટન્ટ, પીએચડી, કે પછી અન્ય કોઈ ડીગ્રી ન જ મેળવી શકે! એ વાત પણ દરેકે યાદ રાખવાની હોય છે. પરંતુ સુપર ચાઈલ્ડનું દુષણ, અને સર્વશ્રેષ્ઠ બનવાની મહત્વાકાંક્ષાને કારણે નીતિ અનીતિ વચ્ચેની ભેદરેખા ભૂલાઈ ગઈ છે. શિક્ષણનો મૂળ હેતુ શિષ્ટાચાર શીખવવાનો હતો, એ ધીરેધીરે ઓછો થતો જાય છે, અને માનવી શું માત્ર બાહ્ય દેખાવથી હવે માનવ છે ? એવું ક્યારેક લાગે. કુટુંબ અને પરિવાર પણ એક પાઠશાળા છે, અને એમાં વિદ્યાર્થી વધુને વધુ સમય વિતાવતો હોય, ત્યારે એમાં શિક્ષણ જેટલું જ સંસ્કારને મહત્વ આપવામાં આવે, તો સો ટકા એનું ભવિષ્ય ઉજ્જવળ બનશે. આવા પ્રકારની પરીક્ષાઓમાં પાસ થાય કે ન થાય, પણ એ જીવનની પરીક્ષામાં ક્યારેય નિષ્ફળ નહીં જાય, કંઈક કરી જ લેશે! અને એ જે કરશે તે વિશેષ જ હશે. આજે એ વિદ્યાર્થી જીવનનાં દિવસો યાદ આવે છે, અને બહુ ગર્વ સાથે કહી શકાય કે બીએસસી ફર્સ્ટ ક્લાસ સુધીની દરેક પરીક્ષાઓ પોતાની લાયકાતથી જ પાસ કરી, ક્યારેય આજુબાજુમાં પણ જોવાનો વિચાર આવ્યો નથી. હા એ લોકો જરૂર કંઈકને કંઈક પૂછતાં, પણ ન આવડે તો ન લખવું! એ વાત પાકી હતી. ઋણાનુબંધની વાત કરીએ તો નાગર જેવી જ્ઞાતિમાં જન્મ મળ્યો હોવાથી, દીકરા દીકરીનો તફાવત નાનપણથી જ ન્હોતો, અને એને કારણે પોતાનો દરેક નિર્ણય લેવાની સ્વતંત્રતા મળી હતી. ઉપરથી એમનાં આચરણીય સંસ્કારો,કે જે હંમેશાં એમનાં જેવું જીવન જીવવાં પ્રેરતા હતાં. ઈતિહાસ મારો સૌથી પ્રિય વિષય! અને ધોરણ પાંચથી શરૂ કરીને દસ સુધી ઈતિહાસના દરેકે દરેક પાઠ મને એ વખતે મોંઢે રહેતાં. જો ત્યારે કેબીસી હોત તો એમાં જીતી શકત! આટલી લાંબી જીવનયાત્રા પરથી એક વાત તો પાક્કી જ છે કે, જીવનમાં ક્યારેય પરીક્ષાઓનો અંત આવતો નથી! એટલે પરીક્ષામાં ચોરી કરીને પાસ થઈ જાઉં, પછી ક્યારેય નહીં કરું, એ માત્ર ભ્રમ છે.

### કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ

# સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણની વિશેષ ઉપસ્થિતિમાં ડાકોરના મેળાની તૈયારીઓની કલેક્ટરશ્રી દ્વારા વિશેષ સમીક્ષા

## મુખ્યમંત્રીશ્રી દ્વારા શુભારંભ કરવામાં આવેલ નવરચિત ફાગવેલ તાલુકામાં ઝડપથી નવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બને તે દિશામાં સતત પ્રયત્નશીલ રહેવા અને નજીકના જ સમયમાં ત્યાં ચિંતન શિબીરનું આયોજન કરી હજૂ વધુ સુવિધાઓ કેવી રીતે વિકસાવી શકાય તેનું બ્રેઈન સ્ટ્રોમિંગ કરવાની સૂચના આપતા જિલ્લા કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવ

**નડિયાદ, તા.21**

સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણની વિશેષ ઉપસ્થિતિમાં અને જિલ્લા કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવના અધ્યક્ષ સ્થાને આજરોજ જિલ્લા સંકલન સહ ફરિયાદ અને વિવિધ સમિતિઓની બેઠક નડિયાદ કલેકટર કચેરી ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં ભારત સરકાર દ્વારા રાશનની દુકાનો પર અનાજ વિતરણ પ્રક્રિયાને સરળ અને પારદર્શક બનાવવા માટે શરૂ કરવામાં આવેલી અન્ન એટીએમ (Grain ATM) આધુનિક પહેલની ચર્ચા સાંસદશ્રી દ્વારા કરવામાં આવી હતી. જેમાં સાંસદશ્રી અને કલેકટરશ્રીએ જિલ્લા પુરવઠા અધિકારીશ્રી પાસે Auto Grain Dispensing Machine ; જિલ્લામાં પ્રારંભ બાબતે સમીક્ષા કરી હતી. જિલ્લામાં ફાગણી પુનમના મેળા નિમિત્તે તા. ૨૭ ફેબ્રુઆરીથી ૩ માર્ચ સુધી ડાકોર ખાતે થનારા ફાગણોત્સવની વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. ડાકોર પદયાત્રી સેવા સંકલન



સમિતિની કામગીરી અને પદયાત્રીઓ માટે સુવિધાઓ અને સેવા જેમકે પદયાત્રીઓનું આરોગ્ય, સ્વચ્છતા અને સુરક્ષા બાબતો પર ખાસ ધ્યાન આપવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. રોડ-રસ્તા, પીવાનું પાણી, સફાઈ અને સ્વસ્છતા, મોબાઈલ ટોયલેટ, નાગરિકો માટે સુરક્ષા સહિત તમામ મુદ્દે થઈ વિશેષ ચર્ચા થઈ હતી. કોઈ પણ પ્રકારની મેડિકલ ઈમરજન્સી સામે રક્ષણ મેળવવા માટે ૧૨ એમ્બ્યુલન્સ ડાકોર મેળાના સમયે કાર્યરત કરવામાં આવશે. આ સાથે ડાકોર સબસેન્ટર, મહેમદાવાદ અને ગળતેશ્વર ખાતે પણ ખાસ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. પદયાત્રા પરથી પસાર થનાર તમામ શ્રદ્ધાળુઓ માટે સ્વચ્છ અને સુરક્ષિત પદયાત્રાનું આયોજન કરવામાં આવશે. અને પદયાત્રીઓને કોઈ પણ તકલીફ નહીં પડે એની પૂરી તકેદારી રાખવામાં આવશે. આ માટે કાયદો સલામતી અને વ્યવસ્થાના ભાગરુપે અવિરત અંદાજે ૨૦૦૦ પોલીસકર્મીઓ સહિત સીસીટીવી કેમેરા પણ દેખરેખમાં ઉપલબ્ધ છે એમ નાયબ પોલીસ અધિક્ષકશ્રી ડૉ.દિવ્યાબેન જાડેજાએ જણાવ્યું હતુ. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા શુભારંભ કરવામાં આવેલ નવરચિત ફાગવેલ તાલુકામાં ઝડપથી નવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બને તે દિશામાં સતત પ્રયત્નશીલ રહેવા અને નજીકના જ સમયમાં ત્યાં ચિંતન શિબીરનું આયોજન કરી હજૂ વધુ સુવિધાઓ કેવી રીતે વિકસાવી શકાય તેનું બ્રેઈન સ્ટોર્મિંગ કરવાની જિલ્લા કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવે સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. આગામી સમયમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાના સૂચારૂ આયોજન બાબતે જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા કરવામાં આવી સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા રોડ સેફટી કમિટીની બેઠકમાં જિલ્લાના રોડ રસ્તાઓની સ્થિતી અને મરમ્મત, ધાર્મિક દબાણની બેઠક, કાયદો વ્યવસ્થા અંગે તેમજ જિલ્લા બાળશ્રમ નાબુદીની બેઠક, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટીની બેઠક તેમજ ગુજરાત રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની બેઠક અને જિલ્લા જળ અને જાહેર સ્વચ્છતા અંગે, ત્મજ ની બેઠક પણ સંબંધિત અધિકારીશ્રીઓ સાથે યોજાઈ હતી. જેમાં તેઓ સર્વેશ્રીએ વિષય સંબંધિત માહિતી તથા થયેલ કામીગીરી અંગે વિગતો રજૂ કરી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી જયંત કિશોર, નાયબ વન સંરક્ષકશ્રી અભિષેક સામરિયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી લલિતભાઈ પટેલ, સંખ્યાધિક અધિક કલેકટરશ્રી અવનીબેન વોરા, નિવાસી અધિક કલેકટરશ્રી જે.બી.દેસાઈ, પ્રાંત સર્વશ્રી નડિયાદ, ઠાસરા, કપડવંજ તેમજ સર્વશ્રી સંકલન સમિતિના અધિકારીશ્રીઓ સહિત વિવિધ સમિતિઓના સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### દેશના વિવિધ રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને એક્સપ્રેસવે પર ૧૧૫૦થી વધુ ફી પ્લાઝા પર કાર્યકારી કાર્યક્ષમતા મજબૂત બનશે

# તા. ૦૧ એપ્રિલ ૨૦૨૬થી દેશભરમાં સંપૂર્ણપણે ડિજિટલ નેશનલ હાઈવે ટોલિંગ ઈકોસિસ્ટમ વિકસાવાશે

## દેશભરમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગના મુસાફરો માટે તાત્કાલિક અને સુલભ ડિજિટલ ચુકવણી વિકલ્પોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરે છે.

**નડિયાદ, તા.21**

સંપૂર્ણપણે ડિજિટલ નેશનલ હાઈવે ટોલિંગ ઈકોસિસ્ટમ વિકસાવવા માટે, નેશનલ હાઈવે ઑથોરીટીઓફ ઈન્ડીયા- NHAI ૦૧ એપ્રિલ ૨૦૨૬થી દેશભરના નેશનલ હાઈવે ફી પ્લાઝા પર રોકડ વ્યવહારો સંપૂર્ણપણે બંધ કરવાનું વિચારી રહ્યું છે. અમલીકરણ પછી, નેશનલ હાઈવે ફી પ્લાઝા પર તમામ ટોલ ચુકવણીઓ ફક્ત FASTag અથવા યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) નો ઉપયોગ કરીને ડિજિટલ મોડ દ્વારા પ્રક્રિયા કરવામાં આવશે. પ્રસ્તાવિત પગલાનો ઉદ્દેશ્ય ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શનમાં પ્રાપ્ત થયેલા લાભોને એકીકૃત કરવાનો અને નેશનલ હાઈવે ફી પ્લાઝા કામગીરીની કાર્યક્ષમતા અને વિશ્વસનીયતાને મજબૂત બનાવવાનો છે. આ સંક્રમણ લેન થ્રુપુટમાં સુધારો કરીને, ફી પ્લાઝા પર ભીડ ઘટાડીને અને ટોલ વ્યવહારોમાં વધુ સુસંગતતા અને પારદર્શિતા લાવીને રાષ્ટ્રીય હાઈવે વપરાશકર્તાઓ માટે યાત્રાની સરળતા વધારવામાં મદદ કરશે. છેલ્લા કેટલાક વર્ષોમાં, FASTag ના ૯૮ ટકાથી વધુ પ્રવેશે દેશમાં ટોલ વસૂલાત પ્રથાઓમાં નોંધપાત્ર પરિવર્તન લાવ્યું છે. હાલમાં, ટોલ વ્યવહારોનો મોટો હિસ્સો વાહનોમાં લગાવેલા RFID-સક્ષમ FASTag દ્વારા ઈલેક્ટ્રોનિક રીતે પ્રક્રિયા કરવામાં આવે છે, જે ટોલ પ્લાઝા પર સીમલેસ અને કોન્ટેક્ટલેસ હિલચાલને સરળ બનાવે છે. આ ઉપરાંત, રાષ્ટ્રીય ધોરીમાર્ગ ટોલ પ્લાઝા પર UPI ચુકવણી સુવિધાઓ કાર્યરત કરવામાં આવી છે, જે દેશભરમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગના મુસાફરો માટે તાત્કાલિક અને સુલભ ડિજિટલ ચુકવણી વિકલ્પોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરે છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ ફી નિયમો અનુસાર, માન્ય, કાર્યાત્મક FASTag વિના ફી પ્લાઝામાં પ્રવેશતા વાહનો પાસેથી ફી ચુકવણી રોકડમાં કરવામાં આવે તો લાગુ વપરાશકર્તા ફી કરતાં બમણું વસૂલવામાં આવે છે. જ્યારે રાષ્ટ્રીય ધોરીમાર્ગના વપરાશકર્તાઓ કે જેઓ UPI દ્વારા ચૂકવણી કરવાનું પસંદ કરે છે તેમની પાસેથી લાગુ વાહન શ્રેણી માટે વપરાશકર્તા ફીના માત્ર ૧.૨૫ ગણું વસૂલવામાં આવે છે. આ પહેલોએ રોકડ વ્યવહારો પર નિર્ભરતા ઘટાડવા અને ટોલિંગ માળખાને ડિજિટાઈઝ કરવાના ઉદ્દેશ્યને સામૂહિક રીતે આગળ ધપાવ્યો છે. પ્લાઝા-સ્તરના મૂલ્યાંકનો સૂચવે છે કે રોકડ-આધારિત ચુકવણીઓ ભીડમાં વધારો કરી આપે છે, પીક ટ્રાફિક સમયગાળા દરમિયાન રાહ જોવાનો સમય વધે છે અને વ્યવહાર-સંબંધિત વિવાદો થાય છે. ડિજિટલ-માત્ર ચુકવણીના મોડમાં સંપૂર્ણ સંક્રમણ દેશના વિવિધ રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને એક્સપ્રેસવે પર ૧૧૫૦ થી વધુ ફી પ્લાઝા પર કાર્યકારી કાર્યક્ષમતાને મજબૂત બનાવશે. ટ્રાફિક વ્યવસ્થાપનમાં સુધારો કરશે. વિલંબ ઘટાડશે અને એકંદર રાષ્ટ્રીય ધોરીમાર્ગ વપરાશકર્તા અનુભવમાં વધારો કરશે.

# મિશન ઝીરો સ્ક્રેપ હેઠળ અમદાવાદ મંડળે સ્ક્રેપ વેચાણમાં 60 કરોડ રૂપિયાનો આંકડો પાર કર્યો



**અમદાવાદ, તા.21**

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળે 'મિશન જીરો સ્ક્રેપ' અંતર્ગત નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરતાં નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન અત્યાર સુધી 61.53 કરોડ મૂલ્યની સ્ક્રેપ સામગ્રીનું નિપટાન કરવામાં આવ્યું છે. આ સિદ્ધિ 'મિશન જીરો સ્ક્રેપ' હેઠળ અમદાવાદ મંડળની તેની તમામ સ્થાપનાઓ અને એકમોને સ્ક્રેપ-મુક્ત બનાવવાની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ દર્શાવે છે.

રેલવે પ્રશાસન દ્વારા બિનઉપયોગી, પરિત્યક્ત અને અપ્રચલિત સામગ્રીના સુવ્યવસ્થિત નિપટાન દ્વારા માત્ર આવક જ પ્રાપ્ત કરવામાં આવી રહી નથી, પરંતુ સંપત્તિઓનું અસરકારક સંચાલન તેમજ સ્વચ્છ પરિસર પણ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે.

અમદાવાદ મંડળ દ્વારા વિવિધ પ્રકારની સ્ક્રેપ સામગ્રીની વેચાણ પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે, જેમાં સ્ક્રેપ રેલ, અન્ય પી-વે (P-Way) સામગ્રી/સ્લીપર, માઈલ્ડ સ્ટીલ અને કાસ્ટ આયર્ન સ્ક્રેપ, સ્ક્રેપ બેટરીઓ, પ્લાસ્ટિક સામગ્રી, કચરો કાગળ, સ્ક્રેપ લાકડું તેમજ તાંબું, એલ્યુમિનિયમ અને પિત્તળ જેવી અલૌહ ધાતુ સ્ક્રેપનો સમાવેશ થાય છે.તે ઉપરાંત, પરિત્યક્ત કોચ, વેગન અને લોકોમોટિવ પણ નિયમો મુજબ વેચવામાં આવી રહ્યા છે.

મિશન જીરો સ્ક્રેપ' અંતર્ગત પ્રાપ્ત આ સિદ્ધિ અમદાવાદ મંડળના કુશળ સંપત્તિ સંચાલન, સુધારેલી હાઉસકીપિંગ વ્યવસ્થા તેમજ સ્ક્રેપ સામગ્રીની સમયસર ઓળખ અને નિપટાન દ્વારા સંસાધનોના શ્રેષ્ઠ ઉપયોગ માટેના સતત પ્રયત્નોને દર્શાવે છે.

# રિવરફ્રન્ટ હાઉસ ખાતે શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા દ્વારા 'મોબિલિટી એક્ઝિબિશન'નું ઉદ્ઘાટન

## અમદાવાદને 2036ની ઓલિમ્પિક્સ માટે તૈયાર કરવા ભવ્ય વિઝનની રૂપરેખા રજૂ કરાઈ, 3000થી વધુ ઈલેક્ટ્રિક બસો, મેટ્રો કનેક્ટિવિટી અને RRTS દ્વારા શહેરની કાયાપલટ કરવાનું આયોજન, નેટ ઝીરો કાર્બન ઉત્સર્જનના લક્ષ્યાંક સાથે ઈ-વ્હીકલ ટેક્સમાં 100% મુક્તિ

**અમદાવાદ, તા.21**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને શિફ્ટ ટ્રાન્સપોર્ટના સંયુક્ત ઉપક્રમે 'અમદાવાદ નેક્સ્ટ' અને 'મોબિલિટી એક્ઝિબિશન' કાર્યક્રમ શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાની ઉપસ્થિતિમાં રીવરફ્રન્ટ હાઉસ ખાતે યોજાયો હતો. તા. 23 ફેબ્રુઆરી, 2026 સુધી ચાલનાર આ એક્ઝિબિશનના ઉદ્ઘાટન પ્રસંગે અમદાવાદને 2036ની ઓલિમ્પિક્સ માટે તૈયાર કરવાના ભવ્ય વિઝનની રૂપરેખા રજૂ કરી હતી. કાર્યક્રમના મુખ્ય અતિથિ શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાએ અમદાવાદની 'લાલ બસ' AMTS થી શરૂ કરીને BRTS અને મેટ્રો સુધીની ઐતિહાસિક સફરને બિરદાવી હતી. તેમણે જણાવ્યું કે, આગામી 25 થી 50 વર્ષના આયોજન સાથે સેકન્ડ રીંગ રોડ, લોજિસ્ટિક પાર્ક અને સાબરમતી રિવરફ્રન્ટનું વિસ્તરણ અમદાવાદને વિશ્વસ્તરીય 'લિવબલ સિટી' બનાવશે. તેમણે રીંગ રોડ પર ટ્રાફિક ઘટાડવા કનેક્ટર વાહનોના ઉપયોગ અને મેટ્રો સ્ટેશનો પર પાર્કિંગ સુવિધા વધારવા પર ભાર મૂક્યો હતો. મંત્રીશ્રીએ આયોજિત 'મોબિલિટી એક્ઝિબિશન'નું નિરીક્ષણ કર્યું હતું. અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈને આ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 2070 સુધીના 'નેટ ઝીરો' લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા AMC કટિબદ્ધ છે. આ માટે શહેરમાં 3000થી વધુ ઈ-બસો દોડાવવાનું આયોજન છે. ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા વાહન વેરામાં 100% મુક્તિ




અપાઈ છે. સાથોસાથ MyByk જેવી સેવાઓ દ્વારા પર્યાવરણની જાળવણીનો સંદેશ આપ્યો હતો. શહેરી વિકાસના વિભાગના અગ્રસચિવ શ્રી એમ. થેન્નારસને જણાવ્યું હતું કે, 2030ની કોમનવેલ્થ અને 2036ની ઓલિમ્પિક્સ માટે બીડિંગ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ એર ક્વોલિટી (AQI) સુધારવા માટે એરપોર્ટ અને ગિફ્ટ સિટીને જોડતી 04 નવી મેટ્રો લાઈનનો પ્રસ્તાવ છે. ગુજરાત સરકાર દ્વારા પરિવહન માટે વાયબીલીટી ગેપ ફન્ડિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ 'લાસ્ટ માઈલ કનેક્ટિવિટી' અને સ્માર્ટ ટ્રાફિક મેનેજમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેમણે જણાવ્યું કે, કલોલ અને સાણંદ જેવા સેટેલાઈટ ટાઉન્સને 'રીજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ' (RRTS) થી જોડવામાં આવશે, જેનાથી મુસાફરીનો સમય માત્ર 30-45 મિનિટ થઈ જશે. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી અમિત શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, AMTS ચેરમેન શ્રી ધરમશીભાઈ દેસાઈ, અધિક પોલીસ કમિશનર શ્રી નીરજ બડગુજર, શાસક પક્ષના નેતા શ્રી ગૌરાંગભાઈ પ્રજાપતિ સહિતના મહાનુભાવો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ મંડળમાં ડિસેમ્બર 2025 થી 19 ફેબ્રુઆરી 2026 સુધી 484 એલાર્મ ચેન પુલિંગની ઘટનાઓ નોંધાઈ

**અમદાવાદ, તા.21**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં ડિસેમ્બર 2025 થી 19 ફેબ્રુઆરી 2026 દરમિયાન કુલ 484 એલાર્મ ચેન પુલિંગ (ACP) ની ઘટનાઓ નોંધાઈ હતી. તેમાંથી 449 કેસોમાં નિયમિત રીતે કેસ નોંધવામાં આવ્યા હતા, જ્યારે બાકીના કેસોમાં પ્રાથમિક તપાસ બાદ કાનૂની કારણોસર કેસ નોંધવામાં આવ્યા નહોતા.આ કેસોમાં કાર્યવાહી કરતાં રેલવે સુરક્ષા દળ (RPF) દ્વારા 408 વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી તેમજ 48,700 નો દંડ વસૂલવામાં આવ્યો હતો. અમદાવાદ મંડળનું રેલવે સુરક્ષા દળ (RPF) યાત્રીઓની સુરક્ષા, રેલવે સંપત્તિની રક્ષા તથા સ્ટેશનો પર સુરક્ષિત વાતાવરણ જાળવી રાખવા માટે સંપૂર્ણ નિષ્ઠા અને સમર્પણ સાથે કાર્ય કરી રહ્યું છે. વર્ષ 2026 દરમિયાન એલાર્મ ચેન પુલિંગની ઘટનાઓ પર કડક નજર રાખતાં RPFએ સતર્કતા, ત્વરિત કાર્યવાહી અને અસરકારક સમન્વય દ્વારા નોંધપાત્ર નિયંત્રણ સ્થાપિત કર્યું છે, જેથી ટ્રેનોની સમયપાલનતા અને અવરોધરહિત રેલ પરિચાલન સુનિશ્ચિત થઈ શકે.

સ્ટેશન સ્તરે અમદાવાદ, સાબરમતી, મણિનગર, મહેસાણા, વિરમગામ અને ગાંધીધામ ખાતે એલાર્મ ચેન પુલિંગની ઘટનાઓ તુલનાત્મક રીતે વધુ નોંધાઈ હતી. જ્યારે સેક્શન સ્તરે ગેરતપુર-અમદાવાદ, અમદાવાદ-વિરમગામ, ઉંઝા-પાલનપુર, સામાખ્યાલી-ભુજ તેમજ અમદાવાદ-સાબરમતી ખંડોમાં વધુ ઘટનાઓ સામે આવી હતી, જ્યાં આરપીએફ દ્વારા વધારાની દેખરેખ તથા વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યા હતા. એલાર્મ ચેન પુલિંગના મુખ્ય કારણોમાં ખોટી ટ્રેન અથવા કોચમાં ચડી જવું, સામાન રહી જવું અથવા સહપ્રવાસી રહી જવા જેવી પરિસ્થિતિઓ મુખ્યરૂપે નોંધાઈ હતી. આ કારણોને ધ્યાનમાં રાખીને આરપીએફ દ્વારા મુસાફરોને જાગૃત કરવા માટે નિયમિત અભિયાન ચલાવવામાં આવી રહ્યા છે તેમજ રેલવે કર્મચારીઓ સાથે વધુ સારું સમન્વય સ્થાપિત કરવામાં આવ્યું છે.

તે ઉપરાંત આશ્રમ એક્સપ્રેસ, કચ્છ એક્સપ્રેસ, અલા હજરત એક્સપ્રેસ, અરાવલી એક્સપ્રેસ અને લોકશક્તિ એક્સપ્રેસ જેવી કેટલીક ટ્રેનોમાં એલાર્મ ચેન પુલિંગની ઘટનાઓ તુલનાત્મક રીતે વધુ નોંધાઈ હતી, જેના પર વિશેષ નજર રાખવામાં આવી રહી છે.

રેલવે પ્રશાસન તથા આરપીએફ મુસાફરોને અપીલ કરે છે કે એલાર્મ ચેનનો ઉપયોગ માત્ર આપાતકાલીન પરિસ્થિતિમાં જ કરે. અનાવશ્યક એલાર્મ ચેન પુલિંગ ન માત્ર ટ્રેન પરિચાલનમાં વિક્ષેપ ઉભો કરે છે, પરંતુ અન્ય મુસાફરોની સુરક્ષા અને સુવિધાને પણ અસર કરે છે.

### પ્રાકૃતિક કૃષિ: અમદાવાદ જિલ્લો નળકાંઠાના ખેડૂતોની આવક બમણી કરવા પ્રાકૃતિક ઉત્થાન કંપનીનું આયોજન

# સાણંદના ખીચામાં ગુજરાતના પ્રથમ FPO સંચાલિત 'મિલેટ્સ પ્રોસેસિંગ યુનિટ'નું ભવ્ય ઉદ્ઘાટન

## સંયુક્ત નિયામક ડૉ. મીનાબહેન ત્રિવેદીએ આ પહેલને બિરદાવતા જણાવ્યું હતું કે ગુજરાતમાં આ એક નવી શરૂઆત છે

**અમદાવાદ, તા.21**

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ખીચા ગામે ખેતીવાડી ખાતું, જિલ્લા પંચાયત અમદાવાદ, ધરતી ચેરિટેબલ ટ્રસ્ટ અને ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ લિમિટેડના સંયુક્ત સહયોગથી 'પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડ' ના મિલેટ્સ પ્રોસેસિંગ યુનિટનું ભવ્ય ઉદઘાટન કરવામાં આવ્યું હતું. સંયુક્ત ખેતી નિયામક ડૉ. મીનાબહેન ત્રિવેદી અને જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી હિતેશભાઈ પટેલના હસ્તે આ યુનિટનું ઉદઘાટન કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં કોઈ ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO) દ્વારા સ્થાપિત કરવામાં આવેલું આ પ્રકારનું પ્રથમ આધુનિક મિલેટ્સ પ્રોસેસિંગ યુનિટ છે. આ કાર્યક્રમમાં ધરતી ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી કાંતિભાઈ મકવાણાએ સંસ્થાની રચના અંગે માહિતી આપી હતી. ત્યારબાદ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કાશીરામભાઈ વાઘેલાએ મિલેટ્સ એટલે કે જાડા ધાનના ફાયદા જણાવતા કહ્યું હતું કે, આ પાક ઓછા ખર્ચે, ઓછા પાણીએ અને રાસાયણિક ખાતર વગર સરળતાથી લઈ શકાય છે. સાણંદ, બાવળા અને વિરમગામ જેવા નળકાંઠાના વિસ્તારોના ખેડૂતો જો આ યુનિટ દ્વારા પોતાના પાકનું મૂલ્યવર્ધન કરી પોતાની બ્રાન્ડથી જાતે વેચાણ કરશે, તો તેમની આવક ચોક્કસપણે બમણી થશે.

સંયુક્ત નિયામક ડૉ. મીનાબહેન ત્રિવેદીએ આ પહેલને બિરદાવતા જણાવ્યું હતું કે ગુજરાતમાં આ એક નવી શરૂઆત છે અને આ મોડેલ સફળ થતા આગામી સમયમાં અન્ય જિલ્લાઓમાં પણ આવા યુનિટ શરૂ કરવામાં આવશે. જિલ્લા ખેતીવાડી શ્રી અધિકારી હિતેશભાઈ પટેલે ખેડૂતોને પ્રોડક્ટના વેચાણ અને માર્કેટિંગમાં વિભાગ તરફથી સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી હતી. ટાટા મોટર્સના જનરલ મેનેજર શ્રી મહેશ સેતુરમને પણ સહકારી ધોરણે ચાલતા આવા એકમોથી ખેડૂતોનું જીવનધોરણ સુધરશે તેવો આશાવાદ વ્યક્ત કરી કંપની તરફથી સતત સહયોગ આપવાની વાત કરી હતી. ભારતીય સ્ટેટ બેંકના લોન મેનેજર શ્રી જિગ્નેશભાઈ વઘાસિયાએ આવા સામુહિક એકમો માટે બેંકની તત્પરતા દર્શાવી હતી. કાર્યક્રમના અંતે ધરતી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રગતિશીલ ખેડૂતો અને ડિરેક્ટર બોર્ડના સભ્યોને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ટાટા મોટર્સના CSR હેડ શ્રી સંપાદાસ ઘોષ, ઝાયડસ ફાર્માના શ્રી કપિલ આચાર્ય, સરપંચ શ્રી સોડાભાઈ વાઘેલા, તલાટી શ્રી



મહેન્દ્રભાઈ પટેલ સહિત બાવળા, સાણંદ અને વિરમગામના મોટી સંખ્યામાં ખેડૂત ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ખીચા ગામે ખેતીવાડી ખાતું, જિલ્લા પંચાયત અમદાવાદ, ધરતી ચેરિટેબલ ટ્રસ્ટ અને ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ લિમિટેડના સંયુક્ત સહયોગથી 'પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડ' ના મિલેટ્સ પ્રોસેસિંગ યુનિટનું ભવ્ય ઉદઘાટન કરવામાં આવ્યું હતું. સંયુક્ત ખેતી નિયામક ડૉ. મીનાબહેન ત્રિવેદી અને જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી હિતેશભાઈ પટેલના હસ્તે આ યુનિટનું ઉદઘાટન કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં કોઈ ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO) દ્વારા સ્થાપિત કરવામાં આવેલું આ પ્રકારનું પ્રથમ આધુનિક મિલેટ્સ પ્રોસેસિંગ યુનિટ છે. આ કાર્યક્રમમાં ધરતી ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી કાંતિભાઈ મકવાણાએ સંસ્થાની રચના અંગે માહિતી આપી હતી. ત્યારબાદ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કાશીરામભાઈ વાઘેલાએ મિલેટ્સ એટલે કે જાડા ધાનના ફાયદા જણાવતા કહ્યું હતું કે, આ પાક ઓછા ખર્ચે, ઓછા પાણીએ અને રાસાયણિક ખાતર વગર સરળતાથી લઈ શકાય છે. સાણંદ, બાવળા અને વિરમગામ જેવા નળકાંઠાના વિસ્તારોના ખેડૂતો જો આ યુનિટ દ્વારા પોતાના પાકનું મૂલ્યવર્ધન કરી પોતાની બ્રાન્ડથી જાતે વેચાણ કરશે, તો તેમની આવક ચોક્કસપણે બમણી થશે. સંયુક્ત નિયામક ડૉ. મીનાબહેન ત્રિવેદીએ આ પહેલને બિરદાવતા જણાવ્યું હતું કે ગુજરાતમાં આ એક નવી શરૂઆત છે અને આ મોડેલ સફળ થતા આગામી સમયમાં અન્ય જિલ્લાઓમાં પણ આવા યુનિટ શરૂ કરવામાં આવશે. જિલ્લા ખેતીવાડી શ્રી અધિકારી હિતેશભાઈ પટેલે ખેડૂતોને પ્રોડક્ટના વેચાણ અને માર્કેટિંગમાં વિભાગ તરફથી સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી હતી. ટાટા મોટર્સના જનરલ મેનેજર શ્રી મહેશ સેતુરમને પણ સહકારી ધોરણે ચાલતા આવા એકમોથી ખેડૂતોનું જીવનધોરણ સુધરશે તેવો આશાવાદ વ્યક્ત કરી કંપની તરફથી સતત સહયોગ આપવાની વાત કરી હતી. ભારતીય સ્ટેટ બેંકના લોન મેનેજર શ્રી જિગ્નેશભાઈ વઘાસિયાએ આવા સામુહિક એકમો માટે બેંકની તત્પરતા દર્શાવી હતી. કાર્યક્રમના અંતે ધરતી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રગતિશીલ ખેડૂતો અને ડિરેક્ટર બોર્ડના સભ્યોને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ટાટા મોટર્સના CSR હેડ શ્રી સંપાદાસ ઘોષ, ઝાયડસ ફાર્માના શ્રી કપિલ આચાર્ય, સરપંચ શ્રી સોડાભાઈ વાઘેલા, તલાટી શ્રી મહેન્દ્રભાઈ પટેલ સહિત બાવળા, સાણંદ અને વિરમગામના મોટી સંખ્યામાં ખેડૂત ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# ટીમ ઈન્ડિયાના ટોપ ઓર્ડરની નબળાઈ ઓફ-સ્પિન : 13 ટીમમાં ભારતનો સ્કોરિંગ રેટ સૌથી ખરાબ ; સૂર્યા નંબર-3 પર બેટિંગ કરી શકે છે



**નવી દિલ્હી, તા.21**

ટી-20 વર્લ્ડ કપ 2026ના ગ્રુપ સ્ટેજમાં ટીમ ઈન્ડિયાનું પ્રદર્શન શાનદાર રહ્યું, પરંતુ એક મોટી નબળાઈ પણ સામે આવી છે. ભારતીય ટોપ ઓર્ડરના પહેલા આઠ બેટરોમાંથી છ લેફ્ટ હેન્ડ છે. ટીમ આનો ફાયદો ઉઠાવીને ભારતીય બેટરો સામે સતત ઓફ સ્પિનનો ઉપયોગ કરી રહી છે. ટીમ ઈન્ડિયાના આસિસ્ટન્ટ કોચ રાયન ટેન ડોશ્ચેઝે પણ સ્વીકાર્યું છે કે ટીમને ટર્નિંગ પીચ અને મોટાં મેદાનો માટે વધુ સારી રણનીતિ બનાવવાની જરૂર છે. ભારતનો સ્કોરિંગ રેટ ખૂબ ઓછો ટુર્નામેન્ટમાં ભારતે ઓફ સ્પિન સામે સૌથી વધુ 102 બોલ રમ્યા. 6થી વધુ ઓવર ઓફ સ્પિન રમતી 13 ટીમોમાં ભારતનો રન રેટ ફક્ત 6.23 રહ્યો છે. આ મામલે ભારત કરતાં ખરાબ પ્રદર્શન ફક્ત નેપાળ અને ઓમાનનું રહ્યું. બાકીની બધી ટીમોએ ઓફ સ્પિન સામે 8 કે તેથી વધુના રન રેટથી બેટિંગ કરી. ક્રિકેટ નિષ્ણાતોનું માનવું છે કે ટીમ ઈન્ડિયાના ટોપ ઓર્ડરમાં 3 લેફ્ટ હેન્ડર્સ છે. ઓફ સ્પિનને ટેકલ કરવા માટે નંબર-3 પર તિલક વર્માની જગ્યાએ કેપ્ટન સૂર્યકુમાર યાદવે બેટિંગ કરવી જોઈએ. લેફ્ટી બેટર્સ સામે ઓફ સ્પિન હથિયાર ભારતીય ટીમમાં ઈશાન કિશન, તિલક વર્મા અને અભિષેક શર્મા જેવા લેફ્ટી બેટર્સે વિરોધી કેપ્ટનોનું કામ સરળ બનાવી દીધું છે. નેધરલેન્ડના આર્યન દત્તે 4 ઓવરમાં 19 રન આપીને 2 વિકેટ લીધી. તેણે અભિષેક શર્મા અને ઈશાન કિશનને પેવેલિયન ભેગા કરીને ટીમ ઈન્ડિયાને શરૂઆતમાં જ મુશ્કેલીમાં મૂકી દીધી હતી. અભિષેક ખાતું ખોલાવ્યા વિના જ પેવેલિયન પાછો ફર્યો હતો, જ્યારે ઈશાન કિશન 7 બોલમાં 18 રન બનાવીને આઉટ થયો. આ ઉપરાંત નામિબિયાના જેરાર્ડ ઈરાસ્મસે પણ ભારતીય ટોપ ઓર્ડરને ઘણો પરેશાન કર્યો. ભારતની ઓફ સ્પિન સામે સરેરાશ પણ માત્ર 13.25ની રહી છે. એટલે કે ટીમ ઈન્ડિયા ઓફ સ્પિનર્સ સામે 14 રન બનાવવામાં એક વિકેટ ગુમાવી રહી છે. અભિષેક શર્માની ખરાબ શરૂઆત અભિષેક શર્માએ પોતાની વર્લ્ડ કપ કારકિર્દીની શરૂઆત ખૂબ જ ખરાબ કરી. તે સતત ત્રણ ઈનિંગ્સમાં શૂન્ય પર આઉટ થયો. તેમાંથી બેવાર તે ઓફ સ્પિનર સામે આક્રમક શોટ રમવાના પ્ર યા સમાં વિકેટ ગુમાવી બેઠો, જ્યારે, નંબર-3 પર રમતા તિલક વ ર્મા એ અત્યારસુધીમાં ઓફ સ્પિનરની સૌથી વધુ 31 બોલ રમ્યા છે, પરંતુ તે માત્ર 26 રન જ બનાવી શક્યો છે. સૂર્યા અને તિલકના બેટિંગ ઓર્ડરમાં ફેરફાર પર ચર્ચા પૂર્વ ક્રિકેટર આકાશ ચોપરાનું માનવું છે કે ઓફ સ્પિનના ખતરાથી બચવા માટે ભારતે નંબર-3 પર તિલક વર્માની જગ્યાએ સૂર્યકુમાર યાદવને મોકલવો જોઈએ. ટીમ ઈન્ડિયામાં ઘણા લેફ્ટ હેન્ડ બેટર હોવાને કારણે ટીમો શરૂઆતની ઓવરોમાં ઓફ સ્પિનનો ઉપયોગ કરી રહી છે.

# T20 વર્લ્ડકપમાં એસોસિયેટ દેશોનું શ્રેષ્ઠ પ્રદર્શન : ભારત-પાકિસ્તાન અને ઈંગ્લેન્ડને ટક્કર આપી

**નવી દિલ્હી, તા.21**

T20 વર્લ્ડ કપ 2026 માં એસોસિયેટ દેશોએ તેમના પ્રદર્શનથી આખી દુનિયાને ચોંકાવી દીધી છે. નેધરલેન્ડ, નેપાળ, અમેરિકા, ઈટાલી અને સ્કોટલેન્ડ જેવી ટીમોએ ક્રિકેટના દિગ્ગજોને હારની અણી પર લાવી દીધા. આંકડા સાક્ષી છે કે હવે એસોસિયેટ અને ફુલ મેમ્બર દેશો (ટેસ્ટ રમતા દેશો) વચ્ચેનો તફાવત ઝડપથી ઘટી રહ્યો છે. જોકે, આ ટીમોના કોચ અને ખેલાડીઓનું દુઃખ એક જ છે કે તેમને મોટા દેશો સામે રમવાની પૂરતી તકો મળતી નથી. આ વર્લ્ડ કપમાં ઘણી એવી તકો આવી જ્યારે મોટી ટીમો ઉલટફેરનો શિકાર થતા-થતા બચી ગઈ. નેધરલેન્ડ સામે પાકિસ્તાનની ટીમ 148 રનનો પીછો કરતા 114 રન પર તેની 7 વિકેટ પડી ગઈ હતી. મેક્સ ઓ'ડોડથી એક કેચ છૂટી ગયો અને ફહીમ અશરફે અંતમાં છગ્ગો ફટકારીને મેચ પાકિસ્તાનની



ઝોળીમાં નાખી દીધી. ભારત સામે અમેરિકાએ પણ શાનદાર શરૂઆત કરી હતી અને 10મી ઓવર સુધી ભારતનો સ્કોર 63/4 કરી દીધો હતો. શુભમ રાંજણેએ જો સૂર્યકુમાર યાદવનો કેચ ન છોડ્યો હોત, તો પરિણામ કંઈક અલગ હોઈ શકત. સૂર્યાએ 84 રનની ઈનિંગ રમીને ભારતને જીત અપાવી. નેપાળની ટીમ ઈંગ્લેન્ડ સામે 185 રનનો પીછો કરતા જીતની ખૂબ નજીક હતી. લોકેશ બમની 15 બોલમાં 35 રનની ઈનિંગ્સે ઈંગ્લેન્ડના શ્વાસ અધ્ધર કરી દીધા હતા, પરંતુ સેમ કરને મેચ બચાવી લીધી. તેણે 4 ઓવરમાં 27 રન આપીને 1 વિકેટ લીધી. જ્યારે, પહેલીવાર રમી રહેલી ઈટાલીની ટીમે પણ ઈંગ્લેન્ડ સામે 203 રનના લક્ષ્યનો પીછો કરતા જોરદાર લડત આપી અને મેચને છેલ્લી 2 ઓવર સુધી લઈ ગયા. UAEના કોચ લાલચંદ રાજપૂતે એસોસિયેટ દેશોની સમસ્યા પર ખુલીને વાત કરી. તેમણે કહ્યું, 'તમે ગમે તેટલી નેટ પ્રેક્ટિસ કરી લો, પરંતુ જ્યાં સુધી તમે મેદાન પર મુશ્કેલ પરિસ્થિતિઓ (જેમ કે 80/5નો સ્કોર)નો સામનો નહીં કરો, ત્યાં સુધી દબાણ સહન કરતા શીખશો નહીં. જ્યારે તમે સારી ટીમો સામે રમશો, ત્યારે જ તમારામાં આ વિશ્વાસ આવશે કે આગલી વખતે આવી સ્થિતિમાં આપણે જીતી શકીએ છીએ.' કેનેડાના કેપ્ટન સાદ બિન ઝફરે કહ્યું કે મોટા દેશો સામે રમવું એ જ સાચું લર્નિંગ છે. જ્યારે નેધરલેન્ડના બાસ ડી લીડેએ યાદ અપાવ્યું કે આ વર્લ્ડ કપ પછી જૂન સુધી તેમની ટીમનું કોઈ શેડ્યૂલ નથી.

# ટીમ ઈન્ડિયાના વધુ એક ક્રિકેટરના ડિવોર્સ : એનિવર્સરી પહેલાં રાહુલ ચહર-ઈશાની અલગ થયાં

**નવી દિલ્હી, તા.21**

ઈન્ડિયન ક્રિકેટર રાહુલ ચહર અને ઈશાની જોહરના લગ્નનો અંત આવ્યો છે. આ કપલે પરસ્પર સંમતિથી અલગ થવાનો નિર્ણય લીધો અને ડિવોર્સ લીધા છે. બંનેના લગ્નના 4 વર્ષ પૂરા થવા પહેલાં જ રાહુલ અને ઈશાનીએ ડિવોર્સ લીધા છે. ઈન્ડિયન ક્રિકેટરે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટ કરીને આ જાણકારી પોતાના ફેન્સ સાથે શેર કરી છે. છેલ્લા કેટલાક મહિનાઓથી ટીમ ઈન્ડિયાની બહાર ચાલી રહેલા રાહુલ ચહરે જણાવ્યું કે તેણે તમામ પ્રકારની કાનૂની કાર્યવાહી પૂરી કરવાની સાથે જ તે પોતાની જિંદગીના આ ચેપ્ટરને બંધ કરી રહ્યો છે. ટીમ ઈન્ડિયા માટે 7 ઈન્ટરનેશનલ મેચમાં 10 વિકેટ લેનાર 26 વર્ષના લેગ સ્પિનર રાહુલ ચહરે શુક્રવાર 20 ફેબ્રુઆરીના રોજ પોતાના સોશિયલ મીડિયા પોસ્ટ પર ખુલાસો કર્યો કે છેલ્લા 15 મહિનાથી



આ પ્રક્રિયા ચાલી રહી હતી. માત્ર 22 વર્ષની ઉંમરે લગ્નના બંધનમાં બંધાનારા રાહુલે પોતાના નિવેદનમાં કહ્યું કે તેણે નાની ઉંમરે જ લગ્ન કરી લીધા હતા અને તે સમય સુધી તેઓ પોતાનું મહત્વ અને પોતાના જીવનની પૂરી રીતે સમજ પણ ધરાવતો નહોતો. પરંતુ ત્યારબાદ તેને એવા પાઠ શીખવા મળ્યા જેની તેણે ક્યારેય અપેક્ષા નહોતી કરી. રાહુલ ચાહર અને ઈશાની જોહરે 9 માર્ચ 2022ના રોજ ગોવામાં લગ્ન કર્યા હતા. આમાં બંનેના પરિવારના સભ્યો જ સામેલ હતા. જેમાં રાહુલના પિતરાઈ ભાઈ અને ટીમ ઈન્ડિયાના સ્ટાર ફાસ્ટ બોલર દીપક ચહર પણ સામેલ હતો. આ લગ્નની ત્યારે ખૂબ ચર્ચા થઈ હતી કારણ કે રાહુલ તે સમયે IPLથી હિટ થયો હતો અને ટીમ ઈન્ડિયામાં પોતાની જગ્યા બનાવી રહ્યો હતો. સાથે જ તે સમયે પણ તેની નાની ઉંમરની ઘણી ચર્ચા થઈ હતી.

# ભારત સામે હાર પછી પાકિસ્તાન ગોથે ચડ્યું : શાહીનને ટીમની બહાર કર્યો, બાબરની બેટિંગ નીચે રાખી

**ઈસ્લામાબાદ, તા.21**

ટી-20 વર્લ્ડ કપ 2026ની ગ્રુપ મેચમાં પાકિસ્તાનને ભારત સામે 61 રનથી હારનો સામનો કરવો પડ્યો. આ પછી કરો યા મરો મુકાબલામાં પાકિસ્તાન ટીમે નામિબિયા સામે ઝડપી બોલર શાહીન શાહ આફ્રિદીને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર કરી દીધો, જ્યારે પૂર્વ કેપ્ટન બાબર આઝમને બેટિંગ ક્રમમાં નીચે મોકલી દેવામાં આવ્યો. ભારત સામેની મેચમાં ઈશાન કિશનની શાનદાર ઈનિંગ્સ દરમિયાન શાહીને તેની છેલ્લી ઓવરમાં 15 રન આપ્યા હતા, જ્યારે બાબર માત્ર 5 રન જ બનાવી શક્યો હતો. આ ફેરફારોને ભારત સામે મળેલી હારની 'આડઅસર' માનવામાં આવી રહી હતી, પરંતુ ટીમના મુખ્ય



કોચ માઈક હેસને આ અટકળોને ફગાવી દીધી છે. તેમણે શુક્રવારે મીડિયા સાથેની વાતચીતમાં સ્પષ્ટ કર્યું કે આ નિર્ણયો કોઈ હારની પ્રતિક્રિયા નથી, પરંતુ સંપૂર્ણપણે ટીમની રણનીતિનો ભાગ હતા. શાહીનની જગ્યાએ સલમાન મિર્ઝાને તક આપવાનું કારણ શાહીન શાહ આફ્રિદીને ડ્રોપ કરવાના સવાલ પર કોચ માઈક હેસને કહ્યું, 'એ કહેવું ખોટું હશે કે તેમને ખરાબ પ્રદર્શનને કારણે બહાર કરવામાં આવ્યા. અમારું માનવું હતું કે સલમાન મિર્ઝાને તક મળવી જોઈએ, તેઓ તેના હકદાર હતા. આ ટીમની જરૂરિયાત મુજબ લેવાયેલો નિર્ણય હતો, કોઈ મોટો ફેરફાર નહીં. પાવરપ્લેમાં બાબરનો સ્ટ્રાઈક રેટ ચિંતાનો વિષય બાબર આઝમને ઓપનિંગમાંથી હટાવીને નીચે મોકલવા પર હેસને કહ્યું, 'બાબર પોતે આ વાત જાણે છે કે વર્લ્ડ કપના પાવરપ્લેમાં તેમનો સ્ટ્રાઈક રેટ 100થી પણ ઓછો છે. ટી-20 ક્રિકેટમાં આપણને પાવરપ્લે દરમિયાન આ પ્રકારની ધીમી બેટિંગની જરૂર નથી. આપણને ત્યાં ઝડપથી રન જોઈએ છે.' હેસને આગળ જણાવ્યું હતું કે બાબર મિડલ ઓવર્સ માટે ઉત્તમ ખેલાડી છે. જો ટીમ મુશ્કેલીમાં ફસાય છે, જેમ કે USA સામે થયું હતું, તો બાબર ઈનિંગ્સને સંભાળી શકે છે અને સેટ થયા પછી રન રેટ વધારી શકે છે. એશિયા કપ પછી તેને આ જ ખાસ ભૂમિકા માટે ટીમમાં પાછો લાવવામાં આવ્યો હતો. નામિબિયા સામે બાબર કેમ ન આવ્યો? નામિબિયા સામેની મેચમાં જ્યારે સાહિબઝાદા ફરહાને અણનમ સદી ફટકારી ત્યારે શાદાબ ખાનને બાબર પહેલાં બેટિંગ માટે મોકલવામાં આવ્યો હતો. બાબરને એ મેચમાં બેટિંગ કરવાની તક જ ન મળી. આ અંગે હેસને કહ્યું, '12મી ઓવરની આસપાસ જ્યારે અમને રન ગતિ વધારવાની હતી ત્યારે બાબર આઝમ એ ભૂમિકા માટે સૌથી યોગ્ય ખેલાડી નહોતો. અમારી પાસે અન્ય એવા વિકલ્પો ઉપલબ્ધ છે, જે છેલ્લી ઓવરોમાં વધુ સારી રીતે હિટિંગ કરી શકે છે. બાબર જાણે છે કે ટીમને તેની કુશળતાની ક્યારે જરૂર છે.

## ઝીરો સાઈઝના વહેમને તોડી એક્ટિંગના દમ પર બોલિવુડમાં સામ્રાજ્ય ઊભું કર્યું; એક્ટ્રેસની 'ફેટ ટુ ફિટ' સુધીની સફર



# સંઘર્ષ, ટ્રોમા-રિજેક્શનમાં તપીને ભૂમિ પેડનેકર 'હિરો'ઈન બની!

**મુંબઈ, તા.21**

સંઘર્ષ, ટ્રોમા, રિજેક્શન અને સામાજિક મહેણાં-ટોણાં વચ્ચે પોતાને સાબિત કરનારી એક્ટ્રેસનું નામ છે ભૂમિ પેડનેકર. મુંબઈની ચમકદાર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઓળખ બનાવવી સહેલી નથી હોતી, ખાસ કરીને ત્યારે જ્યારે શરૂઆત આત્મ-સંદેહ, અસુરક્ષા અને અંગત આઘાતોથી ભરેલી હોય. શાળાના દિવસોમાં બુલિંગનો સામનો કરનારી ભૂમિને તેના વજન અને દેખાવને લઈને મહેણાં-ટોણાં સાંભળવા પડતાં હતાં, પરંતુ તેણે આ જ અનુભવોને પોતાની તાકાત બનાવી લીધી. 14 વર્ષની ઉંમરે છેડતીની ઘટના અને 18 વર્ષની ઉંમરે પિતાના નિધને તેને અંદરથી હચમચાવી દીધી હતી, પણ તૂટી પડવાને બદલે તેણે જવાબદારી ઉઠાવી અને પોતાને મજબૂત બનાવી. ફિલ્મી સફર પણ સરળ નહોતી. પરંપરાગત હિરોઈન જેવા દેખાવ ન હોવાને કારણે તેને ઘણા ઓડિશનમાં રિજેક્શનનો સામનો કરવો પડ્યો. અહીં સુધી કે એક્ટિંગ કોર્સમાંથી કાઢી મૂકવાનો આઘાત પણ લાગ્યો, પરંતુ તેણે હાર ન માની. એક આસિસ્ટન્ટ કાસ્ટિંગ ડિરેક્ટર તરીકે કામ કરતી વખતે તેણે સિનેમાને નજીકથી સમજ્યું અને પછી 'દમ લગા કે હઈશા'થી એવી ડેબ્યૂ કરી જેણે તેને રાતોરાત એક સિરિયસ એક્ટ્રેસ તરીકે સ્થાપિત કરી દીધી. 30 કિલો વજન વધારવાનો સાહસિક નિર્ણય હોય કે પછી ફિટનેસ ટ્રાન્સફોર્મેશન, ભૂમિએ દરેક પડકારને સ્વીકાર્યો. આજે તે કન્ટેન્ટ-ડ્રિવન સિનેમાનો એક મજબૂત અને ભરોસાપાત્ર અવાજ બની ગઈ છે. ભૂમિ પેડનેકરનો જન્મ 18 જુલાઈ 1989ના રોજ મુંબઈમાં થયો હતો. તે એક શિક્ષિત અને સુસંસ્કૃત પરિવારમાંથી આવે છે. તેના પિતા સતીશ પેડનેકર મહારાષ્ટ્ર સરકારમાં ગૃહ અને શ્રમ મંત્રી રહી ચૂક્યા હતા, જ્યારે તેની માતા સુમિત્રા હુડ્ડા પેડનેકર સામાજિક કાર્યો સાથે સંકળાયેલાં રહ્યાં છે. ભૂમિને એક બહેન પણ છે, સમીક્ષા પેડનેકર, જે વકીલાતના વ્યવસાયમાં છે. ભૂમિએ પોતાનું શાળાકીય શિક્ષણ મુંબઈની આર્ય વિદ્યા મંદિર સ્કૂલ, જુહુમાંથી પૂર્ણ કર્યું. શાળાના દિવસોમાં તેને બુલિંગનો સામનો પણ કરવો પડ્યો હતો. ક્યારેક તેના વજનને લઈને ટિપ્પણીઓ થતી, તો ક્યારેક તેના દેખાવ પર કટાક્ષ કરવામાં આવતો. ભૂમિ કહે છે કે જ્યારે શાળામાં બુલિંગ થતું હતું ત્યારે ઘરે આવીને તેને પૂરો સપોર્ટ મળતો હતો. તેનો આત્મવિશ્વાસ ક્યારેય તૂટ્યો નહીં. તે જણાવે છે કે જ્યારે પણ સ્ટેજ પર જતી હતી ત્યારે તે જ બુલીઝને જોતી હતી અને મનમાં નક્કી કરી લેતી હતી કે એક દિવસ પોતાને સાબિત કરીને બતાવશે. અહીંથી જ તેના મનમાં એક્ટ્રેસ બનવાનું સ્વપ્ન વધુ મજબૂત બન્યું. ભૂમિનું બાળપણ સામાન્ય દેખાતું હતું, પરંતુ અંદર ઘણા અનકહ્યા સંઘર્ષો હતા. 14 વર્ષની ઉંમરે બાંદ્રાના એક મેળામાં તેની સાથે છેડતીની ઘટના બની હતી. આ અનુભવ તેના માટે ગંભીર માનસિક આઘાત લઈને આવ્યો હતો. ભૂમિ કહે છે કે એ ઘટનાએ તેને અંદરથી હચમચાવી દીધી અને લાંબા સમય સુધી તે અસુરક્ષિત અનુભવતી રહી. જ્યારે ભૂમિ 18 વર્ષની હતી ત્યારે તેના પિતાનું નિધન થયું. આ તેના જીવનનો સૌથી મોટો ભાવનાત્મક આઘાત હતો. પિતા તેના સૌથી મોટા સપોર્ટ સિસ્ટમ હતા. અચાનક પરિવારની જવાબદારી તેના ખભા પર આવી ગઈ. આ ઘટનાએ તેને અંદરથી પરિપક્વ બનાવી દીધી. તેણે નક્કી કર્યું કે તે પોતાને નબળી નહીં પડવા દે. આ જ એ વળાંક હતો, જ્યારે તેણે કારકિર્દીને ગંભીરતાથી લેવાનું શરૂ કર્યું. ભૂમિ બાળપણથી જ અભિનય તરફ આકર્ષિત હતી. તે સિનેમા અને થિયેટરથી ખૂબ પ્રભાવિત હતી. કિશોરાવસ્થામાં જ તેણે નક્કી કરી લીધું હતું કે તેને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જ કારકિર્દી બનાવવી છે. શરૂઆત સરળ ન હતી. તેણે ઓડિશન આપ્યાં, પરંતુ ઘણી વખત રિજેક્ટ થઈ. તેને કહેવામાં આવતું હતું કે તે ટ્રેડિશન હિરોઈન જેવો દેખાવ નથી ધરાવતી. ઈન્ડસ્ટ્રીમાં જ્યાં એક ખાસ પ્રકારની સુંદરતાને પ્રાધાન્ય આપવામાં આવે છે ત્યાં ભૂમિ માટે પોતાને સ્વીકાર કરાવવું પડકારજનક હતું. ભૂમિએ વ્હિસલિંગ વૂડ્સ ઈન્ટરનેશનલમાં એક્ટિંગ કોર્સમાં પ્રવેશ લીધો, પરંતુ ખરાબ હાજરીને કારણે તેને ત્યાંથી કાઢી મૂકવામાં આવી. જોકે આ ઝટકા બાદ પણ તે તૂટી નહીં, પરંતુ વધુ મજબૂત બની. વ્હિસલિંગ વૂડ્સ ઈન્ટરનેશનલમાંથી કાઢી મૂક્યા પછી અને સતત મળતાં રિજેક્શન વચ્ચે તેણે હાર ન માની. તેણે YRFમાં ઓડિશન આપ્યું હતું. એ સમયે કંપનીના કાસ્ટિંગ ડિરેક્ટર શાનુ શર્મા નવી ટીમ બનાવી રહ્યા હતા. ભૂમિની સમજ, સ્ક્રિપ્ટ પરની પકડ અને કલાકારોને પારખવાની ક્ષમતા જોઈને તેને આસિસ્ટન્ટ કાસ્ટિંગ ડિરેક્ટર તરીકે રાખી લેવામાં આવી.

# અડધી સદીની પ્રતીક્ષાનો અંત, બે દિગ્ગજોનો મહાસંગમ! : રજનીકાંત અને કમલ હાસનની ફિલ્મ 'KHxRK'નું ટીઝર રિલીઝ

**મુંબઈ, તા.21**

ફિલ્મ ઈન્ડસ્ટ્રીના બે સૌથી મોટા અને દિગ્ગજ સ્ટાર્સ કમલ હાસન અને રજનીકાંત 47 વર્ષ બાદ એક સાથે મોટા પડદા પર જોવા મળશે. રેડ જાયન્ટ મૂવીઝે તેમની ફિલ્મ 'KHxRK'નું ટીઝર રિલીઝ કર્યું છે. કમલ હાસને પાંચ મહિના પહેલા દુબઈમાં આયોજિત નેક્સા SIIMA એવોર્ડ્સ 2025 દરમિયાન આ અંગેની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે, 'આ રીયુનિયન પહેલા થવું જોઈતું હતું.' નોંધનીય છે કે, છેલ્લે બંને સુપરસ્ટાર્સ 1970ના દાયકામાં આવેલી ફિલ્મ 'અલાઉદ્દીનમ અલ્ભુથા વિલાક્કામ' માં સાથે દેખાયા હતા. હવે લગભગ પાંચ દશક પછી તેમને ફરી એક સાથે જોવા માટે દર્શકો ઉત્સાહિત છે. સાથે જ તેને ભારતીય ફિલ્મ ઈતિહાસની સૌ થી મોટી ઘટનાઓમાંની એક ગણવામાં આવી રહી છે, કારણ કે આ ફિલ્મ બે એવા વારસાનું સંગમ છે, જેમણે ન માત્ર ભારત પરંતુ વૈશ્વિક સ્તરે પણ પેઢીઓ સુધી દર્શકોને પ્રભાવિત કર્યા છે. 'KHxRK' ફિલ્મનું નિર્માણ રેડ જાયન્ટ



મુવીઝ દ્વા રા કરવામાં આવી રહ્યું છે. પ્રોડક્શન હાઉસે ફિલ્મની ભવ્યતા, વારસા અને શ્રેષ્ઠ વાર્તાને ઉત્સવના રૂપમાં રજૂ કરવાનું બેડું ઉઠાવ્યું છે.

# 'હું લાંબા સમયથી ધનુષની ચાહક છું' : મૃણાલ ઠાકુરે સાથે કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી



**મુંબઈ, તા.21**

બોલિવૂડ એક્ટ્રેસ મૃણાલ ઠાકુરે પોતાની નવી ફિલ્મ 'દો દીવાને શહર મેં'ના પ્રમોશન દરમિયાન ફરી એકવાર સાઉથ સુપરસ્ટાર ધનુષ સાથે ચાલી રહેલી ડેટિંગ અફવાઓ પર મૌન તોડ્યું છે. ડેટિંગ અને લગ્નની અફવાઓ ત્યારે શરૂ થઈ, જ્યારે ધનુષ મૃણાલની ફિલ્મ 'સન ઓફ સરદાર 2'ના પ્રીમિયરમાં પહોંચ્યો હતો. આ ઘટના પછીથી જ મીડિયા અને સોશિયલ મીડિયા પર બંને રિલેશનશિપમાં હોવાની અને લગ્ન કરવાના હોવાની વાતોએ જોર પકડ્યું છે. 'હિન્દુસ્તાન ટાઈમ્સ'માં છપાયેલા સમાચાર મુજબ, મૃણાલે સ્પષ્ટ કર્યું કે, ધનુષના પ્રીમિયરમાં આવવાનું કારણ કોઈ રોમેન્ટિક નહોતું, પરંતુ તે તેમના કામની પ્રશંસક છે. તેણે જણાવ્યું કે, તે લાંબા સમયથી ધનુષની ફેન રહી છે અને તેના દ્વારા કરવામાં આવેલી ઘણી ફિલ્મો અને રોલ્સની તેણે ખૂબ પ્રશંસા કરી છે. મૃણાલે ખાસ કરીને 'રાંઝણા', 'અસુરન', 'મારી', 'કેપ્ટન મિલર' અને 'રાયન' જેવી ફિલ્મોનો ઉલ્લેખ કર્યો, જે તેણે જોઈ હતી અને તેનાથી પ્રેરિત થઈ હતી. મૃણાલે કહ્યું કે, 'ધનુષ માત્ર એક ઉત્તમ અભિનેતા જ નથી, પરંતુ એક શાનદાર ગીતકાર, સિંગર, ડાન્સર અને ડિરેક્ટર પણ છે, અને તેમના કામની ગુણવત્તાએ મને ખૂબ પ્રભાવિત કરી છે.'

# 'આઇટેલ A100' સ્માર્ટફોનનો રિવ્યૂ : પ્રીમિયમ ડિઝાઇન અને સિમ વિના કોલિંગ જેવા ફીચર્સ, ઓછા બજેટમાં સારો વિકલ્પ

**નવી દિલ્હી, તા.21**

ટેક કંપની 'આઈટેલ'એ ભારતમાં બજેટ સેગમેન્ટમાં નવો સ્માર્ટફોન 'A100' રજૂ કર્યો છે. ફોન પ્રીમિયમ ડિઝાઈન સાથે આવ્યો છે. અમે ફોનને એક અઠવાડિયા સુધી વાપર્યો છે, તો ચાલો જાણીએ તેમાં શું ખાસ છે. આ ફોનમાં સૌથી ખાસ 'અલ્ટ્રા લિંક' ફીચર છે, જેનાથી સિમ નેટવર્ક વગર પણ બીજા આઈટેલ ફોન પર અનલિમિટેડ કોલ કરી શકાય છે. આ ઉપરાંત, ફોન ખરીદ્યાના 100 દિવસની અંદર જો સ્ક્રીન ડેમેજ થાય છે, તો કંપની મફતમાં સ્ક્રીન બદલી આપશે.




'આઈટેલ A100' ફોન માત્ર 8.49mm પાતળો છે.

ડિઝાઈન અને બિલ્ડ: સ્લિમ બોડી અને પ્રીમિયમ મેટ ફિનિશ

ફોનને પોલીકાર્બોનેટ મટીરીયલથી બનાવવામાં આવ્યો છે અને તે મિલિટરી ગ્રેડ સર્ટિફિકેશન (MIL-STD-810H) સાથે આવે છે, એટલે કે રોજિંદા ઉપયોગમાં ફોન ખૂબ જ મજબૂત છે. ફોન માત્ર 8.49mm પાતળો છે, જેના કારણે તેને હાથમાં પકડતી વખતે તે ખૂબ જ સ્લિમ અને પ્રીમિયમ અનુભવ આપે છે. પાછળની બાજુએ સ્ટાઈલિશ ટેક્સચર આપવામાં આવ્યું છે. અહીં કેમેરા મોડ્યુલ અને ફિંગરપ્રિન્ટ સેન્સરની પોઝિશન ખૂબ જ સ્વચ્છ રાખવામાં આવી છે. 'આઈટેલ A100'માં સિલ્ક ગ્રીન, પ્યોર બ્લેક અને ટાઈટેનિયમ ગોલ્ડ જેવા ત્રણ કલર ઓપ્શન મળશે.

ફોનની જમણી બાજુએ પાવર બટન અને વોલ્યુમ રોકર્સ આપવામાં આવ્યા છે. નીચેની બાજુએ ચાર્જિંગ પોર્ટ અને સ્પીકર ગ્રિલ હાજર છે. તેમાં IR બ્લાસ્ટર પણ આપવામાં આવ્યું છે, જેનાથી તમે ટીવી અને AC ને રિમોટની જેમ કંટ્રોલ કરી શકો છો.

ફોનમાં ટ્રિપલ કાર્ડ સ્લોટ છે, એટલે કે તમે બે સિમ કાર્ડ સાથે એક મેમરી કાર્ડ પણ લગાવી શકો છો. આ ત્રણ કલર સિલ્ક ગ્રીન, ટાઈટેનિયમ ગોલ્ડ અને પ્યોર બ્લેકમાં ઉપલબ્ધ છે.

આઈટેલ A100: સ્પેસિફિકેશન્સ

ડિસ્પ્લે: ફોનમાં 6.6-ઈંચની HD+ IPS ડિસ્પ્લે આપવામાં આવી છે. બજેટ ફોન હોવા છતાં, તેમાં 90Hzનો રિફ્રેશ રેટ મળે છે, જેનાથી સ્ક્રોલિંગ અને ગેમિંગ સ્મૂધ રહે છે. સ્ક્રીન પર વોટરડ્રોપ નોચ ડિઝાઈન આપવામાં આવી છે, જેમાં સેલ્ફી કેમેરા હાજર છે.

આ પ્રાઈસ પોઈન્ટ પર બેઝલ્સ અને નીચેની ચિન સરેરાશ જ મળે છે. મોટી સ્ક્રીન હોવાને કારણે તેના પર વીડિયો જોવાનો અનુભવ સારો રહે છે.

તેમાં Appleના iPhoneમાં મળતા ડાયનેમિક આઈલેન્ડ જેવું 'ડાયનેમિક બાર' ફીચર પણ છે, જે બેટરી સ્ટેટસ અને નોટિફિકેશનની માહિતી સ્ક્રીનના ઉપરના ભાગમાં દર્શાવે છે.

'આઈટેલ A100'માં 90Hzનો રિફ્રેશ રેટ મળે છે.

કેમેરા: ફોટોગ્રાફી માટે બેક પેનલ પર 8 મેગાપિક્સલ અને સેલ્ફી માટે 5 મેગાપિક્સલનો કેમેરા આપવામાં આવ્યો છે. બંનેથી તમે ફુલ HD વીડિયો 30fps પર શૂટ કરી શકો છો.

# 1 એપ્રિલથી રોકડમાં ટોલ ચૂકવી શકાશે નહીં:ફાસ્ટેગ કે UPIથી જ થશે પેમેન્ટ, રોકડ વ્યવહાર સંપૂર્ણપણે બંધ કરવાની તૈયારી

**મુંબઈ, તા.21**

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) દેશના ટોલ પ્લાઝાને સંપૂર્ણપણે ડિજિટલ બનાવવાની તૈયારી કરી રહી છે. 1 એપ્રિલ 2026થી નેશનલ હાઈવેના તમામ ટોલ પ્લાઝા પર રોકડ વ્યવહારો સંપૂર્ણપણે બંધ કરી શકાય છે. આ પછી ટોલની ચુકવણી ફક્ત ફાસ્ટેગ (FASTag) અથવા UPI જેવા ડિજિટલ માધ્યમો દ્વારા જ થઈ શકશે. NHAIનો ઉદ્દેશ્ય ટોલ ઓપરેશનને વધુ પારદર્શક અને સચોટ બનાવવાનો છે. હાલમાં દેશના 1,150થી વધુ ટોલ પ્લાઝા પર ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન સિસ્ટમ લાગુ છે. NHAI અનુસાર ટોલ પ્લાઝા પર રોકડ ચુકવણીને કારણે ઘણીવાર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે. ખાસ કરીને પીક અવર્સ (ભીડના સમય)માં રોકડ વ્યવહારને કારણે વાહનોની લાંબી કતારો લાગી જાય છે અને છૂટા પૈસાને લઈને વિવાદ પણ થાય છે. ડિજિટલ પેમેન્ટ સંપૂર્ણપણે ફરજિયાત થવાથી આ સમસ્યા રહેશે નહીં.




98% વાહનો પર પહેલેથી જ FASTag લાગેલું છે

દેશમાં FASTagનો ઉપયોગ ખૂબ ઝડપથી વધ્યો છે. આંકડાઓ અનુસાર, હાલમાં 98%થી વધુ વાહનોમાં FASTag લાગેલું છે. નેશનલ હાઈવે શુલ્ક નિયમો અનુસાર, જો કોઈ વાહન એક્ટિવ FASTag વગર ટોલ પ્લાઝાની FASTag લેનમાં જાય છે અને રોકડ ચુકવણી કરે છે, તો તેની પાસેથી બમણો ટોલ વસૂલવામાં આવે છે. જ્યારે, જો કોઈ યુઝર UPI દ્વારા ચુકવણી કરે છે, તો તેને લાગુ ટોલ દરના 1.25 ગણો ચાર્જ ચૂકવવો પડે છે. NHAIનું આ પગલું દેશના 1,150થી વધુ ટોલ પ્લાઝા અને એક્સપ્રેસવે પર લાગુ પડશે. ઓથોરિટીનું માનવું છે કે સંપૂર્ણપણે ડિજિટલ ટ્રાન્ઝેક્શન થવાથી ડેટા મેનેજમેન્ટમાં સરળતા રહેશે.

# આ અઠવાડિયે સોના-ચાંદીમાં વધારો રહ્યો:સોનું ₹2,300 વધીને ₹1.55 લાખ પ્રતિ 10 ગ્રામ થયું, ચાંદી પ્રતિ કિલો ₹8,000 મોંઘી થઈને ₹2.50 લાખ થઈ

**મુંબઈ, તા.21**

આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં વધારો જોવા મળ્યો. સોનું 2,300 રૂપિયા વધીને 1.55 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર પહોંચી ગયું છે. આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 13 ફેબ્રુઆરી, શુક્રવારે 1.53 લાખ રૂપિયા પર હતું. જ્યારે ચાંદી 2.42 લાખ રૂપિયા પ્રતિ કિલોથી વધીને 2.50 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. એટલે કે તેની કિંમત 8,000 રૂપિયા વધી છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 21,871 રૂપિયા અને ચાંદી 19,894 રૂપિયા મોંઘી થઈ ચૂકી છે. આ સમય દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયાનો ઓલ ટાઈમ હાઈ પર હતી. 2025માં સોનું 57 હજાર (75%) વધ્યું છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76 હજાર હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1.33 લાખ રૂપિયા થઈ ગયું. આ સમય દરમિયાન 29



જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયાનો ઓલ ટાઈમ હાઈ પર હતી. 2025માં સોનું 57 હજાર (75%) વધ્યું છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76 હજાર હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1.33 લાખ રૂપિયા થઈ ગયું.

આ સમયગાળા દરમિયાન ચાંદી 1.44 લાખ (167%) વધી. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદી 86 હજારની હતી, જે વર્ષના છેલ્લા દિવસે 2.30 લાખ પ્રતિ કિલો થઈ ગઈ.

સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો

1. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નું હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે અલગ-અલગ હોય છે.

# શું તમે પણ છુપાઈ-છુપાઈને વારંવાર પોર્ન જુઓ છો?:વીડિયો જોયા વગર સૂઈ નથી શકતા? સાઈકિયાટ્રિસ્ટ પાસેથી જાણો 'ગંદી' ટેવમાંથી કેવી રીતે છુટકારો મેળવો

## પોર્ન એડિક્શન' અથવા 'પોર્નની લત' જેવા શબ્દોનો વારંવાર ઉપયોગ થાય છે

**મુંબઈ, તા.21**

પ્રશ્ન- મારી ઉંમર 32 વર્ષ છે. હું એક આઈટી પ્રોફેશનલ છું. મારી સમસ્યા ખૂબ જ અંગત છે. મને પોર્નની લત છે. એના વગર હું રાત્રે સૂઈ શકતો નથી. શરૂઆતમાં તો આ કોઈ સમસ્યા લાગતી નહોતી, પરંતુ હવે લાગે છે કે આ આદતની અસર મારા સંબંધો પર પડી રહી છે. હું જે પણ છોકરીને ડેટ કરું છું, તે મને છોડીને જતી રહે છે. તેનું કહેવું છે કે હું રિલેશનમાં મારી પ્રેસન્ટ (હાજરી) નથી. હું પણ આ વાત જાણું છું કે મને કોઈ છોકરીની સંગત કરતાં મારી પોતાની સંગત વધુ ગમે છે. સત્ય તો એ છે કે સેક્સ્યુઅલ પ્લેઝર માટે પણ મને ગર્લફ્રેન્ડની જરૂરિયાત બહુ વધારે લાગતી નથી. મારા એક નજીકના મિત્રનું કહેવું છે કે આ સામાન્ય નથી અને મારે થેરાપિસ્ટ પાસે જવું જોઈએ. તમે કૃપા કરીને મને માર્ગદર્શન આપો કે હું શું કરું? નિષ્ણાત- ડૉ. દ્રોણ શર્મા, કન્સલ્ટન્ટ સાઈકિયાટ્રિસ્ટ, આયર્લેન્ડ, યુકે. યુકે, આઈરિશ અને જિબ્રાલ્ટર મેડિકલ કાઉન્સિલના સભ્ય.




પ્રશ્ન પૂછવા બદલ તમારો આભાર. આ ડિજિટલ યુગમાં પોર્નોગ્રાફી ખૂબ જ સરળતાથી ઉપલબ્ધ છે. તેનો વ્યાપકપણે ઉપયોગ પણ થાય છે. તેથી ઘણા વ્યક્તિઓ અને યુગલો આ અંગે થોડા ચિંતિત હોય છે કે ક્યાંક તે માનસિક સ્વાસ્થ્ય, આત્મીયતા અને સંબંધો પર નકારાત્મક અસર ન કરે.

પોર્ન પોતે સમસ્યા નથી

'પોર્ન એડિક્શન' અથવા 'પોર્નની લત' જેવા શબ્દોનો વારંવાર ઉપયોગ થાય છે. પરંતુ એડિક્શન શબ્દનો ઉપયોગ ઘણીવાર વધુ જટિલ વાસ્તવિકતાને સરળ બનાવી શકે છે. અમેરિકન સાયકોલોજિકલ એસોસિએશનનું એક સંશોધન આના પર પ્રકાશ પાડે છે, જે મુજબ પોર્ન જોવું કેટલાક લોકો માટે સમસ્યા બની શકે છે, પરંતુ તે ભાગ્યે જ ક્યારેય પોતે મૂળ સમસ્યા કે મુખ્ય સમસ્યા હોય છે. તેની પાછળ હંમેશા કોઈ છુપાયેલું ભાવનાત્મક, સંબંધિત કારણ અથવા કોઈ આંતરિક સંઘર્ષ હોય છે.

પોર્ન કોઈ સમસ્યા નથી હોતી

આંતરરાષ્ટ્રીય અભ્યાસો દર્શાવે છે કે સમગ્ર વિશ્વમાં મોટી સંખ્યામાં પુરુષો અને સ્ત્રીઓ પોર્ન જુએ છે, પરંતુ તેનાથી તેને કોઈ નુકસાન થતું નથી. સમસ્યા ત્યારે ઊભી થાય છે, જ્યારે પોર્નની લત લાગી જાય, જ્યારે તે એક અનિવાર્ય અને ગુપ્ત વર્તન બની જાય અને જ્યારે વાસ્તવિક જીવનના સંબંધો પર તેની નકારાત્મક અસર થવા લાગે. સાથે જ તે જાતીય આનંદ, સંતોષ અને ભાવનાત્મક સ્વાસ્થ્યને નકારાત્મક રીતે અસર કરવા લાગે. ઉપરાંત, આ સંકેતો દર્શાવે છે કે પોર્ન જોવાની આદત સમસ્યા બની રહી છે. વિગતો નીચે ગ્રાફિકમાં જુઓ-

પોર્નની બ્રેઈન પર અસર

આપણા મગજમાં રિવોર્ડ સિસ્ટમ ઈનબિલ્ટ હોય છે, જે હેપ્પી હોર્મોન્સ રિલીઝ કરે છે. જ્યારે કોઈ ખૂબ લાંબા સમય સુધી અને ખૂબ વધારે માત્રામાં પોર્ન જુએ છે, ત્યારે તેનાથી મગજની રિવોર્ડ સિસ્ટમ પ્રભાવિત થાય છે. તેનું પરિણામ એ આવે છે કે વાસ્તવિક જીવનમાં ઈન્ટિમસીથી મળતી ખુશી અને સંતોષ ઓછો થઈ જાય છે. સાથે જ સેક્સને લઈને અવાસ્તવિક પ્રકારની અપેક્ષાઓ પેદા થાય છે.

તેથી આગળ વધતા પહેલા હું એ જ કહેવા માંગીશ કે શરમ કે અપરાધ-બોધ અનુભવવાને બદલે તમે સમસ્યાને સમજવાનો અને તેના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કરો. કેટલાક સેલ્ફ એસેસમેન્ટ ટૂલ્સ અને સેલ્ફ હેલ્પ ટૂલ્સ દ્વારા હું તમારી મદદ કરવાનો પ્રયાસ કરીશ.

# ભારતીય મૂળના આશા શર્મા માઈક્રોસોફ્ટ ગેમિંગના CEO બન્યા

## :40 વર્ષ સુધી કંપની સાથે રહેલા ફિલ સ્પેન્સરનું સ્થાન લેશે; સત્ય નડેલાને રિપોર્ટ કરશે

**મુંબઈ, તા.21**

ભારતીય મૂળના આશા શર્માને માઈક્રોસોફ્ટ ગેમિંગના નવા સીઈઓ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ લાંબા સમયથી આ પદ સંભાળી રહેલા ફિલ સ્પેન્સરનું સ્થાન લેશે. સ્પેન્સર લગભગ 40 વર્ષ સુધી કંપની સાથે રહ્યા પછી નિવૃત્ત થઈ રહ્યા છે. તેઓ માઈક્રોસોફ્ટના સીઈઓ સત્ય નડેલાને રિપોર્ટ કરશે. આશા શર્મા માઈક્રોસોફ્ટ ગેમિંગની કમાન સંભાળતા પહેલા કંપનીના જ AI પ્લેટફોર્મ અને પ્રોડક્ટ લીડરશીપ ટીમનો ભાગ હતા. આ પહેલા તેઓ જાણીતી ડિલિવરી ફર્મ 'ઈન્સ્ટાકાર્ટ'માં ચીફ ઓપરેટિંગ ઓફિસર અને 'મેટા'માં પ્રોડક્ટ લીડરશીપ જેવા મહત્વના પદો પર રહી ચૂક્યા છે.



આશાએ મિનેસોટા યુનિવર્સિટીના કાર્લસન સ્કૂલ ઓફ મેનેજમેન્ટમાંથી બિઝનેસની ડિગ્રી લીધી છે. તેમને બિઝનેસને સ્કેલ કરવા અને મુશ્કેલ સમયમાં ટીમોનું નેતૃત્વ કરવાના નિષ્ણાત માનવામાં આવે છે.

આશા શર્મા માઈક્રોસોફ્ટ ગેમિંગની કમાન સંભાળતા પહેલા કંપનીના જ AI પ્લેટફોર્મ અને પ્રોડક્ટ લીડરશિપ ટીમનો ભાગ હતા.

આશા શર્મા માઈક્રોસોફ્ટ ગેમિંગની કમાન સંભાળતા પહેલા કંપનીના જ AI પ્લેટફોર્મ અને પ્રોડક્ટ લીડરશિપ ટીમનો ભાગ હતા.

નિયુક્તિ પછી પહેલો સત્તાવાર મેમો ોકલ્યો

આશાએ પોતાનો પહેલો સત્તાવાર મેમો મોકલ્યો છે, જેમાં તેમણે એક્સબોક્સના ભવિષ્ય અને ગેમિંગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગને લઈને પોતાનું વિઝન સ્પષ્ટ કર્યું છે.

તેમણે કહ્યું કે આજે હું માઈક્રોસોફ્ટ ગેમિંગના CEO તરીકે મારી નવી જવાબદારી શરૂ કરી રહી છું. હું આ સમયે બે વસ્તુઓ એકસાથે અનુભવી રહી છું: નમ્રતા અને કામ પ્રત્યેની ઝડપ.

નમ્રતા એટલા માટે કારણ કે આ ટીમે દાયકાઓની મહેનતથી કંઈક ખૂબ જ શાનદાર ઊભું કર્યું છે. અને કામમાં ઝડપ એટલા માટે કારણ કે ગેમિંગની દુનિયા ઘણા બદલાવોમાંથી પસાર થઈ રહી છે. મારું પહેલું કામ ખૂબ જ સીધું છે: તે સમજવું કે આ બધું કેવી રીતે કામ કરે છે અને તેને સુરક્ષિત રાખવું.

તેની શરૂઆત ત્રણ વચનો સાથે થાય છે

1. પહેલું, શ્રેષ્ઠ ગેમ્સ

દરેક વસ્તુની શરૂઆત અહીંથી થાય છે. આપણે બીજું કંઈ કરીએ તે પહેલાં, આપણી પાસે એવી ગેમ્સ હોવી જોઈએ જેને ખેલાડીઓ પસંદ કરે. યાદગાર પાત્રો, દિલને સ્પર્શી જાય તેવી વાર્તાઓ, રમવાની નવી રીત અને શ્રેષ્ઠ સર્જનાત્મકતા. અમે અમારા સ્ટુડિયોને વધુ તાકાત આપીશું, મોટી બ્રાન્ડ્સમાં રોકાણ કરીશું અને નવા વિચારોને ટેકો આપીશું. અમે જોખમ લઈશું.

# ફોન-પેથી પિન નાખ્યા વિના જ થશે UPI પેમેન્ટ : ફિંગરપ્રિન્ટ અને ફેસ ID વડે ₹5000 સુધીની ચુકવણી કરી શકાશે

**મુંબઈ, તા.21**

ડિજિટલ પેમેન્ટ જાયન્ટ ફોન-પે (PhonePe) એ તેના યુઝર્સ માટે એક ખાસ ફીચર લોન્ચ કર્યું છે. હવે યુપીઆઈ (UPI) ટ્રાન્ઝેક્શન કરવા માટે વારંવાર 4 કે 6 અંકનો પિન (PIN) દાખલ કરવાની જરૂર નહીં પડે. યુઝર્સ તેમના સ્માર્ટફોનના બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન એટલે કે ફિંગરપ્રિન્ટ અથવા ફેસ આઈડીનો ઉપયોગ કરીને સીધા જ ચુકવણી કરી શકશે.

ફોન-પે એ જણાવ્યું કે આ ફીચરનો હેતુ પેમેન્ટને પહેલા કરતા વધુ સુરક્ષિત અને સરળ બનાવવાનો છે. હાલમાં આ સુવિધા એન્ડ્રોઈડ યુઝર્સ માટે શરૂ કરવામાં આવી છે, જેને ટૂંક સમયમાં આઈફોન (iOS) યુઝર્સ માટે પણ રોલઆઉટ કરવામાં આવશે.




'શોલ્ડર સર્ફિંગ'થી છુટકારો મળશે, ભીડમાં પણ પિન સુરક્ષિત રહેશે ફોન-પે અનુસાર, ઘણીવાર ભીડવાળી જગ્યાઓ પર પેમેન્ટ કરતી વખતે 'શોલ્ડર સર્ફિંગ' (પાછળથી કોઈનો પિન જોઈ લેવો) નો ખતરો રહેતો હતો. બાયોમેટ્રિક ઓથેન્ટિકેશનથી આ જોખમ સંપૂર્ણપણે સમાપ્ત થઈ જશે. આ ઉપરાંત, ઘણીવાર યુઝર્સ પોતાનો યુપીઆઈ પિન ભૂલી જાય છે અથવા ખોટો ટાઈપ કરી દે છે, જેના કારણે ટ્રાન્ઝેક્શન નિષ્ફળ જાય છે.

5,000 સુધીની મર્યાદા, તેનાથી વધુ પર પિનની જરૂર પડશે કંપનીએ આ 'વન-ટચ' પેમેન્ટ મેથડ માટે એક મર્યાદા નક્કી કરી છે. યુઝર્સ બાયોમેટ્રિક દ્વારા 5,000 સુધીના ટ્રાન્ઝેક્શન કરી શકશે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને, જો ચુકવણીની રકમ 5,000 થી વધુ હોય, તો સિસ્ટમ પહેલાની જેમ જ UPI પિન માંગશે.

# દિલ્હીમાં કારની ટક્કરથી ડિલિવરી બોયનું મોત : દાવો- ડ્રાઈવર નશાની હાલતમાં હતો; શકરપુર વિસ્તારમાં કારની ટક્કરથી 3 ઘાયલ

**મુંબઈ, તા.21**

દિલ્હીમાં શુક્રવારે મોડી રાત્રે ફુલ સ્પીડમાં આવતી કારની ટક્કરથી એક ડિલિવરી બોયનું મોત થયું. આ અકસ્માત રાત્રે 3.26 વાગ્યે સુભાષ નગર મેટ્રો રેડ લાઈટ પાસે રાજૌરી ગાર્ડન તરફ જતા રોડ પર થયો. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટનામાં હેમ શંકર (25)નું મોત થયું છે. તે રઘુબીર નગરનો રહેવાસી હતો. હેમ શંકર ઝેપ્ટોમાં કામ કરતો હતો. ટક્કરથી તેની ઈલેક્ટ્રિક સ્કૂટી સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ. પોલીસે જણાવ્યું કે ઘટના બાદ હેમ શંકરને ડીડીયુ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, પરંતુ ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો. આરોપી કાર ડ્રાઈવર મોહિત



કુમાર (27)ની ધરપકડ કરવામાં આવી છે. કાર પણ જપ્ત કરવામાં આવી છે. 20 ફેબ્રુઆરીએ પણ કાર ડ્રાઈવરે શકરપુર વિસ્તારમાં રોડ કિનારે ઉભેલી 5 લારીઓને ટક્કર મારી હતી. આ ઘટનામાં પણ 3 લોકો ઘાયલ થયા હતા. કાળા રંગની ક્ષતિગ્રસ્ત કાર. જેની ટક્કરથી ડિલિવરી બોયનું મૃત્યુ થયું. કાળા રંગની ક્ષતિગ્રસ્ત કાર. જેની ટક્કરથી ડિલિવરી બોયનું મૃત્યુ થયું. જનકપુરી વિસ્તારમાં સ્પીડમાં આવતી સેન્ટ્રો કારની ટક્કરથી 6 વર્ષની બાળકીનું મોત થયું હતું. ઘટના 17 ફેબ્રુઆરીની સવારે લગભગ 7.40 વાગ્યાની છે. આ ઘટનામાં બાળકીની નાની મર્સી ઝેવિયર પણ ગંભીર રીતે ઘાયલ થઈ હતી. તેમણે જણાવ્યું હતું કે હું મારી પૌત્રીને ઈ-રિક્ષાથી સ્કૂલે મૂકવા જઈ રહી હતી. ત્યારે જ એક સ્પીડમાં આવતી કારે અમારી રિક્ષાને ટક્કર મારી. મને કંઈ સમજાય તે પહેલાં હું રસ્તા પર પડી ગઈ. જ્યારે ભાન આવ્યું ત્યારે મારી પૌત્રી મારી પાસે પડી હતી. મારો હાથ લોહીથી લથપથ હતો. ઝેવિયરે જણાવ્યું કે મેં ત્યાં હાજર લોકો પાસેથી મદદ માંગી, કારવાળાને મદદ કરવાનું કહ્યું, પરંતુ તે ભાગી ગયો. મારી કોઈએ મદદ ન કરી. સારવાર દરમિયાન બાળકીનું મૃત્યુ થયું.

# ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ- શેરબજારમાં સાવધાનીપૂર્વક ખરીદીનો માહોલ

**મુંબઈ, તા.21**

ભારતીય શેરબજારમાં આજે સપ્તાહના અંતિમ કારોબારી દિવસે મજબૂત ઉછાળો જોવા મળ્યો અને મુખ્ય સૂચકાંકો તેજી સાથે બંધ રહ્યા. વૈશ્વિક બજારોમાંથી મળેલા સકારાત્મક સંકેતો, યુએસ બોન્ડ યીલ્ડમાં સ્થિરતા અને હેવીવેઈટ શેરોમાં મજબૂત ખરીદીના કારણે રોકાણકારોમાં આત્મવિશ્વાસ વધ્યો. દિવસ દરમિયાન દરેક ડિપ પર ખરીદી આવતાં ઈન્ડેક્સો ઉપરની દિશામાં આગળ વધતા રહ્યા. રિટેલ તેમજ ડોમેસ્ટિક સંસ્થાકીય રોકાણકારોની સક્રિય ખરીદી અને FII તરફથી મર્યાદિત શોર્ટ કવરિંગનો પણ આધાર મળ્યો.

મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં પણ તેજી નોંધાઈ. એડવાન્સ-ડિકલાઈન રેશિયો 2:1 રહ્યો, એટલે વધારા વાળા શેરોની સંખ્યા વધુ રહી. સેક્ટરલ દૃષ્ટિએ બેન્કિંગ, આઈટી અને કેપિટલ ગુડ્સ સેક્ટરમાં મજબૂત ખરીદી જોવા મળી. ખાસ કરીને એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા જેવા બેન્કિંગ શેરોમાં નોંધપાત્ર તેજી રહી. આઈટી સેક્ટરમાં વૈશ્વિક માંગ સ્થિર રહેવાના સંકેતોને કારણે ખરીદી વધી, જ્યારે ઓટો અને રિયલ એસ્ટેટ શેરોમાં પણ સકારાત્મક વલણ રહ્યું.

બીએસઈ સેન્સેક્સ : બીએસઈ સેન્સેક્સ 82272 પર મજબૂત ખુલ્યા બાદ ઝડપથી 82206 સુધી લપસ્યો. દિવસ દરમિયાન આશરે 926 પોઈન્ટની રેન્જમાં ટ્રેડ થઈ અંતે 316 પોઈન્ટના ઉછાળા સાથે 82814 નજીક બંધ રહ્યો.

નિફ્ટી ફ્યુચર : નિફ્ટી ફ્યુચર 25446 પર ખુલ્યા બાદ સતત વેચવાલીના દબાણમાં 25389 સુધી સરક્યો. આશરે 299 પોઈન્ટની મૂવમેન્ટ બાદ 138 પોઈન્ટના ઉછાળા સાથે 25584 આસપાસ બંધ રહ્યો.

વૈશ્વિક સ્તરે અસર કરતા પરિબળો :

અમેરિકન બજારોમાં રિકવરી :- ફેડરલ રિઝર્વ તરફથી વ્યાજદર અંગે નરમ અભિગમના સંકેતો બાદ અમેરિકન ઈન્ડેક્સમાં સુધારો.

ડોલર ઈન્ડેક્સમાં નરમાઈ :- ડોલર નબળો પડતાં ઉદયમાન બજારોમાં મૂડીપ્રવાહ વધવાની આશા.


## પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ

**ઓએચઈ સુધારણા અને ટીઆરડી કાર્ય.**

**ઈ-ટેંડર સૂચના નં. Sr.DEE/TR/ADI/34(2025-26) તારીખ 20.02.2026**

| ક્ર. સં | ઈ-ટેન્ડર નંબર | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | EMD રકમ (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | TRD-ADI-T-19R-2025-26 | અમદાવાદ–વીરમગામ સેક્શનમાં 2 અને 4 લેન આરઓબી ના સ્થાને એલસી ને નાબૂદ કરવા સંબંધિત ઓએચઈ સુધારણા કાર્ય. | ₹1,08,04,063,60 | ₹2,04,000/- |
| 2 | TRD-ADI-T-23-2025-26 | અમદાવાદ ડિવિઝનમાં ગેરતપુર–પાલનપુર અને અમદાવાદ–વીરમગામ સેક્શનમાં વિવિધ સ્થળોએ એન્જિનિયરિંગ કાર્યોના સંબંધિત ટીઆરડી કાર્ય. | ₹43,76,100/- | ₹87,500/- |

**ટેંડર ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય :** 20.03.2026 ને રોજ 15:00 વાગ્યા સુધી. **ટેંડર ફોર્મ ખોલવાની તારીખ અને સમય:** 20.03.2026 ને રોજ 15:30 વાગ્યે. **ઓફિસનું સરનામું :** સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, જીસીએસ હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345 **વેબસાઈટ સરનામું:** www.ireps.gov.in

ADI 281

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# 'યુવાનોના ભવિષ્ય સાથે રાજકારણ ન કરવું જોઈએ':AI સમિટ મુદ્દે કોંગ્રેસના વિરોધ પર મુખ્યમંત્રીનો પ્રહાર, કહ્યું- યુવાનોને નવી દિશા અને અનંત તકો આપતી ઐતિહાસિક પહેલ

**ગાંધીનગર, તા.21**

AI ઈમ્પેક્ટ સમિટ મુદ્દે કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શન અંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કડક પ્રતિક્રિયા આપી છે. તેમણે જણાવ્યું હતું કે, દેશના વિકાસ અને યુવાશક્તિના ઉજ્જવળ ભવિષ્ય સાથે રાજકારણ કરવું યોગ્ય નથી.



AI સમિટ દેશના યુવાનો માટે નવી દિશા અને અનંત તકો

મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૃઢ નેતૃત્વ હેઠળ ભારત ટેક્નોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે પોતાની મજબૂત ઓળખ બનાવી રહ્યું છે. AI સમિટ માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ દેશના યુવાનોને નવી દિશા અને અનંત તકો આપતી ઐતિહાસિક પહેલ છે. તેમણે ઉમેર્યું કે, સ્ટાર્ટઅપ્સ, ઈમર્જિંગ ટેક્નોલોજી અને નવીનતાના ક્ષેત્રોમાં ભારત ઝડપથી આગળ વધી રહ્યું છે. આવી ઐતિહાસિક પહેલનો વિરોધ કરવો એ દેશના હિતો સામે જવું સમાન છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૃઢ નેતૃત્વ હેઠળ ભારત ટેક્નોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે પોતાની મજબૂત ઓળખ બનાવી રહ્યું છે. AI સમિટ માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ દેશના યુવાનોને નવી દિશા અને અનંત તકો આપતી ઐતિહાસિક પહેલ છે. તેમણે ઉમેર્યું કે, સ્ટાર્ટઅપ્સ, ઈમર્જિંગ ટેક્નોલોજી અને નવીનતાના ક્ષેત્રોમાં ભારત ઝડપથી આગળ વધી રહ્યું છે. આવી ઐતિહાસિક પહેલનો વિરોધ કરવો એ દેશના હિતો સામે જવું સમાન છે.

ભ્રમ ફેલાવવાનો પ્રયત્ન કરવો રાજકીય અસ્થિરતાનું પ્રતીક

મુખ્યમંત્રીએ કોંગ્રેસને સંબોધતા કહ્યું કે, જ્યારે જ્યારે ભારત વિશ્વમંચ પર ગૌરવ અનુભવે છે, ત્યારે કેટલાક લોકો તેના વિરોધમાં ઊભા રહે છે, જે દુર્ભાગ્યપૂર્ણ છે. ગુજરાત સહિત સમગ્ર દેશની યુવાશક્તિ માટે આ સમિટ નવી આશાઓનો દ્વાર ખોલે છે. આવા સમયે ભ્રમ ફેલાવવાનો પ્રયત્ન કરવો રાજકીય અસ્થિરતાનું પ્રતીક છે.

રાજકીય માહોલમાં આ મુદ્દે ગરમાવો જોવા મળી રહ્યો છે, પરંતુ ભાજપ તરફથી સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે દેશના વિકાસ અને ટેક્નોલોજી ક્ષેત્રની પ્રગતિમાં કોઈ અવરોધ સહન નહીં કરવામાં આવે. મુખ્યમંત્રીએ કોંગ્રેસને સંબોધતા કહ્યું કે, જ્યારે જ્યારે ભારત વિશ્વમંચ પર ગૌરવ અનુભવે છે, ત્યારે કેટલાક લોકો તેના વિરોધમાં ઊભા રહે છે, જે દુર્ભાગ્યપૂર્ણ છે. ગુજરાત સહિત સમગ્ર દેશની યુવાશક્તિ માટે આ સમિટ નવી આશાઓનો દ્વાર ખોલે છે. આવા સમયે ભ્રમ ફેલાવવાનો પ્રયત્ન કરવો રાજકીય અસ્થિરતાનું પ્રતીક છે. રાજકીય માહોલમાં આ મુદ્દે ગરમાવો જોવા મળી રહ્યો છે, પરંતુ ભાજપ તરફથી સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે દેશના વિકાસ અને ટેક્નોલોજી ક્ષેત્રની પ્રગતિમાં કોઈ અવરોધ સહન નહીં કરવામાં આવે.

# ગાંધીનગરના સ્પેશિયલ હોમમાંથી બાળક ગુમ : સેક્ટર-28ની મૂકબધિર સંસ્થામાંથી મધરાત્રે દીવાલ કૂદીને નાસી જતા સંચાલકો દોડતા થયા, અપહરણની ફરિયાદ

**ગાંધીનગર, તા.21**

ગાંધીનગરના સેક્ટર-28માં આવેલી સમર્પણ મૂકબધિર શિશુ વિદ્યામંદિરમાંથી એક 13 વર્ષીય મૂકબધિર બાળક રહસ્યમય સંજોગોમાં ગુમ થતા ચકચાર મચી ગઈ છે. અગાઉ પોલીસને બિનવારસી હાલતમાં મળી આવેલો આ બાળક સંસ્થાના વાલીપણામાંથી કોઈને કહ્યા વગર રાત્રિના સમયે નીકળી જતા સેક્ટર-21 પોલીસે બાળકના અપહરણનો ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

આ અંગેના સંસ્થાના ગૃહપતિ હિતેશભાઈ નિનામાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, આશરે 13 વર્ષીય આ બાળક મૂળભૂત રીતે બિનવારસી હતો, જેને સેક્ટર-7 પોલીસે શોધી કાઢ્યા બાદ ચિલ્ડ્રન હોમમાં રાખવામાં આવ્યો હતો. જોકે બાળક મૂકબધિર હોવાથી તેના વિકાસ માટે ગત નવેમ્બર માસમાં સેક્ટર-28ની સંસ્થામાં મોકલવામાં આવ્યો હતો.

નાસ્તા સમયે બાળક ગેરહાજર જણાતા સંસ્થામાં દોડધામ

દરમિયાન ગત તા. 6 ફેબ્રુઆરીના રોજ સવારે નાસ્તા સમયે બાળક ગેરહાજર જણાતા સંસ્થામાં દોડધામ મચી હતી. ત્યારે સીસીટીવી ફૂટેજ ચેક કરતા જાણવા મળ્યું હતું કે, તા. 5 ફેબ્રુઆરીના રોજ રાત્રે 11:30 વાગ્યે તે કોઈને જાણ કર્યા વગર સંસ્થામાંથી બહાર નીકળી રહ્યો હતો.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, બાળક છેલ્લા કેટલાક સમયથી અસામાન્ય વર્તન કરી રહ્યો હતો. તે રાત્રે અન્ય બાળકો પર હુમલો કરવો, આક્રમક થઈ જવું અને પાગલપન જેવી હરકતો કરતો હતો. આ અગાઉ પણ તે બે વખત સંસ્થામાંથી ભાગી ગયો હતો, પરંતુ ત્યારે તેને શોધી લેવામાં આવ્યો હતો. આ બાબતે સંસ્થા દ્વારા ગત જાન્યુઆરીમાં સરકારી બાળ સંભાળ ગૃહને લેખિત જાણ કરી બાળકની અન્યત્ર વ્યવસ્થા કરવા વિનંતી પણ કરવામાં આવી હતી.

આ બાળક ગુમ થયા બાદ સંસ્થાના સ્ટાફે રેલવે સ્ટેશન, બસ સ્ટેશન અને આજુબાજુના વિસ્તારોમાં સઘન તપાસ કરી હતી, પરંતુ કોઈ પત્તો મળ્યો નહોતો. અંતે કાયદેસરની ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે આસપાસના જિલ્લાઓની સંસ્થાઓ અને પોલીસ મથકોને બાળકના ફોટા સાથે જાણ કરી છે. જો કોઈને આ વર્ણન ધરાવતો બાળક મળી આવે તો તુરંત નજીકના પોલીસ સ્ટેશન અથવા સંસ્થાનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે.

# ઊંઝા-મહેસાણા રોડ પર ડિવાઈડર સાથે અથડાઈ ઈકો : અમદાવાદના બે પરિવારના કુલ 5 સભ્યનાં મોત

**મહેસાણા, તા.21**

ઉત્તર ગુજરાતમાં હાઈવે પર અકસ્માતોનો સિલસિલો યથાવત્ છે. આજે (21 ફેબ્રુઆરી) વહેલી સવારે ઊંઝા-મહેસાણા હાઈવે પર ઉનાવા પાસે હોટલ કોમફી સામે એક કાળજું ધ્રુજાવી દેનારી ઘટના સામે આવી છે. રાજસ્થાનમાં લગ્નપ્રસંગ પતાવી અમદાવાદ પરત ફરી રહેલા કુમાવત પરિવારની ઈકો ગાડીને અકસ્માત નડતાં બે પરિવારના 5 સભ્યનાં કમકમાટીભર્યાં મોત નીપજ્યાં છે. આ અકસ્માતમાં 2 પુરુષ, 1 સ્ત્રી અને 1 નિર્દોષ બાળક સહિત કુલ 4 લોકોનાં ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરુ ઊડી ગયાં હતાં, જ્યારે મહેસાણા સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મંથરાદેવીનું મોત થતાં મૃત્યુઆંક 5 થયો છે. જ્યારે ગાડીના ચાલકને સહિત પાંચ લોકોને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, મૂળ રાજસ્થાનના ભાવનગર પાલીનો વતની અને હાલ અમદાવાદમાં રહેતો પરિવાર રાજસ્થાનમાં લગ્નપ્રસંગમાં હાજરી આપીને ઈકો ગાડીમાં પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન ઊંઝા-મહેસાણા હાઈવે પર ઉનાવા પાસે ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં ગાડી ધડાકાભેર ડિવાઈડર સાથે અથડાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ગાડીનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ ઉનાવા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસના જણાવ્યા મુજબ, હાલમાં ચાર મૃતદેહને ઉનાવા સીએચસી ખાતે ખસેડવામાં આવ્યા છે. સબંધીઓ ઉનાવા સીએચસી ખાતે પહોંચ્યા છે. જે બાદ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. લગ્નની ખુશીઓમાં ગરકાવ પરિવારમાં આ અકસ્માતને પગલે માતમ છવાઈ ગયો છે. અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિકજામનાં દ્રશ્યો પણ સર્જાયાં હતાં.

# તિરંગા સાથે બિહારના બે યુવકો 20 રાજ્યોની સ્કેટિંગ યાત્રાએ:સફરનો પ્રારંભ ગુજરાતથી ને દરગાહ શરીફની ઝિયારત સાથે ફેલાવશે ભાઈચારાનો સંદેશ

**મહેસાણા, તા.21**

દેશમાં સાહસ અને ધાર્મિક એકતાના સંગમ સમાન એક અનોખી સ્કેટિંગ યાત્રાની શરૂઆત થઈ છે. બિહારના વતની શેખ તજમ્મુલ અને તેમના મિત્ર શેખ મુંઝાહિર ભારતનો રાષ્ટ્રધ્વજ ગર્વભેર લહેરાવીને દેશના કુલ 20 રાજ્યોમાં સ્કેટિંગ દ્વારા પ્રવાસ કરવા નીકળ્યા છે. આ યુવાનોએ પોતાની આ સાહસિક સફરનો પ્રારંભ ગુજરાતથી કર્યો છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય સમગ્ર ભારતની પ્રખ્યાત દરગાહ શરીફ પર જઈને ઝિયારત કરવાનો અને લોકોમાં ધાર્મિક એખલાસનો સંદેશ ફેલાવવાનો છે. શેખ તજમ્મુલએ જણાવ્યું હતું કે, જેઓ ધોરણ 8 સુધીનો અભ્યાસ ધરાવે છે અને ઘરેથી માત્ર ત્રણ ચાર હજાર રૂપિયા સાથે આ યાત્રા પર નીકળી ગયા છે. તેઓ પોતાના સાથીદાર સાથે દરરોજ 50 થી 90 કિલોમીટર જેટલું અંતર સ્કેટિંગ કરીને કાપે છે. અને 20 રાજ્ય ફરવામાં તેઓને આઠથી નવ મહિના જેટલો સમય લાગશે. રસ્તાની પરિસ્થિતિ મુજબ તેઓ પોતાની ગતિ જાળવી રાખે છે. આ લાંબી સફર માટે તેઓ પોતાની સાથે 8થી 15 કિલો વજનની બેગ પણ રાખે છે. જેમાં કપડાં અને અન્ય પ્રાથમિક જરૂરિયાતની ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. યાત્રા દરમિયાન આ યુવાનો રાત્રિના સમયે સુરક્ષિત સ્થળો જેવા કે પેટ્રોલ પંપ, દરગાહ, મદરેસા કે મસ્જિદમાં રોકાણ કરે છે. તેમની પાસે રહેલા કેમ્પની મદદથી તેઓ રાત્રિ વિશ્રામ કરીને ફરી બીજા દિવસે પોતાની મંજિલ તરફ આગળ વધે છે. આ યુવાનોની હિંમત અને શ્રદ્ધા આજના યુવા વર્ગ માટે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે કે જો મનમાં દ્રઢ મનોબળ હોય તો કોઈપણ મુશ્કેલ લક્ષ્ય મેળવી શકાય છે. તિરંગા સાથેની તેમની આ સફર લોકોમાં આકર્ષણ અને પ્રશંસાનું કેન્દ્ર બની છે. યાત્રા દરમિયાન આ યુવાનો રાત્રિના સમયે સુરક્ષિત સ્થળો જેવા કે પેટ્રોલ પંપ, દરગાહ, મદરેસા કે મસ્જિદમાં રોકાણ કરે છે. તેમની પાસે રહેલા કેમ્પની મદદથી તેઓ રાત્રિ વિશ્રામ કરીને ફરી બીજા દિવસે પોતાની મંજિલ તરફ આગળ વધે છે. આ યુવાનોની હિંમત અને શ્રદ્ધા આજના યુવા વર્ગ માટે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે કે જો મનમાં દ્રઢ મનોબળ હોય તો કોઈપણ મુશ્કેલ લક્ષ્ય મેળવી શકાય છે. તિરંગા સાથેની તેમની આ સફર લોકોમાં આકર્ષણ અને પ્રશંસાનું કેન્દ્ર બની છે.



# લગ્ન નોંધણી પ્રક્રિયામાં સુધારા કરવા ગેઝેટમાં ડ્રાફ્ટ નોટિફિકેશન જાહેર

**ગાંધીનગર, તા.21**

ગુજરાત સરકારે Gujarat Registration of Marriages Act, 2006 હેઠળ લગ્ન નોંધણી પ્રક્રિયામાં મહત્વપૂર્ણ સુધારા કરવા માટે ગેઝેટમાં ડ્રાફ્ટ નોટિફિકેશન જાહેર કર્યું છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા આ પ્રસ્તાવ મુજબ હવે લગ્ન નોંધણી વધુ કડક અને પારદર્શક બનાવાશે. સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી આ સૂચનાના આધારે 30 દિવસ સુધી જનતા તરફથી વાંધા-સૂચનો માંગવામાં આવ્યા છે.

સુધારાઓ મુજબ હવે લગ્ન નોંધણી માટેનો મેમોરેન્ડમ સંબંધિત આસિસ્ટન્ટ રજિસ્ટ્રારને જમા કરાવવો પડશે અને તેની સાથે નક્કી કરાયેલ ફોર્મ તથા ફી ફરજિયાત રહેશે. વર-વધુની સહી સાથે બે સાક્ષીઓની સહી જરૂરી રહેશે.

જરૂરી દસ્તાવેજોમાં વધારો

વર-વધુના ફોટો ઓળખપત્રની નકલ (આધાર, ડ્રાઈવિંગ લાઈસન્સ, પાસપોર્ટ વગેરે)

વર, વધુ અને સાક્ષીઓના આધાર કાર્ડ

જન્મ પ્રમાણપત્ર અથવા સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ

લગ્નનું આમંત્રણ કાર્ડ (હોય તો)

વર-વધુનો અલગ-અલગ પાસપોર્ટ સાઈઝનો ફોટો

લગ્ન સમયે લીધેલી એક સંયુક્ત તસવીર

માતા-પિતાની વિગતો ફરજિયાત

સુધારા મુજબ હવે વર અને વધુ બંનેએ તેમના માતા-પિતાની સંપૂર્ણ માહિતી આપવી પડશે, જેમાં આધાર કાર્ડ (હોય તો), પૂરું નામ, રહેઠાણનું સરનામું અને મોબાઈલ નંબર સામેલ રહેશે.

10 દિવસમાં માતા-પિતાને જાણ

સૌથી મહત્વપૂર્ણ ફેરફાર એ છે કે આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર દ્વારા મેમોરેન્ડમ પૂર્ણ હોવાની ખાતરી થયા બાદ 10 દિવસની અંદર વર-વધુના માતા-પિતાને સ્પીડ પોસ્ટ અથવા અન્ય માધ્યમથી લગ્ન અંગે જાણ કરવામાં આવશે.

# ગાંધીનગરના ખેતરો પર 'AI'ની નજર : પાકનો સર્વે રોબોટિક કોલ અને મેસેજથી વેરિફાય, સર્વેયરના ડેટા પર હવે એઆઈનું ઓડિટ થશે

## જિલ્લાના તમામ ખેડૂતોને આ આધુનિક પહેલમાં સક્રિય સહયોગ આપવા માટે વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે

**ગાંધીનગર, તા.21**

ખેતીવાડી ક્ષેત્રે ટેકનોલોજીનો વ્યાપ વધારવા માટે ગાંધીનગર જિલ્લામાં હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો પ્રવેશ થયો છે. ભારત સરકારની એગ્રીસ્ટેક યોજના અંતર્ગત ખેડૂતોએ વાવેલા પાકની વિગતોની ચોકસાઈ તપાસવા માટે હવે AI BOT એટલે કે રોબોટિક સિસ્ટમ દ્વારા ડેટા વેરિફિકેશન કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ માટે ખેડૂતોને ઓટોમેટેડ વોઈસ કોલ અથવા વોટ્સએપ મેસેજ દ્વારા સંપર્ક કરી પાકની વિગતોની ખરાઈ કરવામાં આવશે.

માહિતીની ભૂલ ચકાસવા AI બોટનો સહારો

ગાંધીનગર જિલ્લાના ખેડૂતો માટે ખેતીમાં ટેકનોલોજીના નવા યુગની શરૂઆત થઈ રહી છે. રવિ ઋતુ દરમિયાન જિલ્લામાં સર્વેયરો દ્વારા ખેતરોની રૂબરૂ મુલાકાત લઈને મોબાઈલ એપ્લિકેશન મારફતે પાકના જીઓ-ટેગિંગ લોકેશન સાથેના ફોટા અને વિગતો રેકોર્ડ કરવામાં આવી હતી. આ માહિતીમાં કોઈ ભૂલ નથી તે નિશ્ચિત કરવા માટે સરકાર હવે AI બોટનો સહારો લઈ રહી છે.

પાકનો સર્વે રોબોટિક કોલ અને મેસેજથી વેરિફાય થશે

જે ખેડૂતોના ડિજિટલ ક્રોપ સર્વે પૂર્ણ થઈ ગયા છે તેમને સિસ્ટમ દ્વારા કોલ કરવામાં આવશે અને પૂછવામાં આવશે કે શું સર્વેમાં નોંધાયેલ પાક સાચો છે. આ અંગે ગાંધીનગર જિલ્લાના નાયબ ખેતી નિયામક દ્વારા ખેડૂતોને અપીલ કરવામાં આવી છે કે જ્યારે પણ તેમને AI બોટ દ્વારા કોલ કે મેસેજ આવે ત્યારે તેઓ પોતાના ખેતર અને પાકની સાચી અને સચોટ માહિતી આપે.જે ખેડૂતોના



ડિજિટલ ક્રોપ સર્વે પૂર્ણ થઈ ગયા છે તેમને સિસ્ટમ દ્વારા કોલ કરવામાં આવશે અને પૂછવામાં આવશે કે શું સર્વેમાં નોંધાયેલ પાક સાચો છે. આ અંગે ગાંધીનગર જિલ્લાના નાયબ ખેતી નિયામક દ્વારા ખેડૂતોને અપીલ કરવામાં આવી છે કે જ્યારે પણ તેમને AI બોટ દ્વારા કોલ કે મેસેજ આવે ત્યારે તેઓ પોતાના ખેતર અને પાકની સાચી અને સચોટ માહિતી આપે.

યોજનાઓના લાભ માટે પણ ડેટા સચોટ રહેશે

આ પ્રક્રિયા સંપૂર્ણપણે સરકારી છે અને તેનો હેતુ ખેતીના ડેટાને વધુ પારદર્શક બનાવવાનો છે. ખેડૂતોને કોઈ પણ પ્રકારની અફવાઓ કે ગેરમાર્ગે દોરનારી વાતોમાં ન આવવા સલાહ આપવામાં આવી છે. આ ડિજિટલ પહેલનો મુખ્ય ફાયદો એ થશે કે ભવિષ્યમાં જ્યારે પાક વીમો, સહાય કે અન્ય સરકારી યોજનાઓના લાભ આપવાના હોય ત્યારે સરકાર પાસે સચોટ ડેટા ઉપલબ્ધ હશે.

કચેરીઓના ધક્કા ખાવા પડશે નહીં

આથી ખેડૂતોને વારંવાર કચેરીઓના ધક્કા ખાવા પડશે નહીં અને સહાયની પ્રક્રિયા અત્યંત ઝડપી બનશે. જિલ્લાના તમામ ખેડૂતોને આ આધુનિક પહેલમાં સક્રિય સહયોગ આપવા માટે વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જાનકી ટ્રેડર્સ
Finolex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPuccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર